પહેલી પ્રત — ૧૯૦૯.

રહીમ

અને

મેહરૂન્નીસા.

કિંમત — ચાર આના.

સલીમ

અને

મેહરૂન્નીસા.

ધી "અમરસિંહજી" પ્રિન્ટીંગ પ્રેસ, અમદાવાદ.

કીંમત, આઠ આના.

પ્રગટકર્ત્તા,

પઠાણ નીઝામખાન નુરખાન વકીલ.

:અમદાવાદ:
પોલિટિકલ ભોમીઓ,
અને
ધી "અમરસિંહજી" પ્રિન્ટીંગ પ્રેસ.
મસ્કતી મારકીટ.

અર્પણપત્રિકા.

હું

મ્હારી

આ નાહની

વાર્તાને મ્હ[illegible]

મસીઆઇ ભાઇ તથા

સાચા સ્નેહી, મુનશી

રઝાઉલહક. ઝેડ. અબ્બાસી

ને તેમના મારા તરફના પ્રેમ

ની અદના નિશાની તરીકે

અર્પણ કરતાં

અતિ આનંદ

માનું

છું.

નિઝામી.

શરૂઆતના બે બોલ.

સલીમ અને મહેરૂન્નીસાની પ્રેમકથા હિંદના ઇતિહાસમાં એક પ્રખ્યાત થએલી બાબત હોવાથી ઇતિહાસના અભ્યાસીઓ તેને સારી પેઠે જાણતા હશે પરંતુ જે લોકો ઇતિહાસથી અજ્ઞાન રહેવા પામ્યા છે તેઓના માટે મારી આ નાહની વાર્તા આવકારદાયક થઈ પડશે. એક ઇતિહાસના બનાવને વાર્તાના રૂપમાં રજુ કરતાં જે ફેરફારની જરૂરત રહેછે તેવાજ ફેરફારની મને પણ જરૂરત પડતાં આ વાર્તાના ઇતિહાસિક બનાવમાં જરૂરજોગો ફેરફાર કર્યો છે. વળી આ વાર્તા બીજી કોમો કરતાં મુખ્ય કરી ઇસલામીઓમાં ઉત્સાહની સાથે વંચાય તેટલા માટે તેમાં ઉર્દુ ફારશી અશઆરનો સારી પેઠે સમાવેશ કરી ભાષા પણ ઉર્દુ આમેઝ લખવાની કાળજી રાખી છે. આશા છે કે મારી આજ સુધી પ્રગટ થએલી વાર્તાઓની પેઠે આ વાર્તા પણ આનંદની સાથે વંચાશે.

આ વાર્તાને ઇતિહાસ ઉપરથી ઉપજાવી કાઢવામાં મને મારા વ્હાલા મિત્રો મી. રાસ્તગો. મુનશી અમીરૂદ્દીન ગરીબ હકીમ તથા મી. નિઝામખાન નુરખાન વકીલ તરફથી જે મદદ મળી છે તેનો આ તકે ખાસ આભાર માનુંછું.

પાંચપટી અમદાવાદ.	}	લી.
તા. ૧૬-૪-૧૦.	}	નિઝામી.

સલીમ

— અને —

મેહેરૂન્નીસા.

બાબ પહેલો.

લગન્ન જીસે સે તાબ અબ અય નાઝની નહીં,
હય હય ખુદા કે વાસ્તે મત કર નહીં નહીં.

"સરકાર! મેં કાંઇ જાણી જોઇને કબુતરો ઉડાવ્યાં નથી" ધડકતા જીગરે સલીમ ઉરફે જહાંગીરના મનની માલેક બનનારી મેહરૂનનીસાબેગમ ઉરફે નુરજહાં 'મીનાબાઝાર' માં સલીમે સોંપેલા કબુતર ઉડી જવાથી બોલી.

"ચાલો કંઇ નહીં, તમારા મનહરણ ચેહરા ઉપર કુરબાન કર્યાં" મેહરૂનનીસાની મદભરી આંખો અને ચંદ્ર મીસાલ ચેહરાની મનમાં ને મનમાં તારીફ કરતાં સલીમ બોલ્યો.

"હાય હાય! કબુતરોના ઉડી જતાંજ મારા પેટમાં તો એટલી મોટી ફાળ પડી કે ન પુછો વાત!" મેહરૂનનીસાએ બોળપણમાં કહ્યું "હું તો સમજી કે હવે કોણ જાણે સાહેબ આલમ શું કહેશે?" સલીમ મોહબ્બતની

નજરે મેહરૂન્નીસા તરફ ટીકતાં ઝીણી હાય ખેંચી બોલ્યો "તે બીચારો પોતેજ તારા નયનબાણુનો ઘાયલ થયો છે તો ફરી શું કહે? તેનું મનરૂપી પંખી તો તારી મોહબ્બતની જાળમાં ક્યારનુંએ સપડાઈ ચુક્યું છે અને વ્હાલી મેહરૂન્નીસા! ભલા તે કેમ ન સપડાય? જ્યારે

ખાલે મિશકીં ભી હો ઔર ઝુલ્ફે સિયહ ફામભી હો
મુર્ગે દિલ ક્યોં ન ફસે દાના ભી હો દામ ભી હો"

"હુઝુર! હુઝુર! આવી વાતો આપને ન શોભે" સલીમને પોતાનો હાથ પકડતાં જોઇ અજબ થતાં ઘભરાઇને મેહરૂન્નીસાએ કહ્યું "આવી વાતો કોઇ સાંભળી લેં તો નકામી બદનામી થશે માટે"

"માટે વાટે કાંઈ નહી" પ્રેમાંધ સલીમ મેહરૂન્નીસાનો હાથ પકડતાં બોલ્યો. "કોની મજાલ કે તને બદનામ કરે"

"નહી નહીં મને આવી વાતો સારી નથી લાગતી" હાથ છોડવતા મેહરૂન્નીસા બોલી.

"સારી લાગે કે ન લાગે પણ

લગ જન ગલે સે તાબ અય અય નાઝની નહીં,
હય હય ખુદા કે વાસ્તે મતકર નહીં નહીં."

"હાય હવે શું કરૂં" મેહરૂન્નીસા લાચાર થઇ બોલી.
"મારી બાથમાં આવી જા" સલીમ બાથમાં લેતાં બોલ્યો
"નહીં હુઝુર ચુપ થઈ જાવ અને મને જવાદો જુઓ મને વાર થાય છે" પોતાનો હાથ મુકાવતાં આંખો ફેરવી મેહરૂન્નીસાએ કહ્યું.

"વ્હાલી મેહરૂન્નીસા!

ઝિંદગી - હી અદા સહી ચીંબર જબીં સહી
સબ કૂછ સહી પર એક નહીં કી નહીં સહી"

"જો મને આવી ખબર હોત તો હું કદીએ "મીના બાઝાર"માં ન આવત"

"તું તો નજ આવે પણ મારી મોહોબતની ખેંચાણ શકિત તને લાવ્યા વગર રહે કે?"

"પણ સરકાર! આમ હાથ પકડવાથી આપની મતલબ શી છે?"

"બસ એટલીજ કે બાથમાં આવી જા"

"એતો કદીએ ન થાય, જીવ જાય તો ભલે પણ આવું તો નહી બને".

"જો મહેર! તારા આશકને ન તડપાવ"

"સાહેબઆલમ! લગાર જીભને કાબુમાં રાખીને વાત કરો કેમકે;

ઇશ્ક કા હાલ બેસવા જાને
હમ બહુ બેટીયાં યે કયા જાને"

"વ્હાલી મેહેર! તું ગમે તે કહે પણ બળેલા જીગરના આશકોને વધારે બાળવા સારી વાત નથી.

લગ જાયગા તુમેં કીસી આશક કા કોસના
મરજાવગી જવાન અગર બદદોઆ લગી."

"ગમે તે કહો અને મરજીમાં આવે તેટલું કોસો, મારૂં શું બગડશે!"

"વ્હાલી બલા મારી શી તાકાત કે હું તને કોસું માત્ર મારી તો તુજ વ્હાલીને નમ્ર વિનંતી છે"

"વિનંતી કરવી હોય તો દુર ઉભા રહીને કરો"

"અલ્લાહ! અલ્લાહ! આવો રોફ" સલીમ લગાર હસીને બોલ્યો.

"હુઝુર રોફ નહી પણ હું બદનામીથી બહુજ બીહુ છું"

"મારી દાનત કાંઇ ખરાબ નથી કે તમોને બીહવાનું કારણ હોય"

"બદદાનત ન હોય તોપણ અમારા મઝહબમાં ના મેહેરમથી વાત કરવી તથા હસવું દુરસ્ત નથી"

"હું કાંઇ નામેહરમ નથી હું તો તારો શાહઝાદો છું"

"એ ખરી વાત છે પણ શાહઝાદા અને પાદશાહ તો પોતાની રઇયત ને દીકરા દીકરી સમાન ગણે છે.

"મેહરૂનનીસા ! લગાર વિચારીને બોલ, અને જો તો ખરી કે તારી આવી વાતોથી મને કેટલો બધો સદમો થઇ રહયો છે"

"હાય, હું અહીં શું કરવાને આવી" મેહરૂનનીસાએ હાથ મુકાવવાની કોશીશ કરતાં કહ્યું.

"મારૂં જીગર જીતવાને, મારા મનને પોતાનું બનાવવાને, મને પોતાને જીતવાને તું અહીં આવી, અને વ્હાલી આવી તો ભલે આવી લગાર મારી પાસે બેસી જા" સલીમ આજીજી કરતાં બોલ્યો.

"નહી હઝુર એમ નહીં બની શકે"

"તો ફરી હું કયામત સુધી પણ તારો હાથ નહીં મુકું"

"પણ શાહઝાદા સાહેબ આપ લગાર વિચાર તો કરો આપ શાહઝાદા અને હું આપની એક અદના લોંડી. ભલા ફરી સંજોગ બને તો કેવી રીતે ?"

"કોણ તું લોંડી ? છટ છટ, તું તો મારી માલેક છે, કેમકે મારી જીંદગીનો બધો આધાર તારાજ ઉપર છે.

બુલબુલકી ઝિંદગી ગુલો ગુલઝાર દેખના,
ઓર મેરી જીંદગી તેરા દીદાર દેખના."

"પણ હુઝુર એ બધી વાતો ફોગટ છે"

" હાય તું ગમે તે સમજ, પણ માત્ર થોડીવાર તું મારૂં દીલ રાજી કરી દે તો તેમાં તારૂં શું બગડી જશે

" પણ તે કેવી રીતે ! "

" બાથમાં આવી ને "

" એમ કે ? " મેહરૂન્નીસા બોલી.

ખિરવ ઇન દામ બર જાયે દિગર નેહ
કે ઉનકારા બુલંદસ્ત આશિયાંના

" ઠીક ત્યારે એમજ છે તો હું પણ નહીં જવા દઉં.

મેં કહાં સંગે દરે યારસે ટલ જાઉંગા
યે ન પત્થર હૈ પીસલના કે પીસલ જાઉંગા "

" આપ મારો હાથ મુકી દયો નહીં તો યાદ રાખો કે હું બુમો પાડીને મીના બાઝારમાં આવેલા બધા જણને અહીં બોલાવી ફજેતી કરીશ" મેહરૂનનીસાએ બીક બતાવી.

" ઠીક ! કાંઇ હરકત નહિં મારૂં શું બગડશે ? "

" સાહેબ મુકી દયો તમારૂં કાંઇ નહીં વળે "

" મહેર ! ખરેખર તારૂં દીલ પત્થરનુંજ છે "

" જે સમજો તે ખરૂં "

" જો પત્થરનુંજ તારૂં દીલ છે તો ફરી આ વાત પણ યાદ રાખજે કે—

કીટા ઝરાસા ઓર વો પત્થર મેં ઘર કરે
ઇનસાં વો કયા ન જો દિલે દિલબરમે ઘર કરે "

" ખરેખર આપે તો મને ભારે મુસીબતમાં ફસાવી દીધી પણ યાદ રાખો કે હું મારી વાતમાં લગારે ડગુ તેવી નથી

" ઠીક ત્યારે જો મારી આ અંગુઠી " સલીમે પોતાની આંગળીમાં પહેરેલી હીરાની અંગુઠી બતાવતાં કહ્યું " બસ તું લગાર વધુ હઠ પકડ પછી જો હું એને ચુસીને મારો

અંત લાવું છું કે નહીં ''

" અરરર આ શું ? " મહેરૂનનીસા ગભરાઇને બોલી " જો આપ મને મેળવવાજ ચાહતા હોવ તો મારા પીતાને નિકાહનો પેગામ મોકલો. કેમકે એ વિના આપ મને મેળવી શકશોજ નહીં, અને જો કદાચ કાંઇ બીજી મરજી હોય તો મોહું ધોઇ રાખજો. "

" હું પણ તને નિકાહ કરીનેજ મેળવવા માગું છું "

" તો ઠીક ત્યારે મુકી દો, તેઓ રાજી હશે તો મારી ના નથી. "

" પણ નિકાહ તો થશે ત્યારે થશે, આમ ઘડી મને તલ-પતો મુકીને ન જા. "

" ન જાઉં તો કયાં સુધી ઉભા રહું ? મને અહીં આવ્યાને ઘણીવાર થઇ છે માટે હવે તો જવા દયો, જુઓ મારો હાથ મચકાઇ જશે માટે મુકી દો "

" અલ્લાહ અલ્લાહ, આટલી બધી નાજુકી ! અને આટલી બધી બદ મીઝાજી ! સુબ્હાનલ્લાહ !

હમ અયસે હોગયે અલ્લાહો અકબર અય તેરી કુદરત
હમારા નામ સુનકર હાથ વો કાનોંપે, ધરતે હૈં.

" જુઓ શાહઝાદા સાહેબ મુકી દો. મારી અમ્માં આવી રહ્યાં છે "

સલીમે લગાર હાથ મુકયો કે તરતજ મહેરૂનનીસા છલાંગો ભરતી દુર જઇને ઉભી અને માત્ર એકજ સેકન્ડમાં હરણી મીસાલ બીજી સ્ત્રીઓમાં મળી ગઇ. જહાંગીર તેણીને જતી જોઇ આ બોલતો આભા જેવો ઉભોજ રહયો.

ગુલશન મેં દેખના હમા તન દાગ દાગ હૈ
તાઉસ દેખકર તેરી તર્ઝે ખિરામ કો

બાબ બીજો.

છેડ મત બાદે બહારી કે મેં યું નિગહતે ગુલ
ફાડ કર કપડે અભી ઘરસે નિકલ જાઉંગા

" હુઝુર ! સમી સાંજથી કેમ સુતા છો શું અત્યારથીજ ઉંઘ આવી ગઈ કે ? " સલીમ પોતાના દીવાનખાનામાં સમી સાંજથી સુઈ રહેલો હોવાથી તેના ખાસ સોબતી મીરઝા મેહમુદે પુછયું.

" જાવ અમને ન સતાઓ " સલીમે મોહડા ઉપર શાલ ઓઢતાં જવાબ આપ્યો.

" સરકાર ! દુશમનોની તબીયત કાંઈ નાસાઝ છે કે? "

" હા ! અમારી તબીયત નાસાઝ છે. અને તેનો ઇલાજ છેજ નહીં ":

" સાહેબ આલમ ! એવી તે કઇ બીમારી છે કે જેનો ઇલાજજ નથી. "

" હા હા નથી "

" સાહેબ આલમ ! આપનો એકે ભેદ મારી પાસે છાનો રહયો નથી, માટે સાફ સાફ કહો કે બીમારીની કાંઈ સમજ પડે.

" મીરઝા ! ન પુછો " સલીમે લગાર હુશીયાર થઇને કહ્યું.

અઝ સરે બાલીને મન બરખીઝ અય નાદાં તબીબ
દર્દમન્દે ઇસ્કરા દારૂ બજુઝ દીદાર નીસ્ત "

" વાહ આ કેવી વાતો, જાણ્યામાં આજે કોઈ નવી સુર્તી જોએલી છે. પણ સાહેબ, આવી રીતે સ્ત્રીઓની પેઠે ઉંધા મસ્તકે પડી રહેવું આપને શોભતું નથી અને જો

ખરેખર કોઈ મનહર મુર્તીનાં દર્શન થયાંજ છે તો તેમાં વળી આવી રીતે ખટપટી લઈને પડી રહેવાનું કારણ શું? આપ ક્યાં નાહના બાળક છો? આવી મુર્તીઓ તો આપના લીસ્ટમાં હજારોની સંખ્યા ઉપર પોંહચી ચુકી છે. માટે આજે આ નવો વેષ કેવો? જાણવામાં આપે કોઈ નવી બાજી રચેલી છે?" મીરઝા મેહમુદ જે સલીમની બધી વાતોથી તથા ચાલચલણથી પુરેપુરો વાકેફ હતો તે બોલ્યો.

" નહીં મીરઝા, પહેલાના જેવી હવે વાત નથી રહી" સલીમ પલંગ ઉપર બેસીને બોલ્યો " આજે તો એવી દીલકશ અને મનહરણ મુર્તીના દર્શન થયાં છે કે જોગી જાહેરી રૂપ રંગમાં અપસરાનું ભાન ભુલાવે તેવી અને પવિત્રતામાં પુરેપુરી પતીવ્રતા અસમત મઆબ સુંદરી છે.

" અરે રહેવાદો લફફાઝીની વાતો" મીરઝા મેહમુદ સલીમને ઢોંગી સમજીને બોલ્યો " કોને ઉડાવો છો હજાર પવિત્ર અને પતિવ્રતા હોય તો પણ શુ થયુ! તમારા જેવા છેલ છબીલા આગળ ક્યાં કોરી રેહે? હું સારી પેઠે સમજુ છુ કે મને અધ્ધર ને અધ્ધર ઉડાવવાની આ બાજી રચી છે પણ સાહેબ આલમ

તાડ જાતે હૈં તાડને વાલે "–

" મીરઝા! આ વખત મઝાકનો નથી " સલીમ એક હાય ખેંચતા બોલ્યો.

ન છેડ એ નિગહતે બાદે બહારી રાહ લગ અપની
તુઝે અટખીલીયાં સુઝી હૈં હમ બેઝાર બેઠે હૈં '

" આપ શેરખ્વાનીને મુકો, અને અસલ શું છે તે તફસીલવાર કહો "

" હાય શું બતાવું!

શર્મ સે નામ નહીં લેતે કે સુનલે ન કોઈ
દિલહી દીલમેં ઉને હમ યાદ કીયા કરતેહૈં "

" આમ ભેદમાં શું કરવાને બોલો છો, સાફ સાફ કહીદો કે કાંઇ ઇલાજ કરવામાં આવે. "

" સાંભળો ! અસલ વાત આ છે કે મીરઝા ગયાસની અપસરા સમાન પુત્રી મેહરૂન્નીસાના પ્રેમમાં સલીમ અંધ થયો છે આજે તે નાઝનીના ઇશ્કનો તીર કલેજામાં એવો તો લાગ્યો છે કે મારૂં તન બદન ઇશ્કની આગથી ભડકી ઉઠ્યું છે, હાય શું તેણીનો મનહરણ ચહેરો ? શું તેની વાક્ય ચાતુરી ! શું તેનું અનુપમ સૌંદર્ય ! હાય હું તેના કઇ કઇ વાતની તારીફ કરૂં. ટુંકમાં એટલુંજ કે હું તેના ઉપર હઝાર જાનથી આશક થઈ ગયો છું.

" ઓહોહોહો ! એમાં તે વળી શું ? મેં તો જાણ્યું કે ભાઇ રાજા ઈંદરના અખાડાની સબ્ઝપરી ઉપર આશક થઈ ગયા હશો તેથી હું તો પરસ્તાનમાં જવાની પયરવીમાં પડ્યો હતો. પણ ચાલો આતો મીરઝા ગયાસની દીકરી નીકળી "

" મીરઝા, તારે મન તો હસી છે, પણ મારૂં કાળજું કોરાઇ જાય છે, અરે તે સબ્ઝપરીથી સેંકડ દરજ્જે સુંદર છે અને મારા મનથી તો તેની જોડી આ જગતમાં મળવી મુશકેલ છે "

" ખેર જે હોય તે ખરી, રાજાને ગમી તે રાણી ને છાણા વીણતી આણી, આપને પસંદ પડી તે ખરી "

" હા મને પસંદ તો છે. પણ હવે શું કરૂં ?

" અરે અબઘડી કુટણીને બોલાવીને મેહરૂનનીસાને ફંદામાં ફસાવું છું. એમાં તે વળી શું કરૂં શાનું ! "

" નહીં ત્યાં કુટણીનાં ચરિત્ર નહીં ચાલી શકે, તે બહુજ

અસમતમઆબ બાનુ છે."

"હવે રહેવા દો તેની અસમતને, પણ હા એટલો કહો કે આપની મુલાકાત કયાં થઇ, અને કેવી રીતે આપ આશક થઇ ગયા ?"

"સાંભળો ! આજે હું બે કબુતરો બંને હાથમાં પકડીને મીનાબાઝારમાં ગયો હતો ત્યાં મહેરૂન્નીસાને સરોના ઝાડ પાસે આમ તેમ ફરતી જોઇ, અને જોતાંજ તેના ઇશ્કમાં લુબ્ધ બની ગયો. તેનું સરો સમાન કદ, તેની હરણી મીસાલ ચાલ, તેની મૃગ જેવી આંખો તેના નાગ જેવા કાળા વાળ, તેના દાડમની કળી જેવા દાંત, ગુલાબ સમાન ગાલ, જોઇ હું મારૂં સર્વ ભાન ભુલી ગયો, મારી આંખોમાં અંધારૂં આવી ગયું. તેથી લગાર સાવચેતીથી તેની પાસે ગયો અને "બાળા ! જરા મારા કબુતરોને હાથમાં પકડીને ઉભાં રહેશો કે" કહી બંને કબુતરો તેના હાથમાં આપી હું બીજી તરફ ચાલ્યો ગયો પણ ચેન ન પડવાથી થોડીજ વારમાં પાછો આવ્યો અને જોઉં છું તો તેણીના હાથમાં એકજ કબુતર હતું તેથી મેં નજીક જઇને પુછ્યું "બાળા બીજું કબુતર કયાં ગયું ?" મેહરૂન્નીસાએ જવાબ આપ્યો "ઉડી ગયું" મેં પુછ્યું "કેવી રીતે ?" આના જવાબમાં તેણી ઘણીજ સાદગી અને ભોળપણથી બીજું હાથમાંનું કબુતરૈ પણ ઉડાવી દેખાડતાં બોલી "જુઓ આવી રીતે !" બસ તેણીની આ સાદાઇ અને નિડરપણા તથા ભોળપણને જોતાંજ હું બેસુદ બનીને આશક થઇ ગયો.

ઉસ પરીરૂને જોએક તીરે નઝારા મારા
ઉસકે લગતે હી જીગર હો ગયા પારા પારા

મીરઝા ! આ મારા ઇશ્કની કથા છે જે તને સંભળાવી મારે હવે ગમે તેમ કરીને પણ તેણીને મેળવવાની તદબીર

કર, નહીં તો યાદ રાખ કે હું ઝેર ખાઇને મરી જઇશ" સલીમે નિશ્વાસ નાખતાં મહેરન્નીસાના ઇશ્કની બધી હકીકત કહી સંભળાવી જે સાંભળી મીરઝા મેહમુદે લગાર રમુજ કરતાં કહ્યું.

"આસો એતો સાંભળ્યું પણ હવે ઝેર ક્યારે ખાવછો?"

"મીરઝા! તને બસ રમુજ વિના કાંઇ સુજતુંજ નથી અને મારા તો જીવ ઉપર બનેલી છે" સલીમ બોલ્યો "મારી જીંદગીની જો લગાર પણ દરકાર હોય તો તેણીને મેળવવાની તદબીર કર"

"પણ સાહેબઆલમ આ કઇ મહેરન્નીસા?"

"દીવાન મીરઝા ગ્યાસની પુત્રી"

"જેના રૂપની ચારે બાજુએ પ્રખ્યાતી થઇ રહેલી છે તે કે?"

"હા! હા! તેજ"

"તો શું આપ તેણીને મેળવવા માંગો છો?"

"બેશક"

"શાહજાદા સાહેબ! જો હું તેણીને આપના પેહલુમાં લાવીને બેસાડું તો ઇનામમાં શું આપશો?"

સલીમ આ સાંભળી પોકારી ઉઠયો.

"બરી સુઝદા ગર જાં ફિશાનમ રવાસ્ત
કે ઇન મુઝદા આસાયશે જાને માસ્ત"

"સાહેબ આલમ" મીરઝા મેહમુદે કહ્યું "શેર શાયરીમાં સેવક કાંઇ સમજતો નથી. મને તો સાફ સાફ ઇનામ આપવાનો ઇકરાર કરો પછી જુઓ મારા ઝપાટા, પણ હા, પેહલાં બાના પેટે કાંઇક રકમ મળવી જોઇએ"

"બાના પેટે આ મારી હીરાની વીંટી" સલીમે આંગ-

ળામાંથી વીંટી ઉતારી આપતાં કહ્યું 'ઓછામાં ઓછી દસ હજાર રૂપીઆની કીંમતની છે અને જે દીવસે મારૂં કામ ફતેહ થશે તે દીવસે દસ હજાર રૂપીઆ આપવાનું વચન આપું છું "

"બસ ત્યારે પોબાર" મીરઝા મેહમુદ વીંટી આંગળીમાં પેહરી વચન લેતાં બોલ્યો "રંજ અને સદમાને દુર કરો અને એમજ સમજો કે મેહરૂન્નીસા તમારી થઈ ચુકી "

"મને તારી કોશીશથી એવીજ આશા છે"

"માટે હવે જરા દુઃખને દુર કરી પેલી નાઝબેગમ તવાયફને બોલાવી મેહફીલ ગરમ કરાવો"

"જેવી ઇચ્છા"

તરતજ નોકર નાઝબેગમ તવાયફને બોલાવવા દોડ્યો એટલે સલીમે દીવાનખાનામાં આવીને બેઠક લીધી. શરાબનો દોર ચાલ્યો એટલામાં નાઝબેગમ તવાયફ આવી અને સલામ કરીને બેઠી. તેણીના સાઝંદાઓએ તબલા સારંગી મેળવી એટલે નાઝબેગમે સલીમની ફરમાયશ ઉપર નીચેની ઈશ્કીયા ગઝલ હાવભાવ સાથે ગાવી શરૂ કરી.

રોશન હો તુમપે સુરતે દરદે બલાયે દિલ
અલ્લાહ કરે કીસીપે તુમારા ભી આયે દિલ
આંખોકા થા કસુર ન થી કુછ ખતાયે દિલ
ખુદ ગેસુએસનમ હુવે ઝનજીર પાયે દિલ
વો ઘર કભી જો મસકને હીરમાંનસીબ થા
મેહમાન ઉસમેં દર્દ હુવા હે બજાયે દિલ
મુનિસ હે ગમ તો હસરતો વેહશતહે ગમગુસાર
યાદશ બખેર ખ્વાબ બને આશનાયે દિલ
ચંદે યુંહી જો મસ્કે જફા અય પરી રહી
ગિરબાલ મેરે સીને મેં હોગી બજાયે દિલ

પાસે અદબ હૈ ઈતના તેરે શેઅમે હુસ્નકા
આઈ કભી ન સીનેસે બાહર સદાયે દિલ
મુમકીન નહીં હૈ હિજ્ર મેં યું એકદમ કરાર
ઈનસાન લાખ હાથ કે નીચે દબાયે દિલ
દુઝદે હિનાયે યાર પે અફયારી ખત્મ હૈ
કાફિર ને ચુટકિયોં મેં ઉડાયે પરાયે દિલ
મુદ્દસર તો હૈ પ યારકા દુરમાં પિંઝર હૈ
પેલી સબબ હૈ બંદા હુવા હૈ ફિદાયે દિલ

નાઝ બેગમ તવાયફે આ ગઝલને એવા તો હાવ ભાવ અને તાન પલટાથી ગાઈ કે સલીમ બેખુદ જેવો બની "હાય મેહરૂન્નીસા હાય મેહરૂન્નીસા" ના નઅરા લગાવવા લાગ્યો. મીરઝા મેહમુદે સમજાવવા અને મનાવવા માં કાંઇ કસર રાખી નહીં પરંતુ તે તો એવો મસ્ત બની ગયો કે લાચારીએ ગાણું બંધ કરાવી સલીમને પલંગ ઉપર સુવાડયો. પરંતુ પલંગ ઉપર પણ તે ચેનથી ન રહી રહેતાં તડપવા લાગ્યો, અને દર વખતે "હાય મહેરૂન્નીસા હાય મહેરૂન્નીસા" ના ઉદગારોથી મહેલ ગજાવી મુકયો. મીરઝા મેહમુદે લાચાર થઈ સલીમને બે હાથ જોડી સમજાવ્યો પણ તેના બદલામાં સલીમે મીરઝાને એક લાત મારી કહ્યું—

રિન્દે સિયાહ મસ્તકો ઝાહિદ ન છેડતું
તુઝકો પરાઈ કયા પડી અપની નબેડતું

છેવટે મીરઝા મેહમુદે સલીમને બે ચાર શરાબના પ્યાલા પાઈ દીધા તેથી તેના નીશામાં ચકચુર બની "હાય મહેરૂન્નીસા" ના ઉદગારો કાઢતાં સલીમ પલંગ ઉપર પોઢી ગયો.

ભાગ ત્રીજો.

નાસિહા દિલમેં તો મતનાતુ સમજ અપને કે હમ
લાખ નાદાં હુવે ક્યા તુઝસે ભી નાદાં હોંગે

શાહજાદા સલીમે રાત્રે નીશામાં ચુર બની જે કાંઇ ગરબડ કરી હતી તેની ખબર શહેરમાં પવનની પેઠે ફેલાઇ ગઇ. કોઇ કહે તેતો દીવાન ગયાસ મીરઝાની બેટી મહેરૂન્નીસાના ઇશકમાં દીવાનો બની ગયો છે અને કોઇ કહે કે આજે મહેરૂન્નીસાને જબરાઇથી બેગમ બનાવી લીધી. એવા ગામગપાટા ચાલ્યા તે છેક બપોર સુધી તો અકબરને પણ આ બાબતની ખબર મળી એટલે તેણે તાબડતોબ અબુલફઝલને બોલાવી મંગાવ્યો. અને આ હકીકત સાંભળી પોતાને મહા દુઃખ પહોંચ્યું છે: એમ કહી જણાવ્યું કે, "તમે હાલ ને હાલ સલીમની પાસે જાવ અને આ બાબતને મુકી દેવા માટે સમજાવો" આ સાંભળી અબુલફઝલે અરજ કરી.

"જહાંપનાહ! મને શાહજાદા સાહેબની સેવામાં જવા માટે કંઈ વિલંબ નથી પરંતુ તેઓ મારી વાતને માને એમ લાગતું નથી કેમકે આજકાલ તેઓ મીરઝા મેહમુદ નામના એક બદમાશની સોબતમાં પડેલા છે તેથી તેઓ મારી વાત ધ્યાન દઇને સાંભળે એમ પણ લાગતું નથી. માટે આપ પહેલાં મીરઝામેહમુદને બોલાવી સારી પેઠે ખોખરો કરો તો કાંઇ લાભ થાય, કેમકે શાહજાદા સાહેબ મીરઝા મેહમુદની દરેક વાત માને છે."

"નહીં, તમે અબઘડી સલીમની પાસે જાઓ કોઇને બોલાવી તેની મારફતે સમજાવવાની જરૂરત નથી. તમે પોતે

મારા તરફથી જઇને સમજાવો. અગર માની જાય તો ઠીક નહીં તો ફરી સખત ઉપાય લેવામાં આવશે."

જોકે અબુલફઝલની સલીમ પાસે જવાની લગારે મરજી નહોતી છતાં અકબરના હુકમને માન આપી પોતે સલીમની પાસે ગયો. સલીમ રાતના નીશાથી અત્યારે બેચેન બનીને બેઠો હતો: જ્યારે અબુલફઝલનાં આવવાની નોકરે ખબર આપી ત્યારે સલીમે મીરઝામેહમુદને કહ્યું.

" મને અબુલફઝલ પ્રત્યે સખત ધિક્કાર છે."

" બેશક હોવોજ જોઇએ " મીરઝામેહમુદે હાંમાં હાં બોલાવતાં પાનસેરી હલાવી "કેમકે તે એવોજ માણસ છે."

" જ્યારે જુઓ ત્યારે શીખામણોજ આપેછે, અને નકામી વાતો કહી માથું ફેરવેછે. પરંતુ એ નથી જાણતો કે

" જો દિલ કિમારખાને મેં બુતસે લગા ચુકે
વો કાઅબતેન છોડ કે કાઅબેકો જા ચુકે. "

" હા છે તો એવોજ, પણ આપણું શું લેશે, આવ્યો છે તો નકામી બકબક કરીને ચાલ્યો જશે."

" પણ મારો તો એવો ઇરાદો છે કે આજે તેની ધુલ ઝાટકી નાખુ કે ફરી કાંઈ બોલેજ નહીં."

" નહીં, ખબરદાર આમ કરતા નહીં, કેમકે અબુલફઝલ બાદશાહ સલામતનો ખાસ દોસ્ત અને રાજ્યનો વડો વઝીર છે, માટે એવા મોહટી લાગવગ ધરાવનારાને દુશમન ન બનાવવો જોઇએ. જે માણસ મધ આપવાથી મરતો હોય તેને ઝેર આપવાની શી જરૂર છે !! માટે એવી રીતે વાતચીત કરો કે સાંપ મરી જાય અને લાકડી ન તુટે."

" ઠીક, તારા કહ્યા પ્રમાણે કરીશ " સલીમે આટલું કહી અબુલફઝલને અંદર આવવાનો હુકમ આપ્યો, એટલે

નોકર બહાર જઇને અબુલફઝલને અંદર તેડી લાવ્યો. અબુલફઝલે અંદર આવતાંજ શાહજાદાને નમી: "અસ્સલામો અલયકુમ" કહ્યું, જેના જવાબમાં સલીમે "વઅલયકમોસ્સલામ આય દસ્તુતરે મોઅઝ્ઝમ અને વઝીરે આઝમ પધારો" કહી પોતાની પાસેની ખુરશી ઉપર બેસાડ્યો. અબુલફઝલે બેઠક લીધી એટલે મીરઝા મેહમુદે નમીને સલામ કરી. અબુલફઝલે હસતા ચેહરે કહ્યું,

"આહા! મીરઝાજી સારા તો છોને? ઘણા દીવસ પછી જોવામાં આવ્યા!"

"જીહા! હુઝુરના જાનમાલને દોઆ કરૂં છું." તે પછી સલીમે અબુલફઝલ ની મીઝાજ પુરસી કર્યા બાદ કહ્યું,

" વો આયે ઘર મેં હમારે ખુદાકી કુદરત હૈ
કભી હમ ઉનકો કભી અપને ઘરકો દેખતે હૈ. "

અબુલફઝલે આ સાંભળી લગાર ગરદન નમાવી આભાર માન્યો અને તે બાદ કહ્યું,

"સાહેબઆલમ! મારે અત્યારે આપને ખાનગીમાં કાંઇક અરઝ કરવી છે.

સલીમે અબુલફઝલની વાત ઉપર ધ્યાન ન આપતાં બેચાર બગાસાં ખાઇ મીરઝા મેહમુદને કહ્યું,

"મીરઝા! લગાર ગલાસ અને બાટલી લાવ, કે એક બે પેગ ઉડાવું."

અબુલફઝલે સલીમને ફરી કહ્યું,

"મને અત્યારે નામદાર જહાંપનાહ બાદશાહ સલામતે આપની પાસે મોકલ્યો છે."

આ વાત ઉપર પણ સલીમે ધ્યાન ન આપતાં મીરઝા મેહમુદને કહ્યું,

'મીરઝા, સાંભળેછે કે નહી? લાવ લાવ, જરા એક બે ગલાસ ઉડાવી સુસ્તીને દુર કરૂં."

"સરકાર" અબુલફઝલે સલીમના પગ આગળ ઉભા રહી કહ્યું, "મારા માટે શો હુકમ ?"

"હુકમ ! !" સલીમ બોલ્યો, "જે કાંઈ કહેવું હોય તે વગર અચકાયે કહો, મીરઝાથી કોઈ વાતનો પરદો નથી."

"નામદાર જહાંપનાહ ! બાદશાહ સલામતને" અબુલફઝલે અચકાતાં અચકાતાં કહ્યું, "એવી ખબર મળી છે કે,

"સલીમ મેહરૂન્નીસા ઉપર આશક થયો છે." સલીમ વચમાં બોલી ઉઠયો.

"હુઝુર તો જાણે એની વાત ન જાણતા હોય ! !"

" બેશક. હું તે મનહરમુર્તીઉપર આશક થયો છું, અને વળી સાહેબ, મને માફ કરજો કે હું તે પરી પેકરનો શયદા બન્યો છું; અને સાફ સાફ કહું છું કે, તે સુંદરીવિના મારી જીંદગી, જીંદગી નહીં. પણ મોતથી વધારે બદતર છે"

"પણ હુઝુર, આ વાત આપજેવા શાહજાદાને લાયક નથી."

"ગમે તે હોય. પણ હું તો તેના ઇસ્કનો ગુલામ બની ચુક્યો છું; તેથી આપનું સમજાવવું ફોગટ છે.

નાસેહા તશરીફ લાયે દીદઓ દિલ ફર્શે રાહ
પર કોઈ ઇતના તો સમઝાદેકે સમઝાઓગે ક્યા ! "

"હું આપ જેવા લાયક સમજદારને સમજાવવા માટે આવ્યો નથી, કેમકે આપ પોતે સારી પેઠે સમજદાર છો તેથી હુંતો માત્ર મારા માલેક અને પાદશાહસલામતનો હુકમ બજાવવા માટે હાજર થયો છું."

"તો ઠીક, ત્યારે જવાબ પણ સાંભળો,

વો નિશઃ હમકો નહીં જીસ્કો ઉતારે તુર્શી
હમનશીં આયે તો આયે કીસે સમઝાને કો "

શાહજાદાની વાતને ટેકો આપતાં મીરઝા મેહમુદ પણ બોલ્યો.

" નાસિહા પેહલે તો કુછ તજરબા ઝાતી કરલો
નાસિહા બનના તો આસાન હૈ સમઝા કો "

"બેશક, ઠીક છે" અબુલફઝલે કહ્યું " પણ રઇયતની વહુ દીકરીઓને પોતાની દીકરીઓ પેઠે સમજવી એ બાદશાહનો ખાસ ધર્મ છે, માટે આપે આવા વિચારને મન માંથી કાઢી નાંખવો જોઇએ. જો કદાચ બાદશાહે આવાજ વિચારોને મનમાં જગ્યા આપશે તો ફરી કયામત બહુજ જલદી આવી જશે."

"વઝીરે આઝમ, આપનું ફરમાવવું બજા છે, પણ" મીરઝા મેહમુદે કહ્યું. "રઇયતનો માલેક બાદશાહ છે તેથી મીરઝા ગયાસ જેવાએ તો મોહટી મગરૂરી લેવી ઘટેછે કે તેમની દીકરી આવા એક જલીલુકદર શાહજાદાનું મન હરણ કરવામાં ફતેહમંદ થઇ."

" વઝીર સાહેબ " સલીમ બોલ્યો " અસલ વાત આ છે કે, હું મેહરૂન્નીસાના નયનબાણનો ઘાયલ બની ચુકયો છું અને તેણીના ઇશકે મારા તન બદનને પોતાના કાબુમાં કરી લીધો છે, તેથી હવે હું મારા વિચારને બદલી નાખું તે એક મોહટી મુસ્કેલીની અને ન થઇ શકે એવી વાત છે. માટે આપ નામદાર, જહાંપનાહની સેવામાં અરજ કરો કે, તેઓ મને મારા હાલ ઉપર મુકી દે, અને જો બની શકે તો મદદ કરે, નહીંતો કાંઈ જરૂર નથી.

મેરે દિલકી તપશિકો તો ગોર કરો મેરે વાસ્તે ફિક્ર નઓર કરો
કોઈ યારસે મિલનેકા તોર કરો મેરે દર્દકી ઓર દવાહી નહીં"

" મેહરૂન્નીસા હજુ સુધી કુંવારી છે તેથી શાહજાદા

સાહેબની સાથે નિકાહ થઈ જાય તો શી હરકત છે?" મીરઝા મેહમુદે અબુલફ્ઝલને કહ્યું.

"પણ પાદશાહ સલામત આ વાતને પસંદ કરતા નથી" અબુલફ્ઝલે જવાબ આપ્યો.

"જાણ્યામાં પાદશાહ સલામતે અને આપે તે જન્નતની હુરને જોઈ નથી" સલીમ બોલ્યો. "મારા ધારવામાં લાખ શાહજાદીઓ અને કરોડો બાદશાહજાદીઓને કુરબાન કરી દેવામાં આવે તોપણ મહેરૂન્નીસાની બરાબરી કરી શકે એવી એકપણ નહી નીકળે.

આફાકહા ગર દીદાઅમ મેહેરે બુતાં દુરઝીદા અમ
બિસયાર ખુબાં દીદાઅમ લેકિન તુ ચીઝે દીગરી"

"એ વાત ખરી, પણ એક છોકરીના માટે આપે આવાં ચેનાં કાઢવાં ન જોઈએ" અબુલફ્ઝલે કહ્યું;

"મારે તમારી નસીહતની જરૂર નથી" સલીમ લગાર બગડીને બોલ્યો "શું તમે નથી સાંભળ્યું.

નસીહત સયકલે ઝનગાર ઇશ્કઅસ્ત."

"બાળકોએ માબાપની મરજી રાખવી જોઈએ, માટે જહાંપનાહ, આપની આ ચાલ ઉપર સખત નારાજ છે તેથી હુઝુરે આવી વાતોથી દુર રહેવું જોઈએ."

"મેહરૂન્નીસા વિના આખી જહાન મને અંધકાર ભાસે છે. તેથી જહાંપનાહ રાજી રહે કે નારાજ રહે તેની મને લગારે પરવા નથી."

"હુઝુર, બાળકોની પેઠે વાતો ન કરો."

"નહીં, વઝીર સાહેબ" સલીમે કહ્યું. "હું બાળકોની પેઠે વાતો નથી કરતો, પરંતુ આપની વાતો એવી હોયછે કે જાણે કોઇ સાહીને બુઢ્ઢો નાહીવાસો ન હોય!!"

"હુઝુર" અબુલફઝલે નરમ પડતાં કહ્યું "મારા ઉપર ગુસ્સે ન થવું જોઇએ, મને તો જહાંપનાહે જેવો હુકમ આપ્યો હતો તેવો અમલ કર્યો,"

"પરી તમે અમલ કર્યો કે નહીં ?" સલીમ ગરમ થઇને બોલ્યો.

"તેતો મેં હુઝુરના કાન સુધી પોંહચાડી દીધો પણ" અબુલફઝલે લગાર ખોંખારતાં એક મીનીટ થોભીને કહ્યું. "જહાંપનાહે ફરમાવ્યું હતું કે, જો સલીમ મારી મરજીને આધિન નહિ થાય તો મારે આગળ પગલાં ભરવાં પડશે અને તેનું પરિણામ સારૂં નહીં આવે."

"બસ એજ" સલીમ હસીને બોલ્યો "જાણ્યામાં મને પાટવી કુંવરની પદવીમાંથી ઉતારી પાડવાની બીક બતાવતા હશે, પણ મને તો તેની પણ પરવા નથી. કેમકે

કચ કો થોડી ઝમીં મિલજાય કુએ યાર મેં
માંગતે અય આસમાં તુઝસે નહીં જાગીર હમ"

"આપ આટલી હદ સુધી ઝરકમાં બેચેન બની રહ્યા છો તો પરી લાચારી છે, પણ હું જહાંપનાહને શો જવાબ આપું ?"

"જે, મેં કહ્યું છે."

"પણ હુઝુર, લગાર વિચાર કરી લ્યો તો સારૂં."

"મેં વિચાર કરીનેજ જવાબ આપ્યો છે."

"એમ કે ?"

"હા હા એમ."

"તો પરી હું રજા લઉં ?"

"હા, પધારો ખુદા હાફિઝ."

અબુલફઝલ શાહજાદાને કુરનસ કરી બહાર ગયો એટલે સલીમે મીરઝા મેહમુદને કહ્યું,

"ચાલો સારૂં થયું કે આ બલા જલદીમાંજ પતી ગઈ."

"પણુ મને આના રંઢંગ કાંઈંક જુદાજ જણાય છે." મીરઝા મેહમુદે કહ્યું "જહાંપનાહને જહા એકની દસ દસ વાતો કરશે માટે આપણે હુશીયાર રહેવું જોઇએ."

"અરે ઝખ મારેછે, એવા હજારો ભસતા ફરે તેની પરવાજ કોણુ કરેછે." સલીમ બોલ્યો "મીરઝા! એની વાતને નાંખ ચુલામાં અને સંભળાવ મારા મેહબુબને મેળવવાનો શો બંદોબસ્ત કર્યો?"

"મને એ વિષે ભારે ચિંતા છે તેથી મેં પેલી ફહીમન કુટણીને બોલાવી છે, તે ઘણું કરીને હમણા આવશે." મીરઝા મેહમુદે કહ્યું "આપને ફહીમનના ચરિત્રોની ખબર નહીં હોય પણુ હું તો તેને સારીપેઠે પીછાણુંછું. શયતાનને પણુ શાગીર્દ બનાવવા હોય તો તે એક ઘડીમાં બનાવી લે."

"ઠીક છે જોઇશું, પણુ મીરઝા, જહાંપનાહને આ વાતની ખબર પડી તે સારૂં તો ન થયું."

"તેમાં હું શું કરૂં, એ બધા શરાબ ખાના ખરાબના પ્રતાપ છે. આપને કોઇ સમઝાવે તો આપ માનોછો કયાં? જ્યારે જુઓ ત્યારે એજ વાત, અને ફરી બેચાર ગલાસ ઉડાવ્યા કે થઇજ ચુક્યું. ખરૂં છે કેઃ-

મય કે બદનામ કુનદ એહલે ખિરદરા ગલતસ્ત
બલકે મય મી શવદ અઝ સોહબતે નાદાં બદનામ"

"મીરઝા ખરી વાત છે, શરાબ એવીજ ખરાબ વસ્તુ છે. માટે લે આજથી તવબા કરૂંછું."

"જનાબ એ ખરૂં, પણુ આપ જાણોછો? શરાબની બુરાઈ ન કરવી જોઇએ; કેમકે,

કોહના હરચંદ શવદ બીશતરસ્ત મય ખ્વાહંદ
હુમતરે તાક અજબ બખ્ત જવાની દારદ "

"લે, મુકીદે હવે આ વાતને, અને કંઇક મહેરૂન્નીસાની વાતો કર."

"ઠીક, ત્યારે આપ ફરમાવો."

"ખરેખર મહેરૂન્નીસા જેવી ફિરસ્તાઓનું ભાન ભુલાવનારી બાળા મેં તો આજસુધી કયાંએ જોઇ નથી. જાણ્યામાં પાકપરવરદિગારે ફુરસદના વખતે બનાવી હશે."

"બેશક! છેતો એવીજ; પણ હવે આપણા ફંદામાંથી કયાં જાયછે."

"પણ મીરઝા, મારો તો નિકાહ કરવાનો વિચાર છે."

"એ વાત આપણને તો પસંદ નથી" મીરઝા મેહમુદે કહ્યું "કેમકે ખુદાતઆલાએ આ દુન્યામાં એકથી એક વધુ સુંદર અને રૂપાળી પેદા કરી છે, તેથી કોને કોને પસંદ કરશો! માટે નિકાહ વિકાહને માંડી વાળો, અને આપણા કામથી કામ રાખો."

"એ તારૂં કહેવું તદન ગેરવ્યાજબી છે, કેમકે મહેરૂન્નીસાથી રંગ રૂપમાં કોઇ પણ ચઢીઆતી હોય એમ હું સમજતોજ નથી; અને મેં તો જ્યારથી એ જન્નતની હુરને જોઇ છે ત્યારથી પાકો વિચાર કરી લીધો છે કે,

" હુર પર આંખ ન ડાલે કભી શયદા તેરા
સબસે બેગાના હે અયદોસ્ત શનાસા તેરા."

"ખુદા ખેર કરે" મીરઝા મેહમુદ અજબ થતાં બોલ્યો "આજે આપને થયું છે શું? કે આવી કોઇ દીવસ નહીં કરેલી વાતો કહી રહ્યા છો."

"મીરઝા, હું જે કાંઇ કહુંછું તે કરીને દેખાડીશ. હવે હું પેહલાંના જેવો સલીમ નથી, કે જેને બધા લોકો વ્યભીચારી સલીમ કેહતા હતા. પણ હવે તો હું મહેરૂન્નીસાનો

સાચો આશક સલીમ છું, જો તેણી મને મળી ગઇ તોતો ઠીક, નહીંતો યાદ રાખો કે બાદશાહ ઇબ્રાહીમ અધમની પેઠે રાજપાટ તજી દઇ જંગલ બયાબાનમાં મહેરૂન્નીસાના પ્યારા નામની માળા જપતો નીકળી જઇશ."

" ત્યારે તો ખરેખર મજનુ બની જશો."

" અરે મજનુ તો શું પણ
મેં વો મજનુ હું કે મજનુ ભી હમેશા ખત મેં
કિબલએ કાબા લિખા કરતા હે હલકાબ મુઝે."

" અરર આટલું બધું !!! એક મહેરૂન્નીસા માટે મજનુ-નાં પણ દાદા બની ગયા"

" મીરઝા ! અત્યારે હાંસીની વાત મુકી દે, અને બતાવ કે તેં શું કર્યું ? પ્રથમ કોઇ એવી તરકીબ થવી જોઇએ કે મહેરૂન્નીસાથી નિકાહ થઇ જાય."

" પહેલાં તો તેણીને ફહીમન કુટણીની મારફતે અહીં બોલાવી દો, ફરી જે કાંઇ થવાનું હશે તે થઇ રહેશે."

" નહીં, મહેરૂન્નીસા કુટણીની મારફતે અહીં આવે તે મને પસંદ નથી. કેમકે મારે તો તેણીને મારી મલેકા બનાવવી છે, તેથી આ વાતથી તેની આબરૂ હલકી પડેછે; માટે કોઇ બીજી હીકમત બતાવ."

" બીજી શું બતાવું ?"

" આપણે એમ કરીએ તો કેવું ?" સલીમ લગાર વિચાર કરીને બોલ્યો " પેહલાં એના માબાપની મરજી પુછીએ અને જો તેઓ રાજી હોય તો ફરી આ બધા ખટપટ કરવી નકામી છે."

" હા, છે તો ઠીક, પણ મીરઝા ગયાસ બાદશાહ સલામતની મરજી વિના એક ડગલું પણ નહીં ભરે."

" ત્યારે ફરી કરવું શું ?"

" જોઇએ છીએ, હમણાથીજ બધા વિચારો નકામા છે. કાલ તો ઉંટડો કઇ તડ બેસેછે તે જોવાનું છે."

બાબ ચોથો.

અયશો શોરઝ હરો દીવાર ગીદીદસ્ત પોદીદ
સવહશુલ્લાહ અઝીં દોરે હુમાયું આ સાર

" જહાંપનાહ. હવે જલદીથી કોઇ બંદોબસ્ત થવો જોઇએ."

શહેનશાહ અકબરના ખાનગી દીવાનખાનામાં તેના વડા વજીર અને માનીતા મિત્ર અબુલફઝલે સલીમની મુલાકાતનું વર્ણન કરી ઉપલું વાક્ય કહ્યું. તે સાંભળી ઘણાજ ગુસ્સાના આવેશમાં અકબર બોલ્યો.

" બેશક! બહુજ જલદી બંદોબસ્ત કરવો જોઇએ; નહીં તો સખત બદનામી થશે. ખરેખર હઝરત સાયાદી સાહેબે નાલાયક અવલાદ માટે ખરૂં કહ્યું છે.

ઝનાને બારદાર અય મર્દ હુશીયાર
અગર વકતે વિલાદત માર ઝાયન્દ
અઝાં બેહતર બ નઝદીક ખીરદમંદ
કે ફરઝનદાને ના હમવાર ઝાયન્દ "

" જહાંપનાહ ! શાહઝાદા સાહેબતો હાથ પગ ધોઇને તેની પાછળ લાગ્યા છે, અને કહેછે કે, આ તરફની દુન્યા પેલી તરફ થઇ જાય તોપણ હું મહેરૂન્નીસાનો પીછો નહીં મુકું." અબુલફઝલે અકબરના ગુસ્સાની અગ્નિમાં તેલ હોમ્યું.

" અરે તે નહીં મુકે, પણ અમે મુકાવ્યા વિના ક્યાં રહેનાર છીએ " અકબરે ગઝબના કલેહજામાં કહી નોકરને બોલાવ્યો " અરે કોઇ હાજર છે કે !!! "

"જી નામદાર જહાંપનાહ" દરવાન હાથ જોડીને બોલ્યો

"જાવ અત્યારેને અત્યારે મીરઝા ગયાસને બોલાવી અમારા ખાનગી દીવાનખાનામાં હાજર કરો."

"જી બહુ સારૂં નામદાર"

તરતજ દરવાન મીરઝા ગયાસને બોલાવવા દોડ્યો અને જોત જોતાંમાં મીરઝાગયાસને ખાનગી દીવાનખાનામાં બોલાવી લાવી હાજર કર્યો. મીરઝાગયાસ શાહી મુજરો અદા કરી અકબરની પાસે જઇ ગરદન ઝુકાવી ઉભો રહ્યો. એટલે શહેનશાહ અકબરે કહ્યું.

"મીરઝા ગયાસ ! આજે તમને એક જરૂરી કામમાં સલાહ લેવા માટે બોલાવ્યા છે."

"જહાંપનાહ હું સમઝી ગયો, જે કામના માટે સલાહ લેવા બોલાવ્યો છે તેની મને આગાહી થઇ છે." મીરઝા ગયાસ રડી પડતાં બોલ્યો "હુઝુર ખુદા તઆલા કોઇને દીકરીનો બાપ ન બનાવે, આ દીકરીઓ બાપના દુઃખ અને રંજના ગંજની પેઠે છે. તેમાં પણ ખાસ કરી મહેરૂન્નીસા જેવી બદનસીબ છોકરી તો દુશમનને ત્યાં પણ ન જન્મે. આજે મને તેના પ્રતાપે કેટલી બધી બદનામીના ખાડામાં પડવું પડ્યું છે તે મારૂંજ મન જાણે છે, અને જહાપનાહથી પણ અજાણુ નથી. આ છોકરી તો અસલથીજ પીડા આપનારી થઇ છે. જ્યારે આ છોકરી તેની માના ગર્ભસ્થાનમાં આવી ત્યારે આપના ગુલામને ગરીબીના સબબે દરબદર ભટકવું પડ્યું. જે જગ્યાએ એનો જન્મ થયો તે એક એવી ભયંકર જગ્યા હતી કે જ્યાં દીવસે પણ દીલેર માણસોના દીલ હાલી જતા હતા. તથા અનાજ અને પાણીનો કોસો સુધી પત્તો નહોતો. આખી રાત બેચેની અને મુસીબતમાં પસાર થઈ સવારમાં પોતાની

ગરીબી અને તુટેલી હાલતનો વિચાર કરી તથા દીકરીના પરિણામને ધ્યાનમાં લાવી એને જંગલમાંજ ખુદાને હવાલે તરછોડી દીધી. જો કે એની માની મમતા અને માયા દીકરી જાતને આમ નિરાધાર હાલતમાં તરછોડી મુકવા માટે રોકી રહી હતી તો પણ કલેજા ઉપર પથ્થર મુકી પોતાના જીગરના કટકાને ભોંય ઉપર મુકી દીધો અને રડતી રડતી મારી સાથે થઇ ગઇ. પણ આ છોકરીના હાથથી મારી આબરૂ ધુળમાં મળવાની હોવાથી પાછળ એક કાફલો આવતો હતો. તે કાફલાના સોદાગરે દયા ખાઇને આ છોકરીને પોતાના કબજે કરી લીધી, અને તેણીની પરવરીશ કરી આટલી મોહટી ઉમરે પુગાડી પણ જોઇએ હજુ શું શું વેઠવું પડેછે."

"મીરઝા ગયાસ! ખરેખર હું તમારી આગળ ઘણોજ શરમીંદો છું કેમકે સલીમથી એવીજ નાલાયકી થઇ ગઇ છે" અકબરે કહ્યું.

"હશે જે થવાનું હતું તે થઇ ગયું" અબુલફઝલે મતલબની વાત કહી "પણ હવે જલદીથી મહેરૂન્નીસાના લગ્નની તૈયારી કરી દો કે શાહઝાદા સાહેબ મહેરૂન્નીસાનું નામ મુકી દે,"

" હા બેશક મારી પણ એજ ઇચ્છા છે " અકબર બોલ્યો.

"જેવી આપની ઈચ્છા તેવીજ મારી પણ ઇચ્છા વળી

દરકારે ખેર હાજતે હેચ ઇસ્તખારાનીસ્ત."

"જો મારી ઇચ્છાને આધીન હોવ તો હું કહું છું કે અલીકુલીખાન જેવો લાયક અને બહાદુર તથા દેખાવડો જમાઈ તમોને મળવો મુશકેલ છે. વળી તમારો જમાઈ બનાવી હું તેને એક સારા હોદ્દા ઉપર નીમનાર છું માટે

કહો શો વિચાર છે?"

"જેવી હુઝુરની મરજી."

"પણ જહાંપનાહ જેમ બને તેમ જલદી લગ્ન કરીદેવા જોઇએ કેમકે શાહઝાદા સાહેબ મહેરુન્નીસાના ઇશ્કમાં બહુજ બેચેન બની રહ્યા છે તેથી મોહલત મળતાં કાંઇ ઉધું ચતું ન કરી બેસે" અબુલફઝલે કહ્યું.

"લગ્ન જલદી કરવું શું? હું તો હુકમ આપું છું કે અબઘડી માત્ર એક બે કલાકમાંજ કરી નાંખો," અકબર બોલ્યો "અને લગનની મીજલસમાં નામદોલત પોતે બધા દરબારી અને રાજ્યના વડા અમલદારોની સાથે ભાગ લેશે."

"બેશક આપના જેવા શહેનશાહથી એવીજ આશા છે" અબુલફઝલ બોલ્યો "કહો મીરઝાસાહેબ શી મરજી છે?"

"આપની ઓર મરજી કે જેમ જહાંપનાહ રાજી હોય"

"ઠીક, ત્યારે આ લગ્નની તૈયારી કરો." અકબરે અબુલફઝલને કહ્યું. "અને શેખજી તમે, હાલને હાલ પરવાનો લખીને મોકલો કે અમે અલીકુલીખાનને ઢાકાનો સુબેદાર નીમ્યો."

"બહુ સારું જહાંપનાહ"

માત્ર શહેનશાહ અકબરના હુકમનીજ વાર હતી. જોત જોતાંમાં આ વાત આખા શહેરમાં ફેલાઇ અને બાદશાહ સલામત પોતે આ લગનમાં ભાગ લેનારા છે. એ વાત જાણી શહેરના બધા આગેવાનોએ વરઘોડામાં જવાની તૈયારીઓ કરી અને દુકાનદારો તથા બજારવાલાઓએ પોતપોતાની દુકાનો શણગારવી શરુ કરી. વળી પ્રજાવર્ગે બાદશાહ અને ખાનખાનાને રાજી કરવા પોત પોતાના મકાનો શણગારવા માંડ્યાં. શાયરો અને કવીઓએ

કસીદા તથા કવીતાઓ લખી મુબારકબાદી આપી. અને શહેરની આગેવાન તવાયફો તથા ગવઇઆઓએ પોત પોતાના જોહરો બતાવવા હાજરી આપી. ટુંકમાં એટલુંજ કે માત્ર થોડાજ વખતમાં વરઘોડો ચઢયો અને તેમાં અલી કુલીનખાનના માથા ઉપર બાદશાહ સલામતે પોતાના હાથે સેહરો બાંધ્યો, અને સલામીના બદલામાં બર્દવાનનો ઇલાકો જાગીરમાં બક્ષીશ આપ્યો સેહરો બાંધતાંજ તવાયફોએ નીચલો સેહરો સુરીલા અને મીઠા રાગમાં ગાવો શરૂ કર્યો—

જવહરી લાયા ઇધર લાઇ હે માલન સેહરા
માયએ કાને ગોહર હાસિલે ગુલશન સેહરા
મરદુમે દીદા કો ભી તાબે નઝારા ન રહી
દેખે મિઝગાં કી નકયોં ડાલકે ચીલમન સેહરા
ઇસ રસાંઇસે બઢી ઉમ્ર ગુલો ગોહરકી
આગયા હે જો તેરે તાસરે દામન સેહરા
ભર લદી ગવહરો યાકુત ઝમુરરદાકી ગું ા
ચશ્મે બદદુર જવાહિર કાહે માઅદન સેહરા
શજરે તુર કે કયા ફુલ ગુંધે હે ઇસમેં
હમને દેખા નહીં ઇસતરહાકા રોશન સેહરા
સબને સમઝા કે યે ચલતાહે ઝમીંપર ખુરશીદ
રૂખે નવશા સે જો સરકા સરે તવસન સેહરા
હુર કો ભી યે તમન્ના હે કે માલન બનતી
ઇસ મેં યે શર્ત હે ગુંથેગી સોહાગન સેહરા
ભર દીયે દાગને ગુલહાએ મઝામીં ઇસમેં
કયા અજબ ગાય અગર 'બુલ'બુલે ગુલશન સેહરા

સેહરો સમાપ્ત થતાં નિકાહની બધી રસ્મો અદા કરવામાં આવી નિકાહનું કામ પુરૂં થતાં અલીકુલીખાનને શાહી ફરમાન મળ્યું કે તેણે નિકાહબાદ માત્ર ચોવીસ કલાકમાંજ ઢાકા તરફ વિદાય થઇ જવું તેથી અલીકુલીખાને માત્ર થોડીજ વારમાં મેહરુન્નીસાની સાથે કુચ કરી દીધી.

બાબ પાંચમો.

જીસને હમારે યાર કો હમસે જુદા કિયા
વો ભી મુરાદ આપના ન પાયે ખુદા કરે

"કાંપેલી રહીમન અત્યાર સુધી ન આવી ?"

'હા !' મીરઝા મેહમુદે સલીમના સવાલનો જવાબ આપતાં કહ્યું "તેણીએ કાલનો વાયદો કર્યો હતો છતાં કેમ ન આવી."

'પણ મીરઝા ! આજે મારી ડાબી આંખ ફરકે છે તેથી કંઇને કાંઈ સદમાની વાત સાંભળવી પડશે.".

"આપને તો વ્હેમ છે વ્હેમ ! આશક શું થયા કે જાણે પુરા વ્હેમા આળસુ અને દિવાના બની ગયા" મીરઝા મેહમુદે કહ્યું.

'લગાર ઉઠો લુગડાં પેહરીને બહાર ચાલો. બગીચાની હવા ખાવાથી તબીયત ઠીક થઈ જશે."

"નહિ" સલીમ બોલ્યો.

યે ઉસ સે કેહદે કોઇ ખુદારા કે તેરા આશિક અઝાબમે હે
તુમેં તો ગફલત પે નાઝ ઇતના અજલ ભી શાયદકે ખ્વાબમેં હે

ફરવા હરવાનું નામ ન લે, ખુદાના વાસ્તે મહેરૂન્નીસાથી મળવાનો ઝટપટ બંદોબસ્ત કર."

"જરા ધીરજ ધરો ધીરજ ધરો ધીમે સસ્તે જે કામ થાયછે તે બહુજ મજબુત હોય છે અને કહેવત પણ છે કે "ઉતાવળાશો બાવરા ધીરાસો ગંભીર."

"મારે તારી કહેવત સાંભળવી નથી. ધીરજ કોનું નામ છે તે હું જાણુતો નથી.

હર ઘડી કેહતે હો સાહબ સબ્ર કર
બંદા આશક હે વ યા અઇયુબ હે ”

“ત્યારે ચાલો ઉઠો વેષ બદલી લ્યો, આપને આપની પ્રેમદા ના મકાન ઉપર લઇ જાઉં.”

“વાહ ઉસ્તાદ” સલીમ ખુશીથી પોકારી ઉઠ્યો “આ દુરની વાત સોચી છે. આપણે બંને સ્ત્રીના લીબાસમાં જઇશું તો કોઇ ઓળખી શકશે નહીં.”

“હા તેટલાજ માટે તો માટીડા મટીને ઔરત બનશું, પણ આજે તો બહુજ મોડું થઇ ગયુ છે માટે કાલે સાંજના વખતેજ જઇશું. અને તેટલા અરસામાં સ્ત્રીઓના લિબાસનો પણ બંદોબસ્ત કરી રાખીશ.”

“પણ ચાલીશું જરૂર.”

“હા, હા, જરૂર.”

“હાય” સલીમે દીવીના સામું જોઇને કહ્યું.

“ શબે હિજરાં મેરી તાલિમ ગહે સોઝ હુઈ
શોઅલએ શમ્અ યે કેહતા હે કે ઉસ્તાદ આયા ”

“સાહેબ આલમ ! આટલી બધી બેકરારી શા કામની ?”

“મીરઝા મારી બે કરારીનું શું પુછેછે.”

અપને જલને પે તુઝે ઇતના હે કયા નાઝ અય શમ્અ
તુઝસે કયા બઢ કે મેરી આહ શરર બાર નહીં

“વળી આજે નિંદ્રા પણ વેરી બની ગઈ છે. હાય !!”

“સાહેબ આલમ ! નિંદ્રા ક્યાંથી આવે ? કેમકે
જીસકા દિલ દિલબર મેં હો ફિર ઉસ્કો કબ આતી હે નીંદ
કરવટેં લેતે હી લેતે સાફ ઉડ જાતી હે નીંદ”

“એ વાત તદન ખરી છે, પણ

કિસીકી શબે વસ્લ સોતે કટે હે
કિસીકી શબે હિજ્ર રોતે કટે હે
હમારી યે શબ કયસી શબહે ઈલાહી
ન રોતે કટે હે ન સોતે કટે હે "

ઇશ્કમાં ઉંઘ આવતી નથી. આખી રાત પાસા ફેરવવામાંજ પસાર થાય છે એ વાત ખરી છે પરંતુ સાહેબ આલમ! થોડીવાર પ્યારના વિચારોને દિલમાંથી દુર કરો તો હમણાંજ નિદ્રાવશ થઇ જશો."

મીરઝાની સલાહથી સલીમે નિંદ્રા આવવા માટે બહુ કોશીશો કરી પણ તે બધી વ્યર્થ ગઇ આખરે છેક સવારના ચાર સાડાચાર વાગે લગાર આંખ લાગી તો સલીમે સ્વપનામાં જોયું કે "તે એક ભયંકર જંગલમાં ઉભો છે ચારે બાજુએ નજર ફેંકતા માટીના મોહટા મોહટા ઢગલા અને વેરાન સુનસાન મેદાન સિવાય કાંઇ પણ નજરે પડતું નથી એટલે તે ઘણોજ ઘબરાયો અને જ્યારે કોઈ પણ માણસ નજરે ન પડ્યો તો લાચારીએ એક બાજુએ ચાલી નીકળ્યો. તે થોડીજ દુર ચાલ્યો હશે કે એક તલાવ નજરે પડ્યું. અને જ્યારે તેણે તલાવની નજીકમાં જઇને જોયું તો તલાવમાં પાણીની જગ્યાએ લોહી ભરેલું હતું. અને માછલાંના બદલામાં માણસોનાં માથાં તરી રહ્યાં હતાં. એ માથાંઓમાં એક માથું અબુલફઝલનું બીજું તેના દુધભાઈ કુતબુદીનનું ત્રીજું અલીકુલીખાનનું અને ચોથું મીરઝા મેહમુદનું હતું. સલીમ આ માથાંઓને અજાયબીની સાથે જોઈ રહ્યો હતો કે એટલામાં આકાશ ઉપર હવામાં અધર લટકતો તખત નજરે પડ્યો અને તે તખત ઉપર મેહરૂન્નીસાને બેઠેલી જોઇ આ જોતાંજ સલીમે હાથના ઈશારાથી મહેરૂન્નીસાનું ધ્યાન પોતા તરફ ખેંચવાની કોશીશ

ફરી અને ફરી બુમો પાડતાં કહ્યું. "ઓ બેવફા ! તું સુખ ચેન અને મોજ મજામાં જીંદગી ગુજારે છે અને હું તારા પ્યારમાં વનવગડામાં ભટકું છું.

ઇસ તરફ ભી તુઝે લાઝિમ હે નિગાહે ગાહે
દમ બદમ લેહઝા બ લેહઝા નહીં ગાહે ગાહે "

આ સાંભળી મેહરૂન્નીસાએ તખત ઉપર બેઠાંજ બેઠાં જવાબ આપ્યો.

"સલીમ ખરેખર તું દિવાનો થયો છે. જો સાંભળ દરેક કાર્યના માટે વખત મુકરર થયેલો છે માટે જ્યારે તેનો વખત આવશે ત્યારે થઇ રહેશે" સલીમે આંસુઓ પાડતાં કહ્યું "એ બધું ,સાચું છે પણ આશકમાં ધીરજ ધરવાની શક્તિ હોતી નથી.

કરાર દર કફે આઝાદગાં ,ન ગીરદ માલ
ન સબ્ર દર દિલે આશક ન આબદર ગિરબાલ "

મેહરૂન્નીસાએ વળતો જવાબ આપ્યો "જો તારામાં ધીર ધરવાની અને સબ્ર કરવાની શક્તિ ન હોય તો આ તલાવમાં કુદ અને એક ડુબકી માર, એટલે તું મારી પાસે આવી જઇશ" સલીમ આ સાંભળતાંજ ખુશીના આવેશમાં ઉત્સાહની સાથે દિવાનાઓની પેઠે આંખો બંદ કરી તલાવમાં કુદી પડ્યો અને એક ડુબકી મારી, પણ જ્યારે તેણે આંખો ફાડીને જોયું તો નતો તલાવ ન જંગલ અને ન તો મહેરૂન્નીસા હતી. બલકે પોતાના મહેલમાં પલંગ ઉપર હતો, એક ગુલામ પગ દબાવી ને જગાવી રહ્યો હતો આ જોતાંજ સલીમ બોલ્યો.

'મેરી આંખ બંદથી જબ તલક વો નઝરમેં નુરે જમાલ થા
ખુલી આંખ તો ન રહી ખબર કે વો ખ્વાબ થા કે ખ્યાલ થા

તે બાદ સલીમે હાથ મોં ધોયું અને હજુ ટુવાલથી લુછીજ રહ્યો હતો કે તેનો મુસાહિબ ખાસ મીરઝા મેહમુદ આવી પહોંચ્યો જેને જોતાંજ સલીમે કહ્યું.

"કેમ કાલનો વાયદો યાદ છે કે?"

"જીહા સારી પેઠે યાદ છે."

"તો ફરી ચાલો?"

"હા ચાલો" મીરઝા મેહમુદે સ્ત્રીનો લિબાસ આપતાં કહ્યું "લ્યો આ પેહરો."

સલીમ તરતજ અંદર ગયો અને થોડીવારમાં સ્ત્રીનો લિબાસ પેહરી છમછમ કરતો બહાર આવ્યો અને મીરઝાને કહ્યું.

"તું તારી પોશાક તો બદલી લે."

"હું તો ઘેરથીજ બદલીને આવ્યો છું. માત્ર આ ઓવરકોટ પેહરેલો છે પણ હવે તેને ઉતારી દઉંછું" મીરઝા મેહમુદ ઓવરકોટ ઉતારી બાનુઓની પેઠે લટકાં કરી બોલ્યો "લ્યો સાહેબ આલમ! બંદી મેહમુદા બેગમ હાજર છે."

"જાણે નરો હીજડો" સલીમે હસતાં હસતા કહ્યું. "તને મેહમુદા બેગમ કોણ કહે?"

"અને આપ તો જાણે પંદર વરસની જોબનવંતી બાળા દેખાવ છો હાય સાહેબ આલમ, શું તમારા જોબનની બહાર!"

"ચાલ અત્યારે સાહેબ આલમ ન કહે" સલીમ છણકો કરીને બોલ્યો "અત્યારે તો હું બી સલીમન છું."

"ઠીક ત્યારે બી સલીમનબાઈ!"

"હા બહેન મેહમુદા શું કહોછો?"

"ચાલો તમને તમારા સાસરે મુકી આઉં"

"વોય રાંડ કુતરી, મને સાસરે મુકી આવનાર તું

કોણ ? "

" હું કોણ?" મીરઝા મેહમુદ પ્રથમની પેઠેજ લટકાથી બોલ્યો. " તારી સાહેલી, પણ ઉભી તો રહે હમણા તારા ધણીને કહી કુતરી કેહવાની મઝા ચખાડું છું."

" લે ચાલ, નખરા વખરાની વાતો મુકી દે."

" ઠીક, ત્યારે ચાલો હુઝુર."

" જો ફરી હુઝુર કહ્યું ? "

" અરે હાં ભુલી, ચાલો બહેન "

ટુંકમાં એટલુંજ કે સલીમ અને મીરઝા મેહમુદ સ્ત્રીઓના વેષમાં છમછમ કરતાં તથા લટકો મટકો કરતાં મીરઝા ગયાસના મકાનની દેવડી ઉપર પહોંચ્યા. મીરઝા મેહમુદ લગાર રૂષ્ટપુષ્ટ શરીરનો હોવાથી બુરકો પહેરવાના સબબે ઘણોજ બેડોળ દેખાતો હતો પરંતુ સલીમનું શરીર પાતળું અને મોહક હોવાથી બુરકો પહેરવાના સબબે સુંદર દેખાતો હતો, મીરઝા ગયાસની દેવડી ઉપર પોંહચ્યા મીરઝા મેહમુદ આગળ વધીને બારણામાં પગ મુકતો હતોજ હતો કે દરવાને અંદર જતાં અટકાવીને કહ્યું.

" આમ બેધડક મહેલમાં કેમ જાવ છો ? "

" કાં ભુલી ગયો કે ?" મીરઝા મેહમુદે સ્ત્રીના સાદમાં કહ્યું " દરરોજના આવનારને ભુલી જાય છે ? "

" મેં તો તમને આજેજ જોયાં છે કેમકે તે પેહલાં તમારા જેવી ભેંસ સમાન સ્ત્રી મહેલમાં આવીજ નથી."

" કેમ લ્યા ફાટયો કે ? આબરૂદાર સ્ત્રીઓનું અપમાન કરતાં શરમ નથી આવતી ? " મીરઝા મેહમુદે દરવાનને દબાવતાં ગુસ્સાથી કહ્યું.

" અંમાજાન આપ શું કરવા નીચ માણસથી વાત કરો છો " સલીમ ઝીણા સાદે બોલ્યો " આપ અંદર તો

ચાલો ફરી આ મુવાની વાત છે."

"હા બેટી તું ખરૂં કહે છે"

"અરે બેટી શું ખરૂં કહે છે, હજી તો અંદર જવું બહુ દુર છે સમજ્યાં સાહેબ?" દરવાન દરવાજામાં આડો ઉભો થઇને બોલ્યો. "તમારા જેવી ઢોંગી ભીખારણો માટે મહેલમાં જવાની મનાઈ છે."

"અરે મુવા પીટયા હું કાંઈ ભીખારણ નથી પણ મહેરૂન્નીસા બેગમની ઉસ્તાની છું. અને આ મારી દીકરી છે."

"પણ મેં તમને કોઈ દીવસ આવતાં જોયાં નથી તો ફરી કેવી રીતે માનું કે તમે બેગમસાહેબનાં ઉસ્તાની છો?"

"અલ્યા હું તો દરરોજની આવનારી છું" મીરઝા મેહમુદે લગાર ધ્રુજતા સાદે ગભરાઇને જવાબ આપ્યો. "તું જાણ્યામાં આજકાલનો આવેલો હઇશ."

"બેશક સાચું કહો છો હું આજકાલમાંજ આવેલો છું દરવાને મુછમાં હસતાં હસતાં કહ્યું "કહો જોઇએ અત્યારે આપ કોને મળવા પધાર્યા છો?"

"કોને વળી કેમ? મારી દીકરી સમાન શાગિર્દ મહેરૂન્નીસાને બીજા કોને?"

આ સાંભળી દરવાન ખડખડ હસી પડયો એટલે મીરઝા મેહમુદે આંખો કાઢી કહ્યું "લુચ્ચા, બદમાશ, ઇજ્જત આબરૂવાળી સ્ત્રીઓની મસખરી કરતાં શરમ નથી આવતી? મુવો દરવાન થયો છે! જોયું બેટી કેવો બારીક જમાનો આવી ગયો છે."

"હા અંમાજાન! મહેરૂન્નીસાને કહી આ મુવાને ખડખડીયું અપાવવુંજ જોઇએ."

સલીમનાં આ વાક્યને સાંભળીને દરવાન પેટ પકડીને

હસતાં હસતાં લોટપોટ થઇ ગયો અને જ્યારે મીરઝા મેહમુદે બહુજ ગુસ્સાથી હસવાનો સબબ પુછયો તો બોલ્યો.

"મહેરૂન્નીસાને સાસરે સિધાવ્યાને આજે ત્રીજો દીવસ છે અને તમે કહોછો કે હું તેમની ઉસ્તાની છું અને મહેરૂન્નીસાને મળવા આવી છું."

"મહેરૂન્નીસા કોના સાસરે ગયાં ?" મીરઝા મેહમુદે અજાયબીની સાથે સવાલ કર્યો.

"પોતાના."

"એટલે ?"

"એટલે તેમનું લગ્ન થઇ ગયું અને તેઓ પોતાના સાસરે સિધાવી ગયાં" દરવાને કહ્યું 'હવે સમજ્યાં ?"

"પણ તેમનું લગ્ન કોની સાથે થયું ?" સલીમે અજાયબી અને ગભરાટમાં પુછયું.

"કોની સાથે એટલે ?"

"એટલે તેઓ કોની સાથે પરણ્યાં."

"ખાનસાહેબની સાથે."

"ક્યા ખાનસાહેબ ?"

"સુબેદાર સાહેબ."

"તેમનું કાંઇ નામ વામ છે કે બસ ? એકલા સુબેદાર સાહેબ."

"નામ છે તો ખરૂં પણ હું ભુલી ગયો."

"જો બેટી ! આ મુવો પોતાની બદમાશી મુકતોજ નથીને ?" મીરઝા મેહમુદે કહ્યું " જો આવો નોકર મારી પાસે હોત તો હું તેને ભીંતમાં ઉભોને ઉભો ચણાવી દેત."

"એટલાજ માટે ખુદાએ નોકર આપ્યો નથી, ખરેખર ખુદા તાઅલા પણ મોહટો ઇનસાફી છે."

"અંમા લગાર ચુપ થઈ જાવ તમે પણ અત્યારે શું બ-

કબકાટ શરૂ કરી દીધો" સલીમે મીરઝા મેહમુદને ચુપ કરી દરવાનથી પુછ્યું "ભાઇ દરવાન, ખાનસાહેબનું શું નામ?"

"અલીકુલીખાન."

"અલીકુલીખાન!" સલીમ અજાયબી અને અફસોસીમાં ગરકાવ બનીને બોલ્યો "મહેરૂન્નીસા સાસરે કયારે સિધાવ્યાં."

"ત્રણ દીવસ થયા."

"હાય, અફસોસ !!"

દિલકી દિલ હી મેં રહી બાત ન હોને પાઇ
એક ભી ઉનસે મુલાકાત ન હોને પાઇ "

સલીમ આટલું બોલી બેહોશ થઇને ભોંય ઉપર પડી ગયો. આ જોઈ મીરઝા મેહમુદ સમયસુચકતા વાપરી પોકાર્યો. "અરે દરવાન જલદી જઇને લગાર પાણીલાવ, મારી દીકરી બેહોશીની બીમારીમાં પટકાઇ પડી છે માટે દોડ દોડ" દરવાને પાણી લાવવામાં લગાર વાર કરી એટલે મીરઝા મેહમુદે દરવાનને જોરથી એક લાત મારી જેથી તે ધબ દઇને ભોંય ઉપર પડી ગયો. અને બુમો પાડી મદદ માટે બીજા માણસોને બોલાવવા લાગ્યો. દરવાનની બુમો સાંભળી બીજા નોકરો દોડી આવ્યા. મીરઝા મેહમુદ સલીમની બાજુમાં ઉભો રહી સ્ત્રીઓની પેઠે તાળીઓ વગાડી તથા હાથના લટકાં કરી બધા નોકરોને ગાંળો દઇ રહ્યો હતો અને સલીમના બચાવની તથા ભેદ ઉઘડી ન જાય તેટલા માટે બધી જાતની સાવચેતીની તરકીબો લડાવી રહ્યો હતો એટલામાં પેલા દરવાને બહુજ બુમરાણ મચાવી દીધેલી હોવાથી બીજા નોકરોની સાથે મીરઝા ગયાસ પોતે પણ બહાર નીકળી આવ્યા. આ જોઇ મીરઝા મેહમુદ સમજી ગયો કે હવે ભેદ ઉઘડી જશે અને જો શાહઝાદાના એકાદ વાળને પણ નુકસાન થયું તો ગજબજ થઇ જશે તેથી

તરતજ મીરઝા ગયાસની પાસે દોડી ગયો, અને તેમના કાનમાં કહ્યું કે, "આ બેહોશ બનેલી બાળા, શાહજાદા સાહેબ છે મહેરૂન્નીસાના લગ્નની ખબર, સાંભળી બેહોશ થઇ ગયા છે માટે ખબરદાર, શાહઝાદાના વાળને પણ નુકસાન ન પોંહચે, નહીંતો ફરી ગજબજ થઈ જશે" મીરઝા ગયાસ આ બેહુદી વાત સાંભળી લાલચોળ થઇ ગયો. અને સલીમ તથા મેહમુદની આ બદમાશીનો સ્વાદ ચખાડવાની તૈયારીમાંજ હતો કે શાહનશાહની બીકથી લોહીનો ઘુંટડો ગળી ચુપ થઇ ગયો અને તાબડતોબ એક પાલખી મંગાવી સલીમને મીરઝા મેહમુદની સાથે શાહી મહેલના તરફ રવાના કર્યા.

બાબ ૬ ઠો

ખુદા કે•દૈન કા મુસાસે પુછીયે એહવાલ
કે આગ લેને કો જાયેં પયમ્બરી મિલજાય

"હું ઇરાનથી હિંદુસ્તાનમાં આવીશ તો આવો ગોહરે એબહા પ્રાપ્ત થશે એવી મને શી ખબર ?" અલીકુલીખાન પોતાના એકાંત વાસમાં પોતાની પરણેતર મહેરૂન્નીસાનો હાથ પોતાના ઓષ્ટ આગળ લાવી બોલ્યો " બેશક હું બહુજ બુલંદ નસીબાનો છું. ખુદા તાલાએ મારા જેવા અદના ઇનસાનને આવા કોહીનુરની બક્ષીશ કરી તે તેની દરીયદિલીનીજ નિશાની અને સાબેતી છે."

"આપ શું કહી રહ્યા છો ?" મહેરૂન્નીસા શરમથી નીચી નજર કરી બોલી "આવા ભેદની વાતોમાં મને તો કાંઇએ સમજ પડતી નથી."

"ભલી ! હું સાફ સાફ તો કહીજ રહ્યો છું"
"પણ લગાર વધારે ખુલાસેથી કહો તો સારૂં"

"જેવી ઇચ્છા": અલીકુલીખાને મહેરૂન્નીસાના સુંવાળા ગુલાબી ગાલો ઉપર હાથ ફેરવતાં કહ્યું "વ્હાલી ! અલ્લાતાલાએ તમને પોતાનાજ હાથે બનાવેલાં છે તેથી હું અલ્લાતાલાની કારીગરીની તારીફ કરી રહ્યો હતો. આ તમારા ગુલાબી ગાલોને જોઇ મારી કેવી હાલત થઇ રહી છે તે હું કાંઇ કહી શકતો નથી. તોપણ માત્ર આ કહ્યા વિના રહી શકતો નથી કે

તશબીહ કિસ્સે દું તેરે રૂખસારે સાફ કો
ખુરશીદ ઝર્દ રંગ કમર દાગદાર હૈ."

"વાહ વાહ! જુઠ બોલવાની પણ કાંઇક હદ હોય છે પરંતુ આપના ઉપર તો જુઠ બોલવું ખતમજ છે."

"નહીં નહીં, હું જે કાંઇ કહી રહ્યો છું તે સાચુંજ છે; બલકે તમારા અનુપમ રૂપની પુરેપુરી તારીફ કરી શકતો નથી.

જી ચાહતા હૈ કુદરતે સાને પે હું નિસાર
તુઝકો બિઠા કે સામને યાદે ખુદા કરૂં"

"બસ માફ રાખો મને વધારે ન બનાવો" મહેરૂન્નીસા હસતા મુખે બોલી "આપના તારીફ કરવાથી હું ગુનેહગાર બની રહી છું માટે ચુપ થઇ જાઓ. જુઓ હું તો આપની એક અદના લોંડી છું. માત્ર આપે મને પોતાની દાસી બનાવી લીધી તેથી હું કાંઇક ઠીક દેખાતી હઇશ, નહીંતો હું કેવી છું તે મને પોતાને સારો પેઠ ખબર છે.

જમાલે હમનશીં દરમન અસર કર્દ
વ'ર ન મન હમાં ખાકમ કે હસ્તમ"

"સુંદરી! જેવી રીતે તમે જાહેર રૂપ ગમાં ચકતા છો તેવીજ રીતે ઇલમમા પણ પુરાં છો અને મે સાંભળ્યું છે કે, રમુજ અને ઇલમે મજલીસના બુલબુલે હઝાર દાસ્તાન છો!"

"આપ કોના માટે ફરમાવો છો?"

"તમારા માટે! તમારા માટે!"

"મારા માટે?"

"હા વ્હાલી, તમારા માટે તમે પોતાને મારી પોતાની આંખો લઇને જુઓ, એટલે અત્યારે તમો મને કેવા દેખાઓ છો તેની ખબર પડી જશે.

"હશે, હવે કોઇ બીજી વાતો કરો."

"તમો જ્યારથી મળ્યા છો ત્યારથી બીજી બધી વાતોને વિસારી મુકી છે પણ હા, જો તમે સાચે સચું કહો

તો એક વાત પુછું"

"જરૂર પુછો."

"પેહલાં મારી સોગન ખાવ કે સાચે સાચું કહીશ"

"હું મરી જાઉં તોએ તમારી સોગન તો નહીં ખાઉં"

"ત્યારે ઇમાનની સોગન ખાવ."

"હા, ઇમાનની સોગન ખાઇને કહું છું કે, તમે જે કાંઇ પુછશો તે સાચે સાચું કહીશ."

"શાહઝાદા સલીમ અને તમારી જે વાત ઉડી હતી તેમાં કેટલો વજુદ હતો તે કહો જોઇએ?"

"હું સોગન તો ખાઇ ચુકી છું તેથી જે કાંઇ કહીશ તે સાચુંજ કહીશ. હવે તે માનવું ન માનવું આપની મરજી ઉપર છે" મહેરૂન્નીસા, પેશાની ઉપરથી પરસેવો લુછતાં બોલી "શાહઝાદાના સંબંધમાં જે વાત ઉડી હતી તે તદન જુઠ અને બનાવટી હતી. માત્ર દુશમનોએ પોતાનાં કલેજાં ઠંડાં કરવા માટે ગપ ઉડાવી દીધી હતી."

"નહીં, કાંઇ તો હશેજ કેમકે,

તા ન બાશદ ચીઝકે મરદુમ ન ગોયન્દ ચીઝહા"

"આપને ભરૂસો નથી પડતો તેથી સાફ સાફ કહુંછું માત્ર એક વખતે મીનાબાઝારમાં તેઓ મને મળ્યા હતા અને મને જોઇને તેઓએ જુદાજ વિચારોને જન્મ આપ્યો. પરંતુ મેં તેમને તેજ વખતે કહી દીધું હતું કે આ તલો-માંથી તેલ નીકળે તેમ નથી."

"બસ. આટલીજ વાત હતી?"

"હા એટલીજ વાત" મહેરૂન્નીસા બોલી "તેઓએ પોતાનો પ્રેમ જાહેર કર્યો પણ મેં તેમને સાફ કહી દીધું

બિરવ ઇન દામ બર જાયે દિગર નેહ

કે ઉનકારા બુલંદસ્ત આશિયાના"

" તેઓના પ્રેમની હકીકત તો મેં પણ સાંભળી છે.

નમન બરાં ગુને આરિઝ ગઝલ સરાયમો બસ
કે ઈનિફલીએ તો અઝહર તરફ ઈઝારા નન્દ "

" બસ હવે રેહવા દો, મને નકામી શા માટે બનાવો છો?"

" હું બનાવતો નથી પણ જે કાંઇ હકીકત છે તે સાફ સાફ કહી રહ્યો છું.

સર કોનસા હે જીસમેં કે સવદા નહીં તેરા
હોતી હેં તેરે નકશે કદમ કી ઝયારતેં "

" જો તમે આવીજ વાતો કરી મારી તારીફોના દફ્તર કહેવા શરૂ કરશો તો હું અહીંથી ચાલી જઇશ." મહેરૂન્નીસા અલીકુલીખાનના હાથને તરછોડીને બોલી "આપની એવીજ મરજી હોય તો લ્યો હું જાઉં છું."

" બેસો બેસો " અલીકુલીખાન મહેરૂન્નીસાના હાથને પકડતાં બોલ્યો " લ્યો હવે એવી વાતો નહીં કરૂં."

" ઠીક, ત્યારે હું પણ બેસું છું " મહેરૂન્નીસાએ અલીકુલીખાનના પાસમાં બેસીને પુછ્યું. " આપ ઇરાનમાં કયા હોદ્દા ઉપર હતા ? "

" હું ઇરાનમાં શાહે ઇરાનના નેઅમતખાનાનો દારોગો હતો પણ શાહના સ્વર્ગવાસ પછી રાજ્યમાં ફેરફાર થયો તો ત્યાંથી હીંદુસ્તાન ચાલ્યો આવ્યો અને મુલતાનમાં થોડા દીવસ રોકાયો. એટલામાં અબદુરરહીમ ખાનખાનાનથી ભકકરમાં મુલાકાત થઇ અને તે બાદ તેની મારફતે અકબરશાહ બાદશાહ સુધી રસાઇ થઇ ગઇ." અલીકુલીખાને પોતાની હકીકત પુરી કરતાં કહ્યું. ' બેગમ એ બધી વાતો હાલમાં બાજુએ મુકીને મને કોઇ સારો લતીફો સંભળાવે."

" મારામાં એટલી સમજજ કયાં છે? માટે પેહલાં આપ

કોઇ સારો લતીફો સંભળાવો ”

“ લતીફા બાઝી તો તમારા જેવી અકલમંદ બાનુ ઉપર ખતમ છે અને મારા માટે કહેતા હોવ તો હું સાફ કહુંછું કે મને તલવાર મારવા સિવાય બીજું કાંઇ આવડતું નથી પણ હા નજુમ અને રમલમાં કાંઇક દખલ ધરાવુંછું ”

“ શું, આપ નજુમ અને રમલ પણ જાણોછો ? ”

“ હા જાણુંછું અને જો શંકા હોય તો અજમાવી લ્યો.”

“ વારૂ, ત્યારે મારા માટે જુઓ !”

“ બહુ સારૂં, હમણાજ જોઇને જવાબ આપુંછું. ” આટલું કહી અલીકુલીનખાનં રમલના પાસા લાવ્યો અને મનમાં બબડીને ભોંય ઉપર ફેંક્યા, તે બાદ કાગળ ઉપર પાસાઓને જોઇ કાંઇક હીસાબ લખી બોલ્યો. “ બેગમ ! માથા ઉપર શાહી છત્ર નિસાર થતું જણાય છે. ”

આ સાંભળી તરતજ મહેરૂન્નીસાના મનમાં શાહઝાદાસલીમ વાળી વાત યાદ આવી. પણ ફરી તેને ભુલાવી દેતાં બોલી, “ ખુદા આપને મારા માથા ઉપર સલામત રાખે એટલે તે મારા માટે શાહી છત્ર કરતાં પણ વધારે છે. ” તે બાદ તેણીએ રમલની વાતને વિસારી મુકવા માટે કહ્યું. “આપે કોઇ ઉમદા લતીફા માટે ફરમાયશ કરી હતી તે હવે આપ ફરમાવો તો પુરી કરૂં.”

“ બેશક જરૂર, પણ આપને તસ્દી ન થતી હોય તો ફરમાવજો.”

“ એમાં તસ્દી શાની ? આપ મારા માથાના મુગટ છો તેથી આપને રાજી રાખવા એ મારી ફરજ છે ” મહેરૂન્નીસાએ આટલું બોલી નીચલો લતીફો શરૂ કર્યો.

“ એક અમીરની તારીફમાં એક શાયરે કસીદો લખ્યો અને ઇનામ પામવાની આશાએ સુનેહરી સાહીથી લખી

તેની સેવામાં લઇ ગયો. અમીર ઘણોજ કંજુસ હોવાથી તેણે તે કસીદો વાંચી કાંઈ પણ ઈનામ આપ્યા વિના આ કહીને પાછો વાળ્યો કે "તમોએ એ જે તારીફ આ કસીદામાં લખી છે તેના કાબેલ હું નથી." આ સાંભળી શાયરના તનબદનમાં ગુસ્સાની અગ્ની પ્રગટી નીકળી તેથી તેણે ઘર ઉપર પોંહચી તે અમીરની બદગોઇમાં કેટલાક શેર લખ્યા અને અમીરની પાસે જઇ તેના મોંહડા ઉપર સંભળાવી દીધા. અમીર ભારે કંજુસ તથા દુન્યાદાર માણસ હોવાથી શાયરની મતલબ સમજી ગયો અને પોતાની બદગોઈ સાંભળી ચુપ રહ્યો. આ જોઇ શાયર પાછો ચાલ્યો ગયો અને ફરી બીજા દીવસે પેલા અમીરના દરવાજા ઉપર આવીને બેઠો. જ્યારે અમીરે શાયરને ફરી જોયો ત્યારે કહ્યું "તમોએ બહુજ તકલીફ વેહીને મારી તારીફમાં કસીદો લખ્યો તો મેં તેના બદલામાં કાંઇ પણ આપ્યું નહીં, તેથી ફરી તમોએ મોહટી મહેરબાનીથી મારી બદગોઇના શેર લખ્યા તો પણ મેં કાંઇ કહ્યું નહીં અને તમો કાંઇ પણ લીધા વિના પાછા ગયા. હવે અત્યારે તમે પધાર્યા છો તેની શું મતલબ છે?" આ સાંભળી શાયરે હાવકા મોહડે જવાબ આપ્યો. "હવે હું એટલા માટે આવ્યો છું. કે જ્યારે આપ મરી જશો ત્યારે આપનો મરસીયો પણ મફત લખી આપીશ" શાયરની આ વાતથી અમીર બહુજ રાજી થયો અને જો કે કંજુસ હતો તોપણ કાંઇક ઇનામ આપી વિદાય કર્યો."

"વાહ વાહ, બહુજ સારો" અલીકુલીખાને મહેરુન્નીસાને કહ્યું "હાં એક બીજો પણ સંભળાવો."

"સાંભળો" મહેરુન્નીસાએ બીજો લતીફો સંભળાવતાં કહ્યું."

"એક અમીરના મકાન ઉપર એક ફકીર ગયો અને અમીરને કેહવા લાગ્યો કે "આપણે બંને જણા બાવા આદમ અને મામા હવ્વાની અવલાદમાં છીએ તેથી તમારા અને મારા બાબાપ એક થયા અને તે ઉપરથી આપણે બંને ભાઈઓ થઈએ છીએ. હવે ખુદાતાલાએ તમોને અઢળગ ધન આપેલું છે અને તેના પ્રતાપે તમે સુખચેનમાં જીંદગી ગુજારો છો, પણ ઇનસાફની રૂએ જોતાં તમે મારા ભાઈ થઈને આરામમાં રહો અને હું ભીખ માંગતો ફરૂં તે વાજબી નથી, માટે મહેરબાની કરી તમો તમારી મીલકતમાંથી તમારા ભાઈનો અર્ધોઅર્ધ હીસ્સો આપો કે જેથી તમારો ભાઈ પણ તમારી પેઠે આરામમાં જીંદગી ગુજારે." આ સાંભળી અમીરે કહ્યું "બેશક તમોએ ઇનસાફની વાત કહી" તે બાદ પેલા અમીરે પોતાના નોકરને બોલાવીને કહ્યું. 'આ, મારા ભાઈ મીલકતમાં ભાગ લેવા માટે આવ્યા છે માટે તેમને એક પૈસો લાવી આપ." ફકીર આ સાંભળી અજાયબીમાં બોલ્યો. 'વાહ! ભાઈના ભાગમાં તો અર્ધી મીલકત જોઈએ અને તમે એક પૈસો શા હીસાબે આપો છો? અમીરે લગાર હસતા મુખે નાક ઉપર આંગળી મુકીને કહ્યું. "ચુપ રહો, આખી દુન્યા બાવા આદમની અવલાદમાં છે માટે કયાંક બીજા ભાઈઓને ખબર પડશે તો આ એક પૈસો પણ નહીં મળે કેમકે તેઓ પોતપોતાનો ભાગ લેવા માટે આવી પહોંચશે" આ સાંભળી ફકીર પૈસો લઈને ચાલતો થયો."

"વાહ વાહ, બહુજ સરસ" એલીકુલીખાને કહ્યું "પણ એક બીજો એ સંભળાવો."

"ના, હવે હું થાકી ગઈ"

"થાકી ગયા હોવ તો લાવો હું પગ દબાવું."

" નહીં, એની કાંઇ જરૂરત નથી, હવે તો ઉંઘ આવે છે."

" બસ એકજ, વધારે નહીં."

" નહીં નહીં, બહુજ ઉંઘ આવે છે "

" ઉભા રહો હું તમારી ઉંઘને નસાડું છું." અલીકુલીનખાને મોહોબ્બત ભરી નજરે મહેરૂન્નીસાની નિંદ્રાના નિશામાં ઘેરાયલી આંખોને ચુમતા કહ્યું. " બસ એકજ સંભળાવો અને પછી સુઇ જાવ."

" નથી માનતા તો સંભળાવું છું." શરમથી આંખો નીચી કરી મહેરૂન્નીસાએ ત્રીજો લતીફો શરૂ કર્યો.

" કહેછે કે, જ્યારે અમીર તૈમુરલંગ હીંદુસ્તાનમાં આવ્યો ત્યારે તેણે હીંદના નામીચા ગવઇઆઓને બોલાવી એક જલસો કર્યો. ભાગજોગે તે ગવઇયાઓમાં એક આંધળો હતો પણ જ્યારે ગાવું શરૂ કર્યું ત્યારે તેણે એક સમો બાંધી દીધો અને એવી સરસ રીતે ગાણું ગાયું કે તૈમુરલંગ બહુજ ખુશ થઇ ગયો. જ્યારે તે આંધળો ગવઇયો ગાઇ રહ્યો. ત્યારે તૈમુરલંગે તેનું નામ પુછ્યું એટલે પેલા આંધળાએ પોતાનુ નામ "દોલત" જણાવ્યું. આ સભળી તમુર લંગે રમુજનાં પેલા દોલત ગવઇઆને કહ્યું " શું દેલત આંધળી છે ? " આંધળા ગવઇયા દોલતે આ સાંભળી તરતજ જવાબ આપ્યો "હુઝુર બે અદબી માફ! જો દોલત આંધળી ન હોત તો લંગડાને ઘેર કેમ આવત ?" તૈમુર લંગ પોતે લંગડો હોવાથી ગવઇયાનો આ જવાબ સાંભળી બહુજ ખુશ થયો."

" જુઓ હવે હું બીજો લતીફો નહીં કહું" લતીફો પુરો કરતાંજ મહેરૂન્નીસા બોલી.

" જેવી આપની ઇચ્છા " અલીકુલીખાન બોલ્યો "હું તો આપનો તાબેદાર છું તેથી પોતાની ઇચ્છાઓને દબાવી દઉં છું."

" આપ ગમે તે કહો બંદી હવે સુઇ જાય છે." આટલું બોલી મહેરૂન્નીસા પોઢી ગઇ એટલે અલીકુલીખાન પણ પોતાના ભાગ્ય ઉપર મગરૂર થતાં નિંદ્રાવશ થઇ ગયો.

બાબ ૭ મો.

ઇસ કશમકશ મેં દેહેર સે કયા કામ થા હમેં
અય ઉલ્ફતે સનમ તેરા ખાના ખરાબ હો

"આપની સ્થીતી જોઇ મારા તો હોશકોશજ ઉડી ગયા પણ ચાલો ખુદાનો શુકર કે આપ હુશીયાર તો થયા" મીરઝા મેહમુદ સલીમને હુશીયાર થએલો જોઈ બોલ્યો "આપના જેવો ઇસ્ક તો કોઇને નહીં થયો હોય ?"

"ભાઇ મેહમુદ ! મારી સ્થીતીનું કાંઇ નં પુછ.

સંભાલા હોશ તો મરને લગે હસીનોં પર
હમે તો મોતહી આઈ શબાબ કે બદલે"

"પણ સાહેબ આલમ ! ઇજ્જત આબરૂનો ખ્યાલ રાખવો જોઇએ."

"અરે નાદાન !
કહાં સબ્રો તહમ્મુલ આહ નંગો નામ કયા શે હે
યહાં રો પીટકર ઇન સબકો હમ એક બાર બયઠેહેં"

"બસ, આવીજ હીમ્મત ઉપર બાદશાહી કરશો? આપ જાણોછો કે આપ કોણ છો ?"

"હા, હું જાણું છું અને સારી પેઠે જાણુંછું કે, હું મહેરૂન્નીસાનો શયદા છું, ગુલામ છું, તાબેદાર છું.

મેં કયા કહું કે કોન હું સોદા બકોલે દર્દ
જો કુચ્છ કે હું સો હું ગરજ આફ્ત રસીદાહું"

"લો હવે આ રડવું પીટવું અને નામર્દીની વાતો મુકી દો અત્યારે હું સોગન ખાઇને કહુંછું કે, મહેરૂન્ની-

સાને આપની પાસમાં લાવીને ન બેસાડું તો મારૂં નામ મેહમુદ નહીં"

"હાય ! મારાં નસીબ એવાં ક્યાંથી
વો ભી હોગા કોઇ ઉમ્મીદ બર આઇ જીસકી
અપના મતલબ તો ન ઇસ ચર્ખે કોહનસે નીકલા"

"સાહેબ આલમ ! આપને સમજાવતાં સમજાવતાં મારી જીભ ઘસાઇ ગઇ, પણ આપ સમજ્યા નહીં. અફસોસ !!! શું, આપે એક ફીલોસોફરનું કહેવું સાંભળ્યું નથી ?

સર શમ્એસા કટાઇયે ઓર દમ ન મારીયે
મનઝિલ હઝાર સખ્ત હો હિમ્મત નહારીયે"

"એ કહેવું સત્ય છે પણ હું મારા માટે તો સદા નિરાશા નિરાશા અને નિરાશાજ જોઉંછું.

હમેશા કુન્જે તનહાઈ કો હમ મુનિસ સમજતે હેં
અલમ કો યાસકો હસરત કો બેતાબીકો હિરમાં કો"

"આપને આશાના કીનારા ઉપરથી ઉપાડી નિરાશાના ભમરમાં નાંખનાર કોણ છે તે પણ આપ જાણોછો ?"

"મારૂં ભાગ્ય, મારૂં કીસમત.

"નહીં, આપ ભુલોછો, ભાગ્યને શા માટે બદનામ કરો છો ? તેતો હમેશાં આપની બેહતરીમાં કોશીશ કરે છે પણ એક માણસ છે, કે જે આપના બુલંદ નસીબોને પસ્તીના ખાડામાં નાંખવા ચાહેછે"

"તે કોણ ?"

"અબુલફઝલ !"

"બેશક, તેં સાચું કહ્યું. ખરેખર તેજ મારો દુશમન છે, તેજ મને બરબાદ કરવા ચાહેછે, તેણેજ મને નિરાશાના ભમરમાં ધકેલી દીધો, તેણેજ મારી આશાઓ ઉપર

પાણી ફેરવી દીધું, તેણેજ મને આવી હાલતે પોંહચાડયો છે, તેણેજ મને દિવાનો બનાવ્યો. તેણેજ મને બદનામ કર્યો, તેણેજ મહેરુન્નીસાને બીજાના પેહલુમાં બેસાડી દીધી, તેણેજ મારા હકમાં કાતીલ ઝેરનું કામ કર્યું છે. હા! મેહમુદ! ખરેખર તેજ અબુલફઝલ મારો જાની દુશમન બન્યો છે."

"તો ફરી તેના માટે શો હુકમ છે!"

"મારો હુકમ?"

"જી હા, આપનો હુકમ."

"તું શું ચાહે છે?"

"જે આપ ફરમાવો તેજ."

"નહીં, તું શું કરવા માંગે છે?"

"મારા શાહઝાદાને દુઃખ આપનાર દુશ્મનને કાચો ને કાચો ખાઈ જવા માંગુંછું, જે ઠેકાણે પાણી ન મળતું હોય ત્યાં ગરદન મારવા ચાહુંછું, તેના કટકે કટકા કરી તેના માંસને ગીધ અને સમડીઓને ખવડાવવા ચાહુંછું, તેના કલેજાને શેકીને મારા દાંતોથી ખાવા માગુંછું. જે નિમક-હરામે મારા આકાએ નામદાર, મારા શાહઝાદાએ બાવિકા-રને નિરાશામાં નાંખી દીધો છે તેને અર્ધો ભોંયમાં દાટી તીરોના મારથી તલપાવી તલપાવીને મારી નાંખવા ચાહું છું; માટે બોલ મારા શાહઝાદા બોલ, તારો શો હુકમ છે?"

"તું જે કરવા ચાહતો હોય તે કર. પણ..." (તે આ-ગળ બોલવા જતો હતો તેવામાં)

"બસ, સાહેબઆલમ! બસ." મીરઝા મેહમુદ સલી-મના પગો ચુમતાં બોલ્યો "મને આપની રજાનીજ દરકાર હતી. હવે આપ જુઓ, કે હું શું કરૂંછું!"

"પણ અબુલફઝલ રાજ્યનો વડો વજીર છે" સલીમ

વિચારમાં પડીને કહેવા લાગ્યો " માટે લગાર થોભી......

" નહીં, સાહેબઆલમ! હવે મત ફેરવવો ન જોઇએ."

સલીમને વિચારમાં પડેલો જોઈ મીરઝા મેહમુદ બોલી ઉઠયો, અને સાથેજ મનમાં વિચારવા લાગ્યો કે, જો અત્યારે સલીમને બીજી વાતોમાં નહીં વળગાડી દઉં, તો ફરીને અબુલફઝલને મારી નાંખવાના આપેલા હુકમથી ફરી જશે અને એમ થવાથી મારો એક જાની દુશ્મન બચી જવા પામશે. આ ઠેકાણે વાંચકોને સમજાવવાની જરૂર છે કે, મીરઝામેહમુદ બદમાશોની ટોળકીમાંનો એક હોવાથી અબુલફઝલ જેવો મહા વિદ્વાન અને દુન્યાની ઉંચ નીચથી જાણીતો માણસ, શાહઝાદા સલીમની સોબતમાં આવા માણસને જોઇ ઘણોજ ગુસ્સે થતો હતો અને દરેક વખતે મીરઝામેહમુદને કરડી નજરે જોઈ શાહઝાદાની સોબત તજી દેવા માટે ધમકી આપતો હતો; તેથી મીરઝામેહમુદ અબુલફઝલને પોતાનો કટ્ટો શત્રુ સમજી આ વખતે શાહઝાદાના મુખથી તેને કતલ કરવાનો હુકમ મેળવવા ચાહતો હતો, જે સલીમના ઇશ્કની આડમાં હાસલ કરી લીધો હતો, પણ ફરી સલીમને વિચારોમાં પડેલો જોઈ તરતજ બાજી ફેરવી દેવા માટે બોલ્યો—

" સાહેબ આલમ ! જે માણુસ આપનો દુશ્મન, તે મારો દુશ્મન હોવોંજ જોઇએ; અને જે માણુસ આપનો મિત્ર, તે મારો મિત્ર. દાખલા તરીકે રહીમન કુટણીની મારફતે આપનું કામ ફતેહ થતું હોય તો તેણી કુટણી હોવા છતાં પણ હું તેનો ગુલામ બનવા તૈયાર છું. કાલે હું તેણીથી મળ્યો હતો અને તેણીએ આજનો વાયદો કર્યો હતો; તેથી ઘણું કરી હમણા આવતી હશે, માટે આપ લગાર મોહડું ધોઇ કરીને તૈયાર થઇ જાવ."

"જેવી તારી ઇચ્છા" સલીમ નિરાશાના સાગરમાં ગોથાં ખાતાં પલંગ ઉપરથી ઉઠયો એટલે એક નોકરે ચાંદીની ચલમચી અને બદનો લાવી મોહડું ધોવરાવ્યું, તેથી લગાર હુશીયાર થઇ ખુરશી ઉપર બેઠો. થોડીજવાર નહીં થઇ હોય, કે નોકરે ફહીમનના આવવાની ખબર આપી; એટલે સલીમે તેણીને અંદર આવવાની રજા આપી. નોકરે બહાર જઇને કુટણીને અંદર મોકલી. કુટણીએ અંદર આવતાંજ સલીમને કુરનસ બજાવી સલામ કરીને કહ્યું–

"હાય હાય!! સાહેબ આલમ! હું આપના ઉપર કુરબાન જાઉં, આપનો ચેહરો કેટલો બધો ઉતરી ગયો છે. આંખોમાં ખાડા તો જુઓ! દુરથી હું આપને ઓળખી પણ શકી નહીં."

"ફહીમન! આ બધો ઇશ્ક ખાના ખરાબનો પ્રતાપ છે.

કરતા નગર કલામ ન પેહછાનતા કોઇ,
શયદા તુ ચંદ રોઝ મેં કિતના બદલ ગયા.

"ખુદા આપને સલામત રાખે."

"દોઆ ફરી આપજે, પણ પહેલાં જે કામ માટે બોલાવી છે તેની વાત કર." મીરઝા મેહમુદે ફહીમનને કહ્યું "અત્યારે તને એક કામ માટે બોલાવી છે."

"ફરમાવો."

"શાહઝાદા સાહેબ એક પરી પયકરના આશક થયા છે અને તારી મદદથી તેઓ પોતાના મહેબુબને મેળવવા માંગે છે; તેથી આ વખતે તારે આસમાન જમીન એક કરીને પણ શાહઝાદાસાહેબના મહેબુબને મેળવી આપવો પડશે."

"બસ, એટલીજ વાત છે?"

"હા, એટલીજ, પણ બહુજ કઠણ છે.' સલીમ બોલ્યો.

"ભલેને ગમે તેવી ન હોય?" મીરઝામેહમુદ બોલ્યો

"આ પણ ક્યાં કાચી છે? પરંતુ બી ફહીમન! શાહઝાદા સાહેબ ફરમાવેછે તેમ કઠણ તો છે, કેમકે શિકાર જાળમાંથી છટકી ચુક્યો છે.

"ઉડ ગઇ સોનેકી ચિડિયા રેહ ગયાં પર હાથમે"

"ભલેને છટકી ગયું" ફહીમન છાતી ઠોકતાં બોલી "જો સાતમા આસમાન ઉપર હશે તોપણ લાવ્યા વિના નહીં રહું"

"તારાથી એવીજ આશા રાખવામાં આવેછે." મીરઝાંમેહમુદે કહ્યું "શાહઝાદા સાહેબે દીવાન મીરઝાગયાસની દીકરીને મીના બાઝારમાં જ્યારથી જોઇ છે ત્યારથી તેના પ્યારમાં દીવાના બની ગયા છે અને રાત દીવસ તેનાજ નામનો જાપ જપેછે."

"ખરેખર, દીવાન મીરઝાગયાસની દીકરી મહેરુન્નીસા શાહઝાદાઓના લાયકનીજ છે."

"બેશક, ફહીમન! તું સાચું કહેછે." સલીમ બોલ્યો "મહેરુન્નીસાને પહેલી નજરે જોતાં તો એમ જણાયછે કે, જાણ્યામાં પુનમના ચાંદે દુન્યામાં ઉદય ન કર્યો હોય!!"

"હમણા માશુકની તારીફ રહેવા દો, અને ફહીમનને કાંઇ કામ સોંપવું છે તે મને કહેવા દો." મીરઝામેહમુદે કહ્યું "મીના બાઝારમાં મહેરુન્નીસાની મુલાકાત થઇ તે દીવસથી શાહઝાંદા સાહેબ દર વખતે મહેરુન્નીસાનીજ યાદમાં રહેતા હતા અને ઘણી ખરી વખતે નીશાની સ્થિતિમાં મહેરુન્નીસાનું પુરૂં નામ લઇ તેના પ્રેમને જાહેર કરતા હતા, તેથી ધીમે ધીમે આ વાતની ખબર શહેનશાહની સેવામાં પણ પોંહચી ગઈ; એટલે નામદાર જહાંપનાહે તાબડતોબ કાંઇ પણ વિચાર કર્યા પહેલાં મહેરુન્નીસાનું લગ્ન અલીકુલીખાનની સાથે કરી દીધું, અને લગ્નના દીવસેજ તેને

ઢાકાનો સુબેદાર બનાવી મહેરૂન્નીસા સાથે ઢાકે રવાને કરી દીધો. તેજ દીવસથી શાહઝાદા સાહેબ દીવાનાની પેઠે તેના નામની જપના કરી આ કહી રહ્યા છે.

શિતાબ આંકે નહીં તાબ અબ જુદાઇ કી "

" રહીમન ! જો અલીકુલીખાન મહેરૂન્નીસાને તલાક આપે અને હું તે મનહરણીને મારા નિકાહમાં લાવી શકું એવી કોઈ તરકીબ તું કરે, તો હું સદાને માટે તારો તાબેદાર બની જાઉં."

"શાહઝાદા સાહેબ ! આપ ધીરજ ધરો અને જુઓ તો ખરા, કે આપની આ લોંડી અલીકુલીખાનને કેવા નાચ નચાવેછે." રહીમન હીમ્મત આપતાં બોલી "હું અત્યારેજ ઢાકા તરફ વિદાય થાઉંછું અને ખુદા કરશે તો કામ ફતેહ કરીનેજ આપની સેવામાં હાજર થઇશ. માટે આપ ધીરજ ધરો અને દીલગીરીને દુર કરો."

"હું એક ચીઠી લખી આપું તો તું તેને આપી દઇશ?"

"હા, શા માટે નહીં ?"

સલીમે એક સરસ ફેન્સી ગુલાબી નોટપેપર ઉપર કેસરી રંગની શાહીથી નીચલી ચીઠી લખી.

"હાલે મન દર ફુરકતત નાઝુક તરસ્ત અઝ બર્ગે ગુલ"

"ઝાં, પએ તેહરીરે ખત કાગઝ ગુલાબી કર્દ એમ"

"જાને જહાં રૂહે રવાં !

"તમને તમારા પ્રેમીની ખબર છે ? તમારી જુદાઇમાં
"તેની કેવી હાલત થઈ રહી છે તે તમે જાણોછો ! રાત
"દીવસ તમારા સુંદર નામના રટણમાં જીંદગી ગુજરે છે.
"હરવું ફરવું, ખાવું પીવું સારૂં લાગતું નથી. દુન્યાની
"દરેક વસ્તુ ઝેર સમાન લાગેછે. માટે વ્હાલી ! તમારા
"સાચા પ્રેમી ઉપર કાંઇક રહેમ નજર કરી તેની અર-

" જને ધ્યાનમાં લ્યો. તમારા દર્શનની આશામાં ભટકું છું
" પણુ તમારો મનહર ચેહરો ક્યાંએ નજરે પડતો નથી.
' રાત દીવસ તમારી જુદાઇમાં આ શેરનો જાપ જપુંછું.

" યે ઉસ્સે કેહદે કોઇ ખુદારા
કે તેરા આશક અઝાબ મેં હૈ
" તુમે તો ગફલત પે નાઝ ઇતના
અજબ ભી શાયદ કે ખ્વાબ મેં હૈ.

" મન હરણી ! તમારા પ્રેમના જોશમાં હું મારા મન-
" ની વાત સાચવી શકયો નહીં અને તેથીજ તમારા જેવી
" સુંદરીને ગુમાવી બેઠો. દુશ્મનોએ તમારા જેવી પરીપ-
" યકરને દેવના હવાલે કરી દીધી, તો પણુ મહેરજીસા !
" જો તમે તમારા આશકને દુન્યામાં રાખવા ચાહતાં હોવ
" તો હજુ કાંઇ ગયું નથી માત્ર અલીકુલીખાનથી તલાક
" મેળવો અને મારા જાન માલની માલેકા બનો. તમારી
" જુદાઇમાં મારી સ્થિતિ મોત કરતાં વધારે બદતર છે માટે
" રહેમ કરો, દયા લાવો, ઉપકાર કરો.

" હાય, જો હું અત્યારે કાગળ હોત તો તમારા ના-
" જુક હાથ મારા શરીરને લાગત, પરંતુ અફસોસ ! હું કાગળ
" કરતાં પણુ બદતર છું."

" યે ચાહતા હૈ શોક અયે કાસિદ બજાયે મોહોર"
" આંખ અપની હો લિફાફએ ખતપર લગી હુઇ"

લી. પ્રેમી સલીમ.

સલીમે આ ચીઠી લખીને ફહીમનને આપતાં કહ્યું,

" આનો જવાબ ક્યાં લાવીશ ?"

" આપ જ્યાં ફરમાવો !"

" આઉધ જીલ્લામાં લાવજે."

" આઉધમાં કેમ ?" મીરઝામેહમુદે પુછ્યું.

"તને હમણાજ જણાઇ આવશે."

પ્હીમન ચીઠી લઇને રૂખ્સત થઈ એટલે મીરઝામેહમુદે કહ્યું "શું, પ્હરી વન વગડામાં ભટકવાની ધુન લાગી છે?"

"હા." સલીમ બોલ્યો "લગાર ખડીઓ કલમ લાવ."

"શા માટે?"

"કાગળ લખવો છે."

"કોને?"

"જહાંપનાહને."

"શાહઝાદા સાહેબ! જલદી ન કરો."

"નહીં, તારી સલાહની જરૂર નથી.

દિલ અપના ઇશ્ક કે દરિયામેં ડાલા
તવક્કલ તો અલહ્લાહે તઆલા"

"જહાંપનાહથી બગાડ કરવો ન જોઇએ."

"ચાલ ચુપ રહે.

મા કારે ખીશતન બ ખુદાવંદે કારસાઝ
બિસ્પુર્દએમ તા કરમે ઓ ચહા કુનદ"

મીરઝામેહમુદ અને સલીમમાં ઘણી વાર સુધી તકરાર ચાલ્યા બાદ સલીમે પોતાના પિતા શહેનશાહ અકબરની સેવામાં નીચલો કાગળ લખ્યો.

"મારા પિતા, મારા શહેનશાહ!

"મારૂં દિલ દુન્યામાં લાગતું નથી, શહેર કરડવા દોડે "છે અહીંના રહેવાશીઓના ચહેરાઓ ભયંકર દેખાય છે. "આમ થવાનું કારણ બીજું કાંઇ નહીં પણ મારી બધી "આશાઓપર એકદમ પાણી ફરી ગયું છે; તેથીજ મારો "વિચાર વૈરાગ લેવાનો છે અને પોતાનું મોહદું કોઇને "પણ ન બતાવું એમ ઇરાદો છે; માટે હાલ તરત પોતાની "તબીયતના સુધારા અર્થે આબુ જીલ્લામાં જાઉં છું.

"અગર જહાંપનાહને મારી જીંદગીની દરકાર હોય તો
"મને મારી સ્થિતિ ઉપરજ મુકી દેજો. મારી તપાસમાં
"માણસો દોડાવવા વ્યર્થ છે.

"દરો દિવાર પર હસરત સે નઝર કરતે હેં"
"રૂખસ્ત અય એહલે વતન હમતો સફર કરતે હેં"

આપનો

સલીમ.

સલીમ કાગળ લખી રહ્યો ત્યારે મીરઝામેહમુદે પુછ્યું "શું લખ્યું ?"

"જો એમાં કાંઈ પરદાની વાત નથી"—

"ઓહો !" મીરઝામેહમુદે કાગળ વાંચીને કહ્યું "આપ બહુ જબરા માણસ છો."

"હાલ તરત ચોબદારને બોલાવી કહી દે કે સવારમાં અમે શિકારે જઈએ તે બાદ આ કાગળ અબુલફઝલને આપી આવે અને કહે, કે જહાંપનાહને પોંહચાડી દે" સલીમે કહ્યું "અને ઘોડારમાં જઈ હુકમ આપ કે અરબી નસલના બે ઉમદા ઘોડા રાતના અગ્યાર વાગે અમારા મહેલની નીચે તૈયાર રાખે."

"ત્યારે હમણાજ જાઉંછું."

"હા, પણ હમણા કેટલા વાગ્યા હશે ?"

"દસ થયા હશે."

"ઠીક ત્યારે આ કાગળ આપી આવ અને ઘોડારમાં પણ કહી આવ."

"જેવો હુકમ."

મીરઝામેહમુદ સલીમના હુકમ પ્રમાણે ચોબદારને ત્યાં અને ઘોડારમાં ગયો ત્યાંથી તે શહેરની એક અંધારી ગ-

લીમાં એક ઘરના દરવાજા આગળ ઉભો રહ્યો. તે વખતે તેના ચેહરા ઉપર ગુસ્સો તથા દ્વેશનાં ચિન્હ પ્રગટી નીકળ્યાં હતાં. તેણે દરવાજા આગળ ઉભા રહી ધીમેથી ટકોરા માર્યા એટલે પાંચ મિનિટ પછી બુકાની બાંધેલો એક માણુસ દરવાજામાંથી બહાર નીકળ્યો અને મહેમુદને ઓળખી અદબથી સલામ કરીને ઉભો રહ્યો. મીરઝામેહમુદે મકાનમાં જઇને લગભગ અર્ધો કલાક સુધી તેનાથી વાતો કરી, અને ફરી આ શબ્દો બોલતાં દરવાજાની બહાર આવ્યો. "રણુવીરસીંગ! જેમ બને તેમ જલદી તૈયારી કરજે." આના જવાબમાં પેલા મકાનવાલાએ "આપ નચિંત રહો, હું મારી ફરજમાં પછાત નહીં પડું" કહી બારણું બંધ કર્યું. મીરઝામહેમુદ ત્યાંથી સીધો સલીમની પાસે આવ્યો. અને બંને જણાઓએ શીકારી ડ્રેસ પહેરી ઘોડારમાંથી આવેલા ઘોડાઓ ઉપર સવારી કરી ચાલતી પકડી. સલીમે ઘોડાને એડ મારતાં નિશ્વાસ નાંખી આ શેર પઢયો.

તું કહાં જાયગી કુછ અપના ઠીકાના કરલે,
હમતો કલ ખ્વાબે અદમ મેંશબે હિજરાં હોંગે.

બાબ આઠમો.

* શાલો ઝર બખ્ત મુબારક તુમે દોલત મંદો,
હમકો કમ્બલ મેં દોશાલેકામઝા મિલતાહે.

"તું કયાંથી આવેછે ?"

"દેહલીથી."

"શા માટે ?"

"બાકીની જીંદગી આપની સેવામાં ગુજરી જાય એવા ઇરાદાથી આવી છું" દાકામાં ફહીમને મહેરન્નીસાને કહ્યું.

"કાંઇ લખતાં વાંચતાં આવડે છે ?"

"હા, થોડું ઘણું જાણુંછું".

"ત્યારે જો આ શું લખ્યું છે ?" મહેરન્નીસાએ એક કાગળના કટકા ઉપર લખીને પુછયું.

"આ તો બહુજ સાફ લખેલું છે" ફહીમન બોલી ",પણ જો બોડીઆ દસ્ખત હોય તોએ હું વાંચી લઇશ."

"ઠીક, ત્યારે આ વાંચ."

"આ તો કોઇ શાયરનો શેર છે" ફહીમન બોલી "તે લખેછે કે,

"જો કરે એહસાન ઉસકો ચાહિયે ફિતાદગી,"
"પેશે પાયે રાખ્યા દેખા હે સરે ગુલગીર કો."

"તું તો સારીપેઠે વાંચી શકેછે."

"જી હા, આપ જેવા અમીરોની મહેરબાનીથી વાંચી લખી લઉંછું."

"આ તારી ચોળી કોના હાથની સીવેલી છે ?"

"મારા હાથની"

"અને બખીયો પણ તારાજ હાથનો છે ?"

"જી હા !"

"ત્યારે તું તો બધા ગુણોમાં પ્રવીણ દેખાયછે."

"આપની મહેરબાનીથી બધી વાતોમાં થોડું ઘણું જાણુંછું" ફહીમને મહેરુન્નીસાનું દિલ હાથમાં લેવાની બાજી રચતાં કહ્યું. "વળી બેગમસાહેબ ! મારા હાથના બનાવેલા શામીકબાબ અને દુલહન પુલાવ ખાશો તો બહુજ ખુશીની સાથે ઇનામ આપ્યા વગર નહીં રહો."

"ત્યારે મારાં મોહટાં નસીબ કે તારા જેવી સદ્દગુણી દાસી ઘેર બેઠાં મળી ગઈ."

"અને મારી મોહટી ખુશનસીબી, કે આપના જેવી ઉમદા ખવાસની કદ્રદાન બેગમની સેવામાં રહેવાનુ મળ્યું."

"હાલ તરત તો તને લાયબ્રેરીની સંભાળનું કામ સોંપુછું અને તે બાદ બીજાં બધાં કામો સોંપીશ."

"બહુ સારૂં!!"

ફહીમને માત્ર થોડાજ દીવસ નોકરીમાં મહેરૂન્નીસાનો સારી પેઠે ચાહ મેળવી લીધો. છેણીએ પોતાની પારસાઈ બતાવવા માટે લાંબી લાંબી નમાઝો અને વઝીફાઓ ભણવા શરૂ કર્યા. વળી માત્ર મહેરૂન્નીસાને બતાવવા માટે કેટલાક રોઝા પણ રાખ્યા. રાત દીવસ ફુરસદના વખતે કુરઆને મજીદની તીલાવત પણ કરવા લાગી. આવી રીતે કરવાથી મહેરૂન્નીસાના દિલમાં ફહીમનના માટે બહુ ઉમદા છાપ પડી અને તેથી તેણી ફહીમનને દરવખતે પોતાની સાથેજ રાખવા લાગી, મહેલની અંદર દાસ દાસીઓની બધી હુકુમત ફહીમનને સોંપી દીધી. તેથી ફહીમન જે નોકરને ચાહતી રાખતી અને જેને ચાહતી કાઢી મુકતી હતી. અલીકુલીખાને ફહીમનને પહેલીજ નજરે જોઈ મહેરૂન્નીસાની પાસે તેના માટે શંકા જાહેર કરી હતી. પરંતુ મહેરૂન્નીસા-

ફહીમનની પારસાઈ જોઈને અંજાઈ ગએલી હોવાથી અલીકુલીખાનની શંકાને ધ્યાનમા લાવી નહીં, તેથી અલીકુલીખાન બીજી વખતે કેહવું મુનાસબ ન ધારતાં ફહીમનની દરેક હીલચાલ ઉપર બારીક નજર રાખતો હતો. એક દીવસે મહેરૂન્નીસા બેઠી હતી એટલામાં ફહીમન આવી. ફહીમનના આવતાંજ મહેરૂન્નીસાએ કહ્યું.

"જરા લાયબ્રેરીમાંથી "દીવાને હાફીઝ" લાવી આપ."

"હમણા લાવુંછું" ફહીમન તરતજ લાયબ્રેરીમાંથી "દીવાને હાફિઝ" લઈને આવી અને મહેરૂન્નીસાને આપ્યું મહેરૂન્નીસાએ દિવાન ઉઘાડી પેહલીજ ગઝલનો મકતો પઢ્યો.

અલાયા અય્યોહા હસ્સાકી અદર કાસિન વ નાવિલહા
નમુદ આસાન ઇશ્ક અવ્વલ વલે ઉફ્તાદ મુશકિલહા

મજકુર શેરના પાછલા મીસરાને સાંભળી ફહીમને એક લાંબો નિશ્વાસ નાંખતાં કહ્યું.

"બેગમ સાહેબા ખરેખર ઇશ્કખાના ખરાબ એવોજ છે. તેના પ્રતાપે હજારો માણુસો બરબાદ થઇ ગયા.

દરબદર ખાક બસર ચાક ગિરેબાં કરકે
જાન લેતા હે વલે બે સરો સામાં કરકે"

"બેશક" આટલું બોલી મહેરૂન્નીસા આગળ વાંચવા મંડી ગઈ એ જોઈ થોડીવાર થોભ્યા બાદ ફહીમને કહ્યું.

"સુબહાનલ્લાહ !! બેગમ સાહેબ! અત્યારે આપના રૂપની હું કાંઇ તારીફ કરી શકતી નથી. આપની મોહકતા તો એવી છે, કે ભલભલાનું પથ્થરનું જીગર પાણી થઇ જાય, ખુદાની કસમ આપ તો કોઈ મોહટા તાજદારના મેહેલને શોભા આપો એવાં છો."

"નહીં, ફહીમન! એવું ન બોલ" મહેરૂન્નીસા હસ્તાં હસ્તાં બોલી,

ચે નિસ્બત ખાકરા બા આલમે પાક
હું તાજદારોની લોંડી બનવાને પણ લાયકની નથી"

"બેગમ સાહેબ! મને માફ કરજો, આપે તો આ પના હાથોથી સલતનતને ધક્કો માર્યો છે."

"એટલે?"

"બસ સમજી જાવ"

"ફહીમન! આવું ન બોલ."

"હઝરત અબ્બાસની કસમ ખાઇને કહુંછું કે, જો આપ અબ ઘડી સલતનત ચાહતાં હોવ તોપણ મળી શકેછે."

"ખુદા તારૂં બોલવું મુબારક કરે, અને ખુદા એવુંજ કરો."

ફહીમને આ સાંભળી તરતજ સલીમની ચીઠી આપીને કહ્યું.

"જુઓ તો બેગમસાહેબ! આમાં શું લખેલું છે? લાયબ્રેરીમાંથી વાસીદું વાળતાં મળી હતી. કોઈ ખાનગી કાગળ હશે એમ જાણી મેં વાંચી નથી."

મહેરૂન્નીસાએ તે ચીઠી લઇને વાંચી અને વાંચતાંજ તેનો ચહેરો ફીક્કો પડી ગયો. તથા હાથ પગમાં ધ્રુજારી છુટી. આ જોઈ ફહીમને પુછ્યું—

"આપ શા વિચારમાં પડી ગયાં?"

"ફહીમન! મહેરૂન્નીસા ગુસ્સાના આવેશમાં બોલી "તારે મારી સાથે આવો પ્રપંચ કરવો જોઇતો નહોતો. મારો શવહર બહાદુર સીપાહી છે તેથી તેને આ વાતનો લગાર અણુશારો પણ જણાઇ આવશે તો તારા કટકે કટકા કરી નાંખશે."

"બેગમ! લગાર વિચારો" ફહીમન બોલી "આપનો શવહર ભલેને બહાદુર સીપાહી અને સુબેદાર હોય પણ આખરે શાહઝાદાના ગુલામની બરાબર પણ નથી. માટે તેને મુકો અને ચાલો મારી સાથે, આપને હીંદની મલેકા બના

વવાનો હું બુમ્મો માથે લઉછું."

"ખબરદાર!" મહેરૂન્નીસા પોકારી ઉઠી 'તારી જીભ બંધ કર. ખુદા મારા સીપાહીને સલામત રાખે, મરા મનથી તેજ હીંદનો શાહઝાદો અને શહેનશાહ છે."

"બેગમ! શું આપ કામળીને દુશાળાથી ઉત્તમ ગણોછો?"

"બેશક!!"

શાલો ઝર બફ્ત મુબારક તુમેં દોલત મંદો,
હમેશ કમ્બલમેં દોશાલેકા મઝા મીલતાહે"

"જુઓ બેગમ! પસ્તાશો. ગએલો વખત ફરી હાથ નહીં આવે!"

"ચુપ, અત્યારે તારા મગજમાં દીવાનપણાએ વાસો કર્યો છે કે શું? મારો શવહર ચેહરા મોહરામાં, પૈસા ટકામાં, ઇજ્જત આબરૂમાં મારી હેસીયત કરતાં વધારે છે, માટે મને બાદશાહી ન જોઇએ, મને મલેકા બનવું ગમતું નથી, મને હીંદની બાદશાહ બેગમનો ઇલકાબ નથી જોહતો."

'જો તમારે મલેકા ન બનવું હોય અને તમે આજ સ્થિતિમાં રહેવા ચાહતાં હોવ તો ખુદાની ખાતર સલીમના ઉપર રહેમ ખાઓ, તે તમારો આશક છે."

"ફહીમન! તું તારી જીભ બંધ કર, હું શવહરવાલી સ્ત્રી છું તેથી મારી સામે ગેરપુરૂષનું નામ લેવું બહુજ ગુનાહ છે અને શવહરવાલી સ્ત્રીએ ગેરપુરૂષનું નામ લેવું તે ગોયા જહન્નમમાં પડવા બરાબર છે. માટે તું તારી જીભને બંધ કરી મારી પાસેથી ચાલી જા."

' તો શું બેગમ! સલીમ નિરાશ થઈ જાય?"

"હા તદન નિરાશ."

"લગાર આશા ન રાખે?"

"નહીં, જરા પણ નહીં."

"તમે કોઈ કાળે પણ અલીકુલીખાનને નહીં તરછોડો?"

"તું શું બકી રહી છે?" મહેરૂન્નીસા ગુસ્સાથી ધ્રુજતી બોલી "મારા શવહર ઉપર મારો એક એક વાળ ફીદા થઈ રહ્યો છે."

"પણ બેગમ! લગાર ફરી વિચાર કરી લ્યો."

"રહીમન! તું તારી ભલાઇ ચાહતી હોય તો અબઘડી અહીંથી ચાલી જા, નહીંતો જો કદાચ આ ભેદ ઉઘડી ગયો તો અમારા ઘરમાં કંકાશ પેસશે. જે મને મંજુર નથી, માટે અહીંથી તારી મરજી પડે ત્યાં ચાલી જા."

રહીમને આ વાતનો જાહેરમાં કાંઇ જવાબ આપ્યો નહીં, પરંતુ મનમાં કેહવા લાગી કે "તું તે સિપાઇને ભલે ન મુકે, પણ હું તેને મુકાવ્યા વિના કયાં રહેનાર છું. તું કંકાશથી ભલેને દુર નાસે, પણ હું તો કંકાશ કરાવવાના માટેજ આવી છું." રહીમનને આવી રીતે મનમાં બબડતી જોઇ મહેરૂન્નીસા બોલી—

"હું તને મોહટી પારસાઇની દેવી સમજી રહી હતી તેમાં ખરેખર મેં ભુલ ખાધી છે; પણ ખેર, જે થયું તે ખરૂં!! હવે તું તારી ભલાઇ ચાહતી હોય તો કાલ સવાર સુધી પોતાનું ઠેકાણું કરી લેજે, અને જો આ તારા શાહઝાદાની ચીઠી" મહેરૂન્નીસાએ તરતજ સલીમવાળી ચીઠીને સળગતી સગડીમાં નાંખી દીધી જે જોતજોતાંમાં બળીને ખાખ થઇ ગઇ. એટલે ફરી મહેરૂન્નીસાએ કહ્યું—

"રહીમન! તેં જોયું? આ ચીઠીના શા હાલ થયા?"

"હા, બળીને ખાખ થઇ ગઈ."

"આવીજ ખાખ હું તારા રાજપાટની લાલચ ઉપર નાંખું છું. સમજી? ખુદા મા૦ અલીકુલીખાનને મારા માથા ઉપર સલામત રાખે."

મહેરૂન્નીસા અહીં સુધી કહેવા પામી હતી કે એટલામાં અલીકુલીખાન આવી પહોંચ્યો અને મહેરૂન્નીસાને ગુસ્સામાં બેટેલી જોઈ બોલ્યો–

"કાં ! ખેરીયત છે ને ?"

"અલાહ ખેરીયત રાખે."

"તમે અત્યારે ગુસ્સામાં દેખાવ છો ?"

"નહીં નહીં," મહેરૂન્નીસાએ બનાવટી હસતા ચેહરે કહ્યું.

"હશે. ત્યારે મને એવું લાગ્યું" અલીકુલીખાને કહ્યું "બેગમ ! આજે ફહીમન પોતાના હાથે રાંધીને તૈયાર કરે."

"હુઝુર ! ઘણી ખુશીની સાથે" ફહીમન ખુશામદ કરતાં બોલી "અઘઘડી તૈયાર કરૂંછું."

આટલું બોલી ફહીમન રસોડામાં ગઈ અને અલીકુલીખાન બહારના ઓરડામાં ચાલ્યો ગયો. અર્ધો કલાક પછી મહેરૂન્નીસાની ગુલાબ નામની એક જુની દાસી આવીને કહેવા લાગી–

"બેગમ સાહેબ ! આપ ફહીમનને ભલે પારસા સમજમાં હોવ પણ મને તો તેની ચાલ કાંઈ સારી લાગતી નથી."

"કેમ, શા ઉપરથી કહેછે ?"

"હમણા ફીરની રાંધતાં રાંધતાં ફહીમને પોતાના ગજવામાંથી નાહની શીશી કહાડી અને તેમાંથી પાણી જેવી દવાહનાં બેચાર ટીપાં ફીરનીમાં નાખ્યાં અને મનમાં કાંઈ બબડી રહી હતી; તે શું બબડતી હતી તે હું બધું સાંભળી શકી નહીં, પણ માત્ર આટલું મારી સમજમાં આવ્યું કે "તું ભલે તેને ન મુકે પણ હું મુકાવ્યા વિના નહીં રહું."

"જો એમજ હોય તો ખરેખર કાંઇક દાળમાં કાળું દેખાય છે."

મહેરુન્નીસા તે વખતે તો કાંઇ બોલી નહીં, પણ જે વખતે દસ્તરખ્વાન પાથર્યું અને અલીકુલીખાન આવીને જમવા બેઠો તે વખતે ફહીમને પેલી ફીરનીની રકાબીઓ લાવી અને અલીકુલીખાનની આગળ મુકી દીધી. એટલે મહેરુન્નીસાએ કહ્યું–

' મારી એવી મરજી છે કે આ ફીરનીમાંથી થોડીક તું પણ ખાય. "

" મેં તો આજે રોઝો રાખ્યો છે. "

" આજે રોઝો કેવો ?"

" રમઝાનમાં થોડાક રોઝા રહી ગયા હતા તેથી હમણાં રોઝા રાખીને પુરા કરી લઉં છું."

ઉભા રહો, આપ હમણા ફીરની ખાતા નહીં.

આટલું કહી મહેરુન્નીસાએ ફીરનીની રકાબી બીલાડીના મોં આગળ મુકી દીધી. બીલાડી તરતજ જોત જોતાંમાં તે રકાબી સફાચટ કરી ગઇ. પરંતુ પાંચેક મિનિટ નહીં થઈ હોય, કે ગરીબ બિચારી બીલાડી તરફડીઆં મારીને મરી ગઇ. આ જોઈ અલીકુલીખાનના ગુસ્સાનો પાર રહ્યો નહીં, અને તલવારના એકજ વારમાં ફહીમનનું કામ તમામ કરવા ચાહતોજ હતો કે મહેરુન્નીસાએ વચમાં પડી ફહીમનને બચાવી લીધી, અને તેનો જીવ ન લેવાની ભલામણ કરતાં કહ્યું ' આપની મરજીમાં આવે તે સજા કરો પરંતુ તેનો જીવ લેતા નહીં. તે તો કોઇ દુશ્મનની શીખવણીથી અહીં આવેલી છે. " મહેરુન્નીસાની સીફારશ ઉપરથી અલીકુલીખાને ફહીમનના નાક કાન કાપી ગધેડા ઉપર બેસાડી શહેર બહાર કાઢી મુકવાનો હુકમ આપ્યો.

બાબ નવમો.

યે હમજલીસ યે હમદમ હેં બઝમે હસ્તી તક,
લહેદ મેં કોઈ કિસીકા શરીક હાલ નહીં.

"નામદાર સરકાર! દીલ્હીથી રણુવીરસીંગ આવ્યો છે" બુદેલખંડના રાજા નરસીંગદેવને તેના ખાનગી દીવાનખાનામાં રાતની વખતે દરવાને વરદી પોંહચાડતાં કહ્યું "અને કહેછે કે મારે હમણાં હાલ મહારાજા સાહેબથી મળવું છે."

"ભલે અંદર આવવા દે." નરસીંગદેવે અંદર આવવાનો હુકમ આપતાં પાસે બેઠેલા મુસાહિબને પુછ્યું "જાલમસીંગ! રણુવીરસીંગ અત્યારે કેમ આવ્યો હશે? કાંઈ અનુમાન તો બાંધો જોઇએ!!"

"ઘણું કરીને તો આપણા ભલા માટેજ આવેલો હશે." જાલમસીંગે પોતાની પાસે બેઠેલા સોબતીને કહ્યું "કેમ, ભીમદેવ! તમે શું ધારોછો?"

"અત્યારે આવવાનો સબબ તો એજ હોવો જોઇએ." ભીમદેવ પોતાનું વાક્ય બરોબર કહી પણ નહોતો રહ્યો, કે રણુવીરસીંગ દીવાનખાનામાં દાખલ થયો અને ઘણાજ અદબપુર્વક સલામ કરી ઉભો રહ્યો એટલે નરસીંગદેવે પુછ્યું.

"કેમ, અત્યારે શામાટે આવવું થયું?"

"મહારાજાની જય થાઓ" રણુવીરસીંગ બોલ્યો "કુળદેવીના પ્રતાપે મહારાજાની જય થતી જણાયછે. અત્યારે આપ નામદારની હુજુરમાં હાજર થવાનું કારણ જણાવવા માટે ખાનગીની જરૂરત છે, માટે એકાંતમાં સેવકને હુકમ કરમાવો તો સેવક અરજ કરશે."

"હમણા એકાંત થાયછે" પોતાના સોબતીઓને નરસીંગદેવે કહ્યું "તમે બહાર જાઓ" આ સાંભળી બધા સોબતી બહાર ચાલ્યા ગયા. એટલે નરસીંગદેવે રણવીરસીંગને પોતાની પાસે બોલાવીને પુછ્યું–

"કહો. શામાટે આવ્યા છો? અને મારા વિજય માટે કંઈ ખુશખબરી લાવ્યા છો?"

"નામદાર શાહજાદા સાહેબ. જેઓ અનકરીબ શહેનશાહે હીંદના માનવંતા ખેતાબથી ઓળખાશે તેમને પ્રસન્ન કરવાનો સમય આવી પહોંચ્યો છે, બધા રાજપુત્ર સરદારોથી ઉંચી પાયરીએ ચઢવાની બાજી હાથ લાગી છે; માટે મહારાજા! હીમ્મત કરો, અને આપણા સ્નેહી મીરઝામેહમુદે જે પત્ર મને આપ્યો છે તેના ઉપર અમલ કરો, એટલે ફરી ફતેહ ફતેહ અને વિજય વિજયજ છે."

"લાવ જોઉં, મારા વ્હાલા મિત્રનો કાગળ ક્યાં છે?"

"લ્યો, આ રહ્યો, પણ તેને વાંચતાંજ ફાડી નાંખજો." રણવીરસીંગે પોતાની કમરમાંથી કાગળ કાઢીને આપ્યો, નરસીંગદેવે ઘણાજ ઉત્સાહની સાથે કાગળની મોહોર તોડી અને વાંચવા માંડ્યો જે નીચે મુજબ હતો.

"મારા મહેરબાન મહારાજા નરસીંગદેવ!

"બાદ, આદાબો કુરનશની સાથે લખવાનું કે, ઘણા વર-
"સની મહેનત અને કોશીશના પ્રતાપે આજે એક અ-
"મુલ્ય તક હાથ લાગી છે. માટે જો શહેનશાહે હીંદના દર-
"બારમાં પહેલી ખુરશીએ બીરાજવું હોય, બધા રાજપુત્રોના
"દરજ્જાથી ઉંચા દરજ્જે ચઢવું હોય, શહેનશાહના માનીતા
"બનવું હોય, આખા હીંદમાં નામના પ્રાપ્ત કરવી હોય
"તો હું જે કંઈ લખું છું તેના ઉપર અમલ કરો. મત્ર
"થોડીજ કોશીશમાં ઉપર લખેલી બધી નામનાઓ પ્રાપ્ત થશે

" અને દુસ્મનો બળીને ખાખ થઇ જશે. જો કદાચ તમોએ
" મારી સોનેરી સલાહને માન્ય ન રાખી, તો યાદ રાખજો
" કે તમારી બધી ઇચ્છાઓ અને મારી તથા તમારા બીજા
" જાસુસોની બધી મહેનત ઉપર પાણી ફરી વળશે અને
" ફરી ભવિષ્યમાં આવી સોનેરી તક મળશે કે નહીં, તે
" પણ એક શંકાભરેલી વાત છે.

" નામદાર શાહઝાદા સલીમ, દીવાન ગયાસની દીકરી
" મહેરૂન્નીસા ઉપર આશક થયા છે તેની ખબર નામદાર
" જહાંપનાહને પડતાં તેઓએ અબુલફઝલને સમજાવવા
" મોકલ્યો, પણ શાહઝાદાએ જહાંપનાહની સલાહ માન્ય ન
" રાખતાં અબુલફઝલને પાછો કાઢયો. એટલે અબુલફઝલે
" જહાંપનાહને ઉંધું ચતું સમજાવી તાબડતોબ મહેરૂન્નીસાનું
" લગ્ન અલીકુલીખાનની સાથે કરી દીધું અને લગ્નના
" દીવસેજ મહેરૂન્નીસાને અલીકુલીખાનની સાથે ઢાકે રવાને
" કરી દીધી. જ્યારે આ વાતની શાહઝાદાને ખબર પડી
" ત્યારે મેં તેઓના મગજમાં સારી પેઠે ઠસાવી દીધું કે,
" આ કામ અબુલફઝલનુંજ છે અને તેજ તમારો ખાસ
" દુસ્મન છે, તે ઉપરથી નામદાર શાહઝાદાએ અબુલફઝલ-
" ને મારી નાખવાનો હુકમ આપ્યો છે (જો કે હુકમ આ-
" પેલ નથી પણ પોતા તરફથી તે ખોટું લખે છે.) હવે
" હું પોતે અબુલફઝલનું કાસળ કાઢી નાંખવને તલપું છું
" પરંતુ નામદાર શાહઝાદાની પાસે બીજું કોઇ મણસ ન
" હોવાથી તેઓ મને પોતાની પાસેથી જુદો કરવા મા-
" ગતા નથી; તેથી હું તમારા જેવા સ્નેહીને શાહઝાદા સા-
" હેબને પ્રસન્ન કરવાની સોનેરી તક સોંપું છું. આશા છે કે,
" તમો મારી સલાહ પ્રમાણે અમલ કરી નામના પ્રાપ્ત કરશો.

" આવતી કાલે સવારે દસ વાગે અબુલફઝલ તમારા

" રાજ્યની સરહદમાં થઇને ગવાલિયર તરફ જનાર છે,
" તે વખતે તેની સાથે ઘણાંજ થોડાં માણસ હશે. તમો
" બસ્સો માણસોની સાથે જશો તો સ્હેજમાં કામ થઇ
" જશે. માટે તમે આ કાગળ વાંચતાં તરતજ તૈયારી કરો,
" અને તમારી કુળદેવીનું નામ લઇ શાહઝાદાને પ્રસન્ન
" કરવા અબુલફઝલનું માથું કાપવાનું બીડું ઝડપો. અબુ-
" લફઝલનો બહુજ પાબંદ છે, તેથી તમે દસ વાગ્યાથી
" લગભગ બે વાગ્યા સુધી લાગ સાધીને તાકમાં રહેજો.
" નમાઝની વખતે મારી નાંખવાની ઉમદા તક મળશે.

" નરસીંગદેવ ! જો તમોએ આ સોનેરી તકમાં
" વિજય મેળવ્યો, તો યાદ રાખો કે તમે ઘણાજ થોડા
" દીવસમાં રાજા માનસીંગ અને બીજા માનવંતા રાજપુત્રો
" કરતાં વધારે નામના પ્રાપ્ત કરી મુગલ શહેનશાહતના
" એક થંભ બની જશો. વરસોની મહેનત પછી તમારા
" માટે આવી ઉમદા તક મળી છે તેને કદીએ ગુમાવતા
" નહીં. નહિતો ફરી જીંદગી સુધી આવી નામના પ્રાપ્ત
" કરવાનો સમય નહીં આવે.

" અબુલફઝલનું માથું કાપી શાહઝાદાને અલાહબાદ
" મોકલજો કેમકે શાહઝાદા સાહેબ અને હું અત્યારેજ
" અલાહબાદ જવાની પયરવીમાં છીએ."

લી. તમારો વિશ્વાસુ,

મીરઝા મેહમુદ.

નરસીંગદેવે આ કાગળ બેચાર વખત ફરી ફરીને વાંચ્યો અને વાંચીને ભારે સોચમાં પડી ગયો એટલે રણવીરસીંગે પુછ્યું,—

" કેમ મહારાજા ! શા વિચારમાં પડ્યા છો ? "

" અબુલફઝલ કાંઇ નાહનો સુનો માણસ નથી તેથી તેને મારી નાંખવો પણ સ્હેલ નથી."

"અબુલફઝલ ગમે તેવો શુરવિર કેમ ન હોય, પણ શું, રાજપુત્રશુરવિરતા એવી છે? કે આ કામમાં પાછી પાની કરે!!!"

"નહીં, કદીએ નહીં, બધા રાજપુત્રો ઉપર સરદારી ભોગવવા માટે એક અબુલફઝલ તો શું, પણ એવા હજારો હોય, તોપણ હું આવી તકને કદી ગુમાવું નહીં; કેમકે શહેનશાહના દરબારમાં માન મેળવવાની તક આ કરતાં સરસ મળશે નહીં, બીજા રાજપુત્રોએ તો પોતાની દીકરીઓ અને બેહનો આપીને માન મેળવ્યું છે, પણ હું મારી બહાદુરીના પ્રતાપે માન મેળવીશ, માટે રણુવીરસીંગ! તું કાલ સુધી થોભી જા, અને અબુલફઝલનું માથું લઇને જજે."

"જેવી મહારાજની આજ્ઞા"

તે બાદ નરસીંગદેવે પોતાના બહાર ઉભેલા મુસાહેબોને બોલાવ્યા અને તેઓને સવારમાં શીકારે જવાની ઇચ્છા હોવાથી તૈયાર થઇ રહેવાનું કહી વિદાય કર્યા અને પોતે પોતાના શયનગ્રહમાં પહોંચ્યો; પલંગ ઉપર પડીને નિંદ્રા આવવાની કોશીશો કરવા માંડી પણ બધી વ્યર્થ ગઇ. તેથી છેવટે કાંઇક વિચાર કરી પોતાના માનીતા અને વિશ્વાસુ હકીમ નવરોઝ અલીખાનને બોલાવ્યા. હકીમ સાહેબ લગભગ સાઠેક વરસનીવયના અને અનુભવી માણસ હોવાથી નરસીંગદેવ તેમને માન મરતબાથી રાખી અગત્યના સમયે સલાહ વીગેરે લેતો હતો. અત્યારે પણ તેણે મીરઝામેહમુદના કાગળ વાંચી સંભળાવ્યો; અને સલાહ પુછી તો હકીમ સાહેબે ઘણીવાર સુધી વિચાર કરી આ કામ ન કરવા માટે સુચના કરી, પરંતુ નરસીંગદેવના મગજમાં ન ઠસવાથી તેણે હકીમસાહેબની હામાં હા ભેળવી વિદાય કર્યા. હકીમ સાહેબ નરસીંગદેવની વાતચીત ઉપરથી સમજી

સુણ્યા હતા કે, આ રાજાની મતી મારી ગઇ છે. માન આબરૂની લાલસામાં મહા પાપનું કૃત્ય કરશે, માટે મારી સલાહ વ્યર્થ છે. તેથી વધુ કાંઈપણ બોલ્યા સિવાય અબુલફઝલના હકમાં દોઆએ ખેર કરતાં આ બોલીને પોતાને ઘેર ગયા.

" યે હમજલીસ, યેહમદમ હેં બઝમે હસ્તી તક,
લહેદમે કોઇ કિસીકા શરીક હાલ નહીં."

નરસીંગદેવ ભવિષ્યમા મળનાર માનમરતબાના વિચારોમાં એટલો બધો લીન થઇ ગયો કે, હકીમ સાહેબના જવા બાદ પલંગ ઉપર પડતાંજ સુઈ ગયો.

બાબ દસમો.

બરાએ ખિદમતે આંકસ કે નશનાસદ હકે ખિદમત,
મકુન અવકાતે ખુદ ઝાયા કે નેહ મઝદસ્તોનેહ મિન્નત.

"આપે કાંઇ સાંભળ્યું ?" મીરઝા મરેમુદે અલ્લાહબાદમાં શાહઝાદા સલીમને કહ્યું "જહાંપનાહની તબીયત અલીલ રહેછે."

"ખુદાતાલા શફા બખશે."

"ખુદાતાલા શફા બખશે કે સફાચટ કરી દે ?"

"એવું ન બોલ."

"શું કરવા ન બોલું ? હું તો જહાંપનાહ જલદીથી સફર કરે એવી યાચના કરૂંછું."

"ચુપ, દીવાનો છે કે શું ?"

"દીવાનો સમજો કે ગમે તે. પણ મારી તો એજ દોઆ છે."

"મીરઝા! તારી આ વાતો સારી લાગતી નથી, જહાંપનાહ જીવતા છે ત્યાંજ સુધી શહેનશાહતની જાહોજલાલી પણ છે. માટે તેમના લાંબા આયુષ્યની દોઆ માગવી જોઇએ."

"લો હવે રહેવા દો, "મનમાં શેખફરીદ અને બગલમાં ઇંટો" ની કહેવત પ્રમાણે તમારી પણ હાલત છે. શહેનશાહત મળવાના લોભમાં તો ખેંચાઇ રહ્યા છો અને જાહેરી શહેનશાહની તરફેણ કરોછો."

"મીરઝા! હું એવો લોભી નથી, મારામાં આવી નીચ વાતોનું રહેઠાણ નથી, હું મારા પિતાને દુશ્મન સમજતો નથી, કે તેઓના મરણની દોઆ માગું !!!"

"સાહેબઆલમ! એમ તો ન કહો, આપના સ્વભાવથી હું સારી પેઠે વાકેફ છું."

"મારા સ્વભાવથી તું લગાર પણ માહિતી ધરાવતો નથી એજ અફસોસની વાત છે."

"એમાં અફસોસ શાનો? હું તો સારી પેઠે આપના સ્વભાવથી જાણીતો છું. કહો તો અત્યારે આપના મનમાં શું છે તે પણ કહી દઉં."

"કહે જોઇએ!"

"અત્યારે આપના મનમાં શહેનશાહતનો શોખ સમાયેલો છે અને એજ વિચારોમાં લિન બનેલા છો, કે જે દીવસે જહાંપનાહ ગુજરી જશે તે દીવસે હું મોહટા દોર દમામની સાથે હીંદુસ્તાનની સલતનતનો શહેનશાહ બનીશ."

"જુઠ! તદન જુઠ. એટલા ઉપરથી તો હું કહું છું કે, તું મારા સ્વભાવને અત્યાર સુધી પારખી શકયો નથી."

"ત્યારે આપજ કહો જોઇએ, કે આપના મનમાં શું હતું?"

"હું અત્યારે એ વિચારમાં પડ્યો હતો, કે જો શહેનશાહની જીંદગીમાં હું ગુજરી જાઉં તો શહેનશાહને કેટલો બધો સદમો પોંહચે!!"

સલીમ અહીં સુધી કહેવા પામ્યો હતો, કે ચોબદારે આવીને ખબર આપી–

"એક ભીખારણ જેવી ફાટેલાં લુગડાં પહેરેલી સ્ત્રી, મહેલની બહાર આવીને ઉભી છે અને કહેછે કે, મારે શાહજાદા સાહેબની સાથે એક અગત્યની વાતચીત કરવી છે. પહેલાં તો મેં તેને ધમકાવીને કાઢી મુકી પણ તે એટલી બધી હઠીલી છે, કે ખસતીજ નથી. તેથી આપનું ફરમાન લેવા આવ્યો છું.

"આવવા દો" સલીમે હુકમ આપ્યો, એટલે ચોબ-

દ્વારે બહાર જઈ તે સ્ત્રીને અંદર મોકલી. સ્ત્રીએ અંદર આવી શાહઝાદાને સલામ કરતાં કહ્યું—

"હુઝુર! સલામ."

"અલી તું કોણ છે?" સલીમે પુછ્યું.

"જનાનીમાં ચુડેલ ન હોય!!!" મીરઝામેહમુદ બોલ્યો.

"નહીં, નહીં, મેં આને કોઇ જગ્યાએ જોએલી હોય એમ જણાય છે."

"સાહેબઆલમ! ભુલો છો" મીરઝામેહમુદે કહ્યું, "આ તો સ્ત્રી હોય તેમ દેખાતું નથી, કેમકે આના નાક કાન ક્યાં છે! વળી માથા ઉપર એકકે વાળ પણ નથી."

"ત્યારે શું ચુડેલ હશે?"

"ઉભા રહો, હું પુછું છું." મીરઝામેહમુદે પેલી આવેલી સ્ત્રીને પુછ્યું "કેમ તું કોણ છે?"

"કાં મીરઝાજી! આંખો ઉપર ચશમા ચડેલા છે કે ચરબી છવાઈ ગઈ છે?"

"કોણ! બી રહીમન?"

"હા, મીરઝાજી."

"તારા આ શા હાલ?"

"શાહઝાદા સાહેબની વફાદારીમાં નાક, કાન અને માથાંના વાળ કુરબાન કરી દીધા."

"તારી આવી સ્થિતિ કોણે બનાવી?" સલીમે પુછ્યું.

"આપની માશુક મહેરુન્નીસાના ધણીએ."

"અલીકુલીખાને?"

"જી હા!"

"ઠીક, ત્યારે હવે એની આવી બની છે, તે પોતેજ થોડા દીવસનો મેહમાન છે." સલીમ ગુસ્સાના આવેશમાં બોલ્યો "એ બદમાશને પુરેપુરી નસિહત ન કરું, તો મારું

નામ સલીમ નહીં.

પડા ફલક કો કભી દિલજલોંસે કામ નહીં,
જલાકે ખાક ન કરદું તો દાગ નામ નહીં."

"સાહેબ આલમ! અલીકુલીખાને તો ગજબનાક કર્યો."

"શાહઝાદા સાહેબ! જ્યાં સુધી અલીકુલીખાન જીવતો છે ત્યાં સુધી આપ મહેરૂન્નીસાને પોતાના પેહલુમાં બેસાડી શકશો નહીં, તે તો બંને જણુ એકમેકના ઉપર મરી ફીટે છે."

"ભલેને મરીફીટતાં હોય, પણ હવે એ અલીકુલીખાન ક્યાં જાય તેમ છે!"

"જહન્નમમાં" મીરઝાએ ઉમેર્યું.

"હાય! જહન્નમમાં જાય તો મને ટાઢક વળે" ફહીમન આંગળાના ટચાકડાં ફોડતી બોલી "પણ સાહેબ આલમ! હવે મારા માટે શો હુકમ છે?"

"હુકમ શાનો?" મીરઝામેહમુદે કહ્યું, "જ્યાં સીંગ સમાય ત્યાં ચાલતી પકડ."

"અને મેં જે નાક કાન કપાવ્યા તેનો બદલો?"

"બદલો! કેવો બદલો?"

"ત્યારે મેં અમસ્થા નાક કાન કપાવ્યા?"

"નહીં, અમસ્થા શામાટે?" સલીમ દીલાસો દેતાં બોલ્યો "તારા માટે કાંઇક બંદોબસ્ત કરી આપીશ."

"અફસોસ! મેં વફાદારીના બદલામાં આવો જવાબ સાંભળવાની આશા રાખી નહોતી. કાંઇક બંદોબસ્ત કરી આપીશ. તો તે ક્યારે?"

"હમણા તો જા, ફરી થઈ રહેશે." મીરઝાએ કહ્યું.

"અફસોસ! મીરઝાજી અફસોસ!!

બરાએ ખિદમતે આંકસકે નશનાસદ હકે ખિદમત
મકુન અવકાત ખુદ ઝાયાકે નેહ મઝદસ્તોને હમિન્નત"

"ચાલ ચાલ નકટી! વધારે વાતો કરી નકામું ભેજું ન ખા."

"અફસોસ! જાણું છું. જાણું છું ખરેખર." જેવું કરો તેવું પામો મેં જે કાંઇ કર્યું તે મારીજ આગળ આવ્યું."

"ભલે આવ્યું, તો પણ હવે ચાલતી પકડ."

"બહુ સારૂં! આ ચાલી."

આટલું બોલી ફહીમન બહાર ગઇ એટલે સલીમે કહ્યું, "આવી રીતે બિચારીને હડધુત ન કરવું જોઇએ."

"અરે સાહેબઆલમ! આપ આવી રંડાઓને ઓળખતા નથી. એ કરતાં પણ વધારે હડધુતને લાયકની છે." મીરઝા મેહમુદે પોતાના દીલમાં વિચાર કર્યો કે એ રાંડને જીવતી નહીં જવા દેવી જોઇએ; નહીંતો મારી તેમજ શાહઝાદાની સખત બદનામી કરશે. અને તેથી તેણે તેને મારી નાંખવાનો પોતાના મનમાં નિશ્ચય કરી ફહીમનને બહાર જઇને બોલાવી અને પાસેના રૂમમાં આવવાનું કહ્યું. ફહીમન સમજી કે કાંઇક ઇનામ મળશે તેથી તરતજ રૂમમાં દાખલ થઇ એટલે મીરઝામેહમુદે માત્ર તલવારના એકજ વારમાં ફહીમનનું કામ તમામ કરી દીધું. જે વખતે ફહીમનના બે કટકા થઇ ગયા તે વખતે પોતાની તલવારને લોહીલોહાણ થએલી જોઇ મીરઝા પોતાના મનમાં બબડ્યો "આવીજ રીતે! હા હા આવીજ રીતે મારા કાગળ ઉપરથી મારા દુશમનનું કાસળ નીકળી ગયું હશે. નરસીંગદેવ માન મરતબાનો ભુખ્યો અને લોભી છે, તેથી તે જરૂર કાગળ જોતાંજ અબુલફઝલનું કામ તમામ કરવા નીકળી પડ્યો હશે; અને જેવી રીતે મારી તલવાર ફહીમનના લોહીમાં ખરડાઈ છે તેવીજ રીતે તેની તલવાર પણ હિંદના નામાંકિત વઝીર અને શહેનશાહના ખાસ મિત્ર, પણ મારા કટ્ટા શત્રુના

લોહીમાં રંગાઇ હશે," મીરઝા મેહમુદ આવી રીતે બોલી બહાર આવ્યો તો દરવાને એક ટીનનો દાબડો લાવીને આપ્યો અને કહ્યું.

"એક સવાર આ દાબડો લઇને આવ્યો છે અને કહે-છે કે એક રાજપુત્ર રાજાએ નામદાર શાહઝાદા સાહેબને આ અમુલ્ય ભેટ મોકલી છે. માટે શાહઝાદા સાહેમે એકાં-તમાં ઉઘાડીને આ ભેટને કબુલ કરવી."

આ સાંભળતાંજ મીરઝા મેહમુદના ચેહરા ઉપર આનંદનાં ચિન્હો પ્રગટી નીકળ્યાં અને ધ્રુજતા હાથે શાહઝાદાને આ-પતાં બોલ્યો "સાહેબ આલમ! આ ભેટને સવારના કહેવા પ્રમાણે આપ એકાંતમાં ઉઘાડીને જુઓ."

"તારાથી કોઇ વાતનો પરદો નથી, માટે તું ઉઘાડ."

"જેવી આજ્ઞા" મીરઝા મેહમુદ દાબડો ઉઘાડવાની કોશીશ કરતાં બોલ્યો "એવી તો કઇ અમુલ્ય ભેટ હશે?"

"કોણ જાણે! જોઇએ તો ખબર પડે."

"પણ દાબડો ઉઘડતો નથીને? બહુજ મજબુતીથી બંધ કરેલો છે."

"ન ઉઘડતો હોય તો ભાંગી નાંખ."

"ચપ્પુથી કાણું કરી નાખું?"

"અરે! તોડીજ નાંખને."

મીરઝા મેહમુદે ઘણી કોશીશ બાદ દાબડાને તોડ્યો તો તેમાંથી ખરાબ વાસ આવી, જેથી તેણે દાબડાને મુકી દેતાં કહ્યું—

"તવબા! તવબા! કેવી ખરાબ વાસ છે!"

"અરે! પણ જોતો ખરો કે એમાં શું છે?"


"શાહઝાદા સાહેબ!" મીરઝા મેહમુદ દાબડો ઉઘાડીને

બોલ્યો "નામદાર વઝીરે આઝમનું માથું ! હાય !! હાય !!! આ શું ?"

"શું અબુલફઝલનું માથું ?"

"જીહાં, સાહેબ આલમ !"

"અફસોસ !!" આટલું બોલતાંજ સલીમ બેહોશ થઇને પડી ગયો એટલે મીરઝામેહમુદ આનંદની સાથે અબુલફઝલના માથાને ટેબલ ઉપર મુકી શાહઝાદાને શુદ્ધીમાં લાવવાની કોશાશમાં પડ્યો.



બાબ અગ્યારમો.

ઉફરી અંગર બગિરિયા મયસ્સર શુદે વિસાલ,
સદ સાલ મીતવાં બ તમન્ના ગિરીસ્તન.

શુક્રવારની રાત્રે હિંદનો મહાન મુગલ શહેનશાહ અકબર પોતાના મકતબખાનામાં રાજ્યના વડા આલેમો, શાયરો, કવીઓ, તથા ફારસી, અરબી અને સંસ્કૃત ભાષાના મોહટા વિદ્વાન પંડીતોની સાથે બેસીને વાદવિવાદ કરી રહ્યો હતો. મકતબખાનાના મકાનમાં સુગંધી વસ્તુઓથી અજબ બહાર દીપી રહી હતી. દરેક વિદ્વાન પોતાની કાબેલીયત બતાવવા માટે અઘરા અઘરા સવાલો પુછી અને જવાબો આપી ખુશી થઈ રહ્યો હતો. અકબર બાદશાહ વખતને કીંમતી ગણનાર હોવાથી બરોબર ટાઇમસર મજલીસમાં આવીને બેઠો હતો. પરંતુ તેનો દુધભાઈ અને સેનાધિપતી ખાનઆઝમ એક કલાક મોડો આવ્યો. ખાનઆઝમ ઘણોજ સીધો સાદો અને સાલેસ મુસલમાન હોવાથી તેની દાઢી ઘણીજ લાંબી હતી. એટલે જ્યારે ખાનઆઝમ એક કલાક મોડો આવ્યો, ત્યારે અકબરે હસતાં હસતાં કહ્યું—

"જાણ્યામાં દાઢીના બોજ તળે દબાઇ જવાથી તને આવવામાં વાર થઇ હશે!!"

"પીરો મુરશદ! આપે બહુજ ઠીક ફરમાવ્યું" "અબુલફઝલના વિદ્વાન ભાઇ ફૈઝીએ અકબરની વાતને ટેકો આપતાં કહ્યું એટલે રાજા ટોડરમલ પણ ખાનઆઝમની રમુજ કરતાં બોલ્યો—

"જનાબ ખાનસાહેબ! આપ સાહેબે આપની દાઢીને સફાચટ કરી દેવી જોઇએ. કેમકે એક વિદ્વાન કહેછે કે,

દાઢી કો મુંડા ડાલ તું મુછોંકો બખેડ઼"

"તે કોઇ વિદ્વાન નહીં પણ હજામ હશે" ખાનઆઝમ ટોડરમલને સંબોધીને બોલ્યો "તમે લોકો દાઢીની કદર શું જાણો? કેમકે—

દાઢી બકરેંકો હુવા કરતી હે ઝનખોં કો કહાં"

"ખાનસાહેબ! બેઅદબી માફ" કૃપઝીએ કહ્યું.

"રીશ બાયદ દોસે મુએ કે ઝનખદાં પોશદ,
નકે રીશે કે દરૂં બેંચ્યા દેહદ ખરગોશે."

"જરા મારી પણ સાંભળો." મુલ્લા દોપ્યાઝા બોલ્યો.

"ખાનસાહબસે યે કેહદો કે અયારાં યે બ્યાં,
દાઢી બકરેં કી હુવા કરતી હે શેરેંકી કહાં."

"વાહ બધાઓએ મળીને બનાવવો શરૂ કીધો, અને જહાંપનાહ તો એવા ચુપ થયા છે કે, જાણે આપે પહેલ કરીજ નથી!" ખાનઆઝમે અકબરની તરફ જોઇને કહ્યું "જહાંપનાહ! હું એકલો અને આ બધા એક તરફ એ શું ઇન્સાફની વાત કહેવાય?"

"બસ જવાદો, ખાનઆઝમ ગભરાઇ ગયો; માટે તેનો પીછો મુકો અને હકીમસાહેબ! આપ ફરમાવો કે, ગાયના માંસ સંબંધી આપનો શો મત છે?"

"જહાંપનાહ!" હકીમ અબદુલફતેહે અકબરના સવાલનો જવાબ આપતાં કહ્યું "હીકમતના પુસ્તકોમાં લખેલું છે કે, ગાયનું દુધ તંદુરસ્તી બક્ષનાર છે, પણ માંસ બીમારીનું ઘર છે."

"હકીમ સાહેબ સત્ય ફરમાવેછે" એક પંડીત સાહેબ ખુશ થઇને બોલી ઉઠયા. "જો ગાય પવિત્ર ન હોત તો કુરાન મજીદમાં સઉથી પહેલાં સુરએ બકર ન હોત."

"પંડીતજી! લગાર આપની ફીલસુફી રહેવા દો" ઉરફી નામના મહાન વિદ્વાન શાયરે અકબરને અરજ કરી. "અગર બેઅદબી માફ થાય તો કાંઇક અરજ કરૂં."

"ભલે."

"આજે શેખ સાહેબ (ફયઝી)ને આલમે બાલાથી પોશાક ઇનાયત થયો છે."

"અને મેં બાદ ઉરફીને બખશીશ કરી દીધો "ફયઝીએ તરતજ કહ્યું.

"એટલે?" અકબરે પુછ્યું.

"હું અરજ કરૂં" ઉરફી બોલ્યો "શેખ સાહેબે સાંભળ્યું હતું કે જ્યારે શેખ સાઅદી રહે. એ આ શેર કહ્યો હતો.

બરગે દરખ્તાને સબ્ઝ, દર નઝરે હોશીયાર,
હર વરકે દફતરીસ્ત; માઅરફતે કિરદિગાર.

ત્યારે તેમને અવલિયાનો મરતબો હાસલ થયો હતો અને બહેસ્તમાંથી હુલ્લા ઇનાયત થયા હતા. શેખ સાહેબને આ વાત યાદ આવી જવાથી તેઓએ પણ અવલિયા બનવાના શોખમાં આ શેર બનાવ્યો.

હર ગયા હે કે અઝ ઝમીં રોયદ,
વેહદહુ લાશરીક લહુ ગોયદ.

અને આ શેરને ઝુમીઝુમીને પઢી રહ્યા હતા અને આકાશ ભણી જોઈ જોઇને બહેસ્તીહુલ્લાની ઇન્તેજારી કરી રહ્યા હતા એટલામાં એક બે અદબ સમડી તે તરફ નીકળી આવી અને જાણી જોઇને તેણીએ પોતાનો હગાર શેખ સાહેબના

ચેહરા ઉપર નાખ્યો. અફસોસ! તે વખતે મારી પાસે ધનુષ્ય બાણ નહોતાં, નહીંતો તે બેઅદબ સમડીને તેની બેઅદબીનો સ્વાદ ચખાડત. શેખસાહેબને પણ સમડીની બેઅદબી ઉપર ભારે ગુસ્સો ઉપજ્યો. પણ શું! કરી શકતા હતા, "કેહરે દરવીશ બરજાને દરવીશ" ની કહેવત પ્રમાણે ચુપ થઇ ગયા, પણ એટલું જરૂર કહ્યું કે,

શેર કેહમી આલમે બાલા માઅલુમ શુદ "

"ભાઈ તમે બંને જણામાં દરવખતે લડાઇ ચાલ્યા કરે- છે તેથી અમે કાંઇ કહી શકતા નથી" અકબરે ઉરફીનું કહેવું સાંભળીને કહ્યું.

"જહાંપનાહ! ઉરફી મારા ભાઇ છે અને તેઓ જેટ- ટલી રમુજ કરે તેટલી રમુજ કરવાનો તેમને હક છે." ફયઝીએ કહ્યું.

"ચાલો આ વાતને પણ જવા દો" અકબર બોલ્યો. "અમે જ્યારે ફતેહપુરથી આવ્યા હતા ત્યારે ફયઝી! તમો- એ કયો કસીદો કહ્યો હતો? તેનો પેહલો શેર અમને બહુ- જ પસંદ પડ્યો છે તેથી તેને ફરી સંભળાવો."

"જેવી હુઝુરની આજ્ઞા" ફયઝીએ કહ્યું.

" નસીમે ખુશદિલી અઝ ફતેહપુર મી આયદ

કે બાદશાહે મન અઝરાહે દુર મી આયદ "

"વાહ! વાહ!" ચારે બાજુથી પોકારો થયા એટલે ફયઝીએ બધાને નમી નમીને સલામો કર્યા. તે બાદ કાંઇક યાદ આવી જવાથી અકબરે કહ્યું.

"આજે અબુલફઝલ ન હોવાથી કાંઈ બરાબર મઝા- આવતી નથી."

"બેશક! ખલીફાસાહેબ (અબુલફઝલ) સિવાય હુઝુરને

શાની મઝા આવે ?" ખાનઆઝમે કહ્યું.

"કાંઇ કામળ પત્ર આવ્યો નથી તેથી ભારે ચિંતા થાયછે" અકબરે ફૈઝીને પુછ્યું "તમારી પાસે કાગળ આવ્યો છે ?"

"જી ના !"

"ખુદા ખેર કરે" અકબરે ગભરામણ જાહેર કરતાં કહ્યું, "મારા દિલમાં પોતાની મેળે ચિંતા જન્મ પામેછે."

"એમાં ચિંતા શાની ?" ખાનઆઝમે કહ્યું "ખલીફા સાહેબ જેવી રીતે સાહેબેકલમ છે તેવીજ રીતે સાહેબે-તલવાર પણ છે, તેથી કોઇ પણ વાતની ચિંતા કરવી ન જોઇએ."

"ખુદાનું ચાહવું છે તો એક બે દીવસમાં ફતેહના ડંકા વગાડતાં અને વિજયની ધજા ફરકાવતાં આવી પહોંચશે" રાજા ટોડરમલે કહ્યું.

આવી રીતે મકતબખાનામાં અકબર પોતાના મુસાહિબોની સાથે વાતો કરી રહ્યો હતો એટલામાં એક ચોબદાર ગભરાયલો અકળાયલો અંદર દાખલ થયો અને શાહી આદાબ બજાવી લાંબી નીચી ગરદને બોલ્યો.

"નામદાર જહાંપનાહ !-ઘણી દીલગીરી અને રંજની સાથે આ દુઃખી ખબર પહોંચાડવાની ફરજ મારે માથે આવી પડી છે, કે શેખ અબુલફઝલે આ જહાંએફાનીથી કુચ કરી આલમે જાવેદાનીમાં મુકામ કર્યો" આ સાંભળતાંજ અકબરના હોશ ઉડી ગયા, અને બેઇખતીયાર બનીને બોલી ઉઠયો—

"ઓ કમનસીબ કાસદ ! તું આ શું બકી રહ્યો છે મારા વહાલા દોસ્તે ક્યાં સ્વર્ગવાસ કર્યો ?"

" જહાંપનાહ ! શેખ સાહેબને બુંદેલખંડના બદમાશ રાજા નરસીંગદેવે દગાથી કતલ કરી નાંખ્યા."

અકબરનો ચેહરો અબુલફઝલના મોતનું સાંભળી ફીકો પડી ગયો હતો તે આ સાંભળતાંજ લાલચોળ બની ગયો, અને જો કે તે એક દ્રઢ મનનો શહેનશાહ હતો છતાંપણુ અત્યારે બાળકોની પેઠે ચોધાર આંસુએ રડી પડ્યો. અને માથા ઉપરથી પાઘડી ઉતારીને ફેંકી દેતાં બોલ્યો.

" હાય ગજબ થઇ ગયો, કયામત બરપા થઇ ગઇ, અબુલફઝલ જેવો હીરો ગુમ થઇ ગયો, ઓ અબુલફઝલ ! તું મારા રાજ્યમાં હીરા સમાન હતો, તું મારો બાજુ હતો, તું મારો ભાઈ હતો, તારા પ્રતાપેજ હિન્દની ચડતી થઇ રહી હતી, અફસોસ મારી જીંદગીમાં તારા આવા હાલ થાય તે હું કેમ સાંખી શકું!! માટે ઓ ખાનઆઝમ ! અત્યારેજ જાવ, પર લગાવીને ઉડો અને તે બદમાશ ખુનીને તેનાં બાળ બચ્ચાંઓ સહિત મારી કાપીને કટકે કટકા કરી નાંખો, તેના દેશને વેરાન બનાવી તેમાં હળ ફેરવો, હાય, તેણે એવું કામ કર્યુ છે કે, તેના રાજ્યની બધી રઇયતને જાનથી મારી નાંખવી જોઇએ, અને તેના રાજ્યમાં ઘુવડ બોલતાં કરી દયો. પણ હાય મારો અબુલફઝલ કયાં ?"

આટલું બોલી અકબર પોતાના જનાનખાનામાં ચાલ્યો ગયો અને બે દીવસ સુધી અન્નપાણી ન લીધું તથા કોઇથી વાતચીત પણ કરી નહીં.

બાબ બારમો.

બયક લેહઝા બયક સાઅત બયક દમ
દિગર ગું મી શવદ એહવાલે આલમ

પાછલા બાબમાં લખેલી વાતને વરસો વીતી ગયાં. મહેરૂન્નીસા એક દીકરીની મા થઇ ચુકી છે અને આજકાલ પોતાના શવ્હર અલીકુલીખાનની સાથે દીલ્હીમાં આવેલી છે. શાહઝાદો સલીમ, જહાંગીર નામ ધારણ કરી હિંદુસ્તાનના તખ્ત ઉપર શહેનશાહ બની રાજ્ય ચલાવી રહ્યો છે. અકબર જેવો મહાન મોગલ શહેનશાહ સ્વર્ગવાસ પામી ચુકયો છે. અલ્લાહ! અલ્લાહ! શું હતું અને શું થઇ ગયું ?

બયક લેહઝા બયક સાઅત બયક દમ
દિગર ગું મી શવદ એહવાલે આલમ

હિંદનો શહેનશાહ જહાંગીર પોતાના ખાનગી દીવાનખાનામાં સોનાની રત્નજડીત ખુરશી ઉપર બીરાજ્યો છે અને તેની પાસે તેનો મુસાહિબે ખાસ મીરઝા મેહમુદ ઉભો છે. થોડીવાર સુધી તેઃ આમતેમની વાતો કરી અને પછી મીરઝા મેહમુદે કહ્યું—

“ જહાંપનાહ! દુશ્મન આપણા ઘરમાં છે માંટે આવી ઉમદા તક ગુમાવવી ન જોઇએ.”

“ બેશક! મારો પણ એજ વિચાર છે અને એટલાજ માટે તેને દીલ્લી બોલાવ્યો છે.”

“ ત્યારે ફરી આપના સેવકને હુકમ ફરમાવો.”

"લગાર થોભો, મારા દુધભાઈ કુતબુદ્દીનને બોલાવ્યો છે તેના આવ્યા બાદ વિચાર કરીશું."

"પણ જહાંપનાહ! મારો ઇરાદો તો અલીકુલીખાનને ઠેકાણેજ કરી દેવાનો છે."

"આ કામમાં જલદી કરવાની જરૂરત નથી."

"જેવી આપની ઇચ્છા."

થોડીવાર સુધી જહાંગીર અને મીરઝા મેહમુદમાં વાતચીત ચાલી, એટલામાં જહાંગીરનો દુધભાઇ કુતબુદ્દીન આવ્યો અને શાહી આદાબ અદા કરી બોલ્યો–

"ગુલામ જાંનિસારીના માટે હાજર છે."

"આવો, મેં તમને એક અગત્યના કામસર બોલાવ્યા છે."

"અગર હુઝુરના કામમાં તાબેદારના માથાની જરૂર પડે તો તે પણ હાજર છે"

"શાહબાશ! મને તમારાથી એવીજ આશા છે." જહાંગીરે મીરઝામેહમુદ તથા કુતબુદ્દીનને છેક પોતાની પાસે બોલાવીને કહ્યું "અત્યારે તમે બંને જણા અલીકુલીખાનની પાસે જાઓ અને ઘણીજ સંભાળભરી રીતે, હું મહેરૂન્નીસાને ચાહુંછું અને હજુ સુધી મારા જીગરમાં મહેરૂન્નીસાના પ્યારે વાસો કરેલો છે. એ સંબંધી વાતચીત કરો. તે બાદ તેને સમજાવો કે, તે મહેરૂન્નીસાને તલાક આપે, અને સાથેસાથેજ એટલું પણ કહી દેજો, કે જો તું મહેરૂન્નીસાને તલાક નહીં આપે તો બાદશાહસલામત તારી પાસેથી મહેરૂન્નીસાને જબરાઇથી છીનવી લેશે અને તેથી તારા હકમાં સારૂં નહીં થાય; અને જો તું તલાક આપવા ઉપર રાજી થાય, તો તું કહે તે અમીરની દીકરી સાથે તારાં લગન કરી આપી લાખોની જાગીરનો માલેક બનાવવામાં આવે. જો કદાચ અલીકુલીખાન આ વાત ઉપર

રાજી થઇ જાય તો મને તાબડતોબ આ ખુશખબરી સંભળાવવા માટે આવજો અને રાજી ન થાય તો એકાદ દીવસના આંતરે ફરી જજો.

"અને જો કદાચ તે કાંઇક તોફાન કરે તો ?"

"ફરી હું બીજો હુકમ આપીશ તે પ્રમાણે કરજો."

"તે એમનેએમ માની જાય તેમ લાગતું નથી." કુતબુદ્દીને કહ્યું.

"કેમકે છે પુરો બહાદુર." મીરઝા મેહમુદે કહ્યું.

"એની બહાદુરી જોઇને તો મેં શેરઅફગનનો ખેતાબ આપ્યો છે." જહાંગીરે કહ્યું "તોપણ શું થયું ? તમે તેને સંદેશો તો કહો !"

"જેવી આજ્ઞા."

આટલું કહી મીરઝા મેહમુદ તથા કુતબુદ્દીન અલીકુલીખાન ઉર્ફે શેરઅફગનના મકાન ઉપર ગયા. જ્યારે તેને આ બંને જણાના આવવાની ખબર મળી ત્યારે તેણે આ બંને જણાનો સત્કાર કરી દીવાનખાનામાં બેસાડ્યા અને પાન હોકો હાજર કર્યો. શરૂઆતમાં આમતેમની કેટલીક વાતો થવા બાદ કુતબુદ્દીનને મતલબની વાત શરૂ કરી.

"આજે આપને એક ખાસ બાબતસર તકલીફ આપવા માટે આવ્યા છીએ."

"ફરમાવો, સેવક સાંભળવા માટે તૈયાર છે."

"જો આપ મારી વાતને માન્ય રાખો તો હુઝુર ! જહાંપનાહ આપના ઉપર ઘણાજ રાજી થવા ઉપરાંત રાજ્યના વડા બનાવવાને તૈયાર છે."

"આપ ફરમાવો તો ખરા !!"

"ખાસ હુઝુર જહાંપનાહના હુકમ અનુસારજ અમે બંને જણા આવેલા છીએ, અને જો એમ કહીએ કે

હુઝુર જહાંપનાહેજ અમોને મોકલ્યા છે તો તે પણ સત્યજ કહેવાશે. ”

“ નામદાર જહાંપનાહે આપને મારી પાસે મોકલ્યા છે તે જહાંપનાહની મોહટી મહેરબાની છે, અગર જહાંપનાહને મારા જીવની દરકાર હશે તો તે પણ હાજર કરવાને તૈયાર છું.”

“ શું ખરેખર ? ” મીરઝા મેહમુદે કહ્યું “આપ નામદાર જહાંપનાહના માટે જીવ આપવા તૈયાર છો ? ”

“ ખુશીની સાથે. ” અલીકુલીખાન છાતી ઉપર હાથ મુકતાં બોલ્યો “ જહાંપનાહનું નીમક ખાઉછું તો તે હલાલ કરવા માટે જાન અને માલથી તૈયાર છું. ”

“ ત્યારે સાંભળો. પોતાના બોલ ઉપર કાયમ રહેજો. ” કુત્બુદ્દીનને ધડકતી છાતીએ કહ્યું, “ નામદાર જહાંપનાહ નાહનપણથી મહેરન્નીસા બેગમ ઉપર આશક થએલા છે. અને નાહનપણમાંજ જે પ્યારે જન્મ લીધો હતો તે અત્યાર સુધી તેવોજ આબાદ છે તેથી...”

“તેથી શું ?” અલીકુલીખાન અજાયબી અને ગુસ્સાથી પોકાર્યો.

“ આપ નામદાર જહાંપનાહ પ્રત્યે પ્રેમ રાખોછો, જાનમાલ અર્પણ કરવા તૈયાર છો; માટે મહેરન્નીસાબેગમને તલાક આપો. ”

“ ચુપ થઈ જાઓ. ” અલીકુલીખાન બોલ્યો “ હું કાંઇ દઇયુસ નથી, કે આપ લોકો મારા મકાન ઉપર પધારી મોંહઢા ઉપર આવું બોલોછો. ”

“ ખાનસાહેબ ! આમાં કાંઈ ખોટું માનવું ન જોઇએ.” મીરઝામેહમુદ બોલ્યો “ નામદાર જહાંપનાહની એવીજ ઇચ્છા છે, કે આપ મહેરન્નીસાને તલાક આપો. ”

"એ કદીએ નહીં બને."

"આપ તો નામદાર જહાંપનાહ ઉપર જીવ આપવા તૈયાર છો અને ફરી આટલી વાતનોશામાટે ઇનકારકરો છો?"

"જીવ આપવો જુદી વાત છે, અને પોતાની પ્યારી પરણેતરને આપવી જુદી વાત છે."

"પણ ખાનસાહેબ! એમાં શું થયું? આપણા મઝહબમાં તલાક આપવી દુરૂસ્ત છે." મીરઝા મેહમુદે કહ્યું "તો ફરી આપ તલાકથી શામાટે ઇનકાર કરોછો?"

"કોણ કહેછે કે મઝહબમાં જાણી જોઇને, વગર વાંકે:તલાક આપવી દુરૂસ્ત છે." અલીકુલીખાન ગુસ્સાથી બોલ્યો "તલાક આપવા માટે કંઈ કંઈ વાતોની જરૂર છે તે તમે જાણતા નથી, તેથી આવું બકી રહ્યા છો, અને મઝહબમાં દુરસ્ત બતાવોછો"

"ખેર! દુરૂસ્ત હોય કે ન હોય પણ" કુતબુદદીને કહ્યું "નામદાર જહાંપનાહના લીધે આપને તલાક આપવી પડશે."

"આ જીંદગીમાં તો પ્યારી મહેરૂન્નીસા મારાથી જુદી થઇ શકતી નથી, પણ મરી ગયા બાદની ખબર નથી."

"ખાનસાહેબ! નકામી હઠ કરી જહાંપનાહની ઇતરાજીમાં ન આવો તો સારૂં!"

"અને જો ઇનકાર કરીને જહાંપનાહની ઇતરાજીમાં આવીશ તો તેઓ શું કરશે?" અલીકુલીખાન છેક મીઝાજ ખોઈ દેતાં બોલ્યો.

"મહેરૂન્નીસાને જબરાઇથી છીનવી લેશે?"

"જબરાઇથી છીનવાનો સ્વાદ પણ ચાખશે!"

"એટલે?"

"જીવથી મારી નાંખીશ."

"કોને?"

"તમને તથા તમારા શહેનશાહને."

"તારી શી તાકાત?"

"એમ?"

"હા એમ."

"ઉભા રહો. ત્યારે પેહલાં તમે તો સ્વાદ ચાખો" આટલું બોલી અલીકુલીખાને તલવારના એકજ વારમાં કુતબુદ્દીનનું માથું ધડથી ઉડાવી દીધું. આ જોઇ મીરઝા મેહમુદના હોશ ઉડી ગયા અને તરતજ તલવાર પકડી હુશીયાર થઇ ગયો. અલીકુલીખાન કુતબુદ્દીનનું કામ તમામ કરી મહેલમાં જવા માટે ઉઠયો એટલે મીરઝા મેહમુદે અંદર જતો અટકાવીને પુછ્યું—

"ઉભા રહો! અંદર કયાં જાવ છો, પહેલાં કરેલાં ખુનનો જવાબ તો આપો!"

"પેહલાં મહેરૂન્નીસાનું કામ તમામ કરી લઉં. ફરી તમને પણ તમારી બદમાશીનો સ્વાદ ચખાડું છું,"

મીરઝા મેહમુદે આટલું સાંભળતાંજ અલીકુલીખાનના ઉપર તલવારનો એક મજબુત વાર કર્યો. જેથી તેનાં આંતરડાં નીકળી પડયાં અને તે ધબ દઇને ભોંય ઉપર પડવા ચાહતોજ હતો, કે અલીકુલીખાને પડતાં પડતાં પોતાના જોરાવર હાથે પુરા જોરથી મીરઝા મેહમુદનાં ગળાં ઉપર તલવાર મારી એટલે મીરઝા મેહમુદનું માથું ધડથી જુદું થઇ ગયું અને પડ તરફડીઆં ખાવા લાગ્યું. આ તરફ અલીકુલીખાનને કારી જખમ લાગેલા હોવાથી તેણે દસેક મિનિટ તરફડીઆં ખાઇ જીવ આપ્યો, અને પેલી તરફ મીરઝા મેહમુદ પણ મરી ગયો. જોતજોતામાં એક મહેરૂન્નીસાના માટે પહાડ જેવા ત્રણ માણસો મોતના જાલેમ પંજામાં સપડાઇ પડ્યા. દીવાનખાનામાં લોહીની

નદી વહી રહી હતી અને ત્રણે મડદાં પડ્યાં હતાં એટલામાં આ હાલત એક ખીદમતગારે જોઈ લીધી અને મહેરઉન્નીસાને ખબર આપતાં હાહાકાર વર્તાઇ રહ્યો. ટુંકમાં એટલુંજ કે, જોતજોતાંમાં આખા શહેરમાં આ ત્રણ ખુનોની ખબર ફેલાઇ અને જ્યારે નામદાર જહાંપનાહ જહાંગીરના કાન ઉપર આ વાત પોંહચી ત્યારે તે એક હાયકારો ખેંચી ચુપ થઇ ગયો અને તે વખતે તેણે શાહઝાદગીના ઝમાનામાં જોએલું સ્વપ્નું યાદ આવી જવાથી બેચેન બની અજાયબીમાં ગરકાવ થઇ ગયો.

બાબ તેરમો.

મેં ન માનુંગી ન માનુંગી કભી બાત તેરી
મુઝે હરગિઝ નહીં મનઝુર મુલાકાત તેરી

અલીકુલીખાનના ગુજર્યાને ૭ મહીના વીતી ગયા એટલે એક દીવસે જહાંગીરની તરફથી એક સ્ત્રી મહેરૂન્નીસાની પાસે પેગામ લઇને આવી, અને જ્યારે જહાંગીરનો પેગામ મહેરૂન્નીસાને સંભળાવ્યો ત્યારે તેણીએ આંખમાં આંસુઓ લાવી કહ્યું—

"અલીકુલીખાન જેવા વફાદાર શવ્હરને ગુમાવ્યા બાદ બીજાથી નિકાહ કરવી વ્યાજબી નથી. માટે તમે મારા તરફથી જહાંપનાહની હુઝુરમાં અરજ કરજો, કે જે કાંઈ મારા કીસમતમાં લખ્યું હતું તે બધું તો થયું, પણ હવે મારા જેવી વિધવા ઉપર દયા લાવી મને મારી હાલત ઉપર મુકી દો, અને આવી વાતો કહી મરનારના આત્માને દુઃખી ન કરો."

"શાહબાશ છે, શવહરની શયદા બીબીઓ આપના જેવીજ હોયછે." પેગામ લાવનારી સ્ત્રીએ મહેરૂન્નીસાની તારીફ કરતાં કહ્યું, "પોતાના મરહુમ શવહરના લીધે શહેનશાહના પેગામનો ઇન્કાર કરવો તે આપનુંજ કામ છે પણ બેગમ! સમય પ્રમાણે વર્તવું જોઇએ, માટે મારા કહ્યા પ્રમાણે શાહના પેગામને કબુલ કરી લ્યો."

"નહીં, એવું કદી નહીં થાય."

"પણ શામાટે?"

"હું તમારા શહેનશાહને ખુની સમજુંછું, માટે એવું કદી નહીં થાય."

"આપ શહેનશાહને ખુની શા ઉપરથી સમજોછો ?"

"શાહ ખુની છે એ વાત તો ઉઘાડીજ છે."

"નહીં, આપ ભુલોછો."

"કદી નહીં" મહેરૂન્નીસા બોલી "શું તેણે મારા શવહરનું ખુન કરાવ્યું નથી ? શું તેના સબબેજ બીજા બે માણસો મર્યા નથી ? અબુલફઝલને કતલ કરાવવાનું તોહમત તમારા શાહ ઉપર નથી ?"

"નહીં, બેગમ ! આપને કોઇએ ઉંધું સમજાવેલું છે," પેગામ લાવનારી સ્ત્રીએ જહાંગીર ઉપર લગાવેલાં તોહમતો દુર કરતાં કહ્યું, "અબુલફઝલને કતલ કરાવવાનો આરોપ શહેનશાહ ઉપર મુકવો તે ગોયા ઇન્સાફનું ખુન કરવા બરાબર છે, કેમકે અબુલફઝલને તો મીરઝા મેહમુદ નામના માણસના ભરમાવ્યાથી બુંદેલખંડના નાદાન રાજા નરસીંગદેવે માન મરતબાના લોભમાં લપટાઇ કતલ કર્યો છે, અને આ વાતની જ્યારે તેમને ખબર પડી ત્યારે તેઓને એટલો બધો સદમો થયો કે તેઓ બેહોશ થઇને પડી ગયા: અને નરસીંગદેવને તેના કર્મે પોંહચાડવા જવા સારૂ તૈયાર થઇ ગયા હતા. આપના શવહરના ખુનનું આપ કહેો છો તો તેમાં પણ આપની ગેરસમજ થએલી લાગેછે; કેમકે આપના શવહરે પહેલાં શાહના દુધભાઇ કુતબુદ્દીનને મારી નાંખ્યો અને તે બાદ મીરઝા મેહમુદને મારવા ચાહતાજ હતા, કે તેણે આપના શવહર ઉપર તલવાર ઉગામી, આવી રીતે એકમેક ઉપર તલવારના વાર થવાથી એકી વખતે એક બીજાના હાથથી બંને મરી ગયા. કહો, એમાં શાહનો શો વાંક? જાણ્યામાં કોઇએ આપને ભરમાવેલાં લાગેછે!!!"

"ખેર! ખુન ગમેતેવી રીતે થયાં પણ શાહની ઇચ્છાઓ પુરી કરવાના માટે થયાં ખરાંને ?" મહેરૂન્નીસા-

એ કહ્યું " તેથી હું, આવી ઇચ્છાઓનેઆધિન બનેલા શાહને ધિક્કારૂંછું."

" બેગમ ! કાંઇક વિચારો અને જુઓ કે તેની ઇચ્છાઓ મારે નહી પણ આપના ઇશ્કના પ્રતાપે થયા છે. "

" પણ પારકી સ્ત્રી ઉપર નજર કરવી હરામ છે."

" પરંતુ ઇશકમાં બધું હલાલ છે."

" હું તો જહાંગીરને ખુની સમજુંછું તેથી ખુદા ન કરે કે હું તેની બનીને રહું."

" બેગમ ! આટલો બધો ખુલાસો કર્યો છતાં પણ આપ તેને શા ઉપરથી ખુની કહોછો ? "

" બસ મારી મરજી. "

" એવી મરજી ને હોય ? " પેગામ લાવનારી સ્ત્રી બોલી " જહાંગીર આપના શહેનશાહ છે માટે તેમના સવાલને રદ ન કરવો જોઇએ."

" તે ગમે તે ન હોય !! મારે શું ? મારે આવી વાતો સાંભળવી નથી માટે મહેરબાની કરી ચુપ થાઓ."

" બેગમ ! મારી વાત માની લ્યો."

" કેવી રીતે માનું ? મારા શવહરનો મનહર ચેહરો મારી નજરો સન્મુખ ફરેછે. "

" એ તો નાહકની ભ્રમણા છે."

" તેની યાદ જીંદગીસુધી તાજીજ રહેશે. "

" ભુલાવવા સારૂ બીજું લગન કરી લ્યો, મઝહબમાં બીજો નિકાહ દુરૂસ્ત છે. "

" તમે નકામી હઠ કરોછો, મારે બીજું લગન કરવું નથી."

" શું નહીંજ કરો ? "

" ના, ના."

" શાહના પેગામને પાછું ન ફેરવો. "

"મને મારા શવહર કરતાં સરસ શવહર બતાવો તો નિકાહ કરી લઉં."

"લગાર ઇન્સાફથી જોશો તો જણાઈ આવશે કે, આપના મરહુમ શવહર કરતાં શાહ હજાર દરજ્જે વધારે સારા છે."

"તમે સારા સમજતા હશો!"

"નહીં, બધી દુનિયા સમજે છે અને આપનું દિલ પણ સમજતું હશે."

"નહીં."

"જુઓ ત્યારે હું બતાવું" પેગામ લાવનારી સ્ત્રીએ અલીકુલીખાન અને જહાંગીરનો મુકાબલો કરતાં કહ્યું, "રંગરૂપ અને મોહકતામાં શાહ આપના શવહરથી સુંદર છે, પૈસા ટકા અને માલ મિલકતમાં ચઢીયાતા છે, શુરવિરતામાં આપના શવહરથી ઉતરે તેવા નથી, આપના ઇશ્કમાં સાબિત કદમ રહ્યા છે, પોતાના ઇરાદાના પાકા છે, નીચ ઇચ્છાઓથી દુર છે."

"જવા દો, અત્યારે મારી તબીયતનું ઠેકાણું નથી, માટે આ વાતો જવા દો."

"ત્યારે શું આપ લગાર પણ આશા નહીં બંધાવો?"

"ના."

"ત્યારે શું ખુની બનવા ચાહો છો?"

"તે કેવી રીતે?"

"શહેનશાહ આપની જુદાઈમાં મરી જશે."

"મર્યા!" મહેરુન્નીસા બોલી.

કોન મરતા હે કિસીકે વાસ્તે
હેં યે સારે જીતેજીકે વાસ્તે"

" શહેનશાહ એવા નથી તેઓ તો આપના ઇશ્કમાં દીવાના બની રહ્યા છે."

" બધી દુનિયા પોતાના મતલબમાં પુરી છે."

સરાસર ખલાયક એ મરદો એઝન
હમા તાલિબે મતલબો ખીશતન "

" તો ફરી આપ પણ દુનિયામાંજ છોને ?"

" બહેન ! તમારા પટપટારાને બંધ કરો, કેમકે મારા તરફથી સાફ જવાબ આજ છે, કે હું તમારા શાહના પેગામને મંજુર કરતી નથી."

" બેગમ ! પસ્તાશો."

" હશે, જેવું મારૂં કીસ્મત."

હરચે નસીબસ્ત બહમ મી રસદ
ગર ન સતાની બ સિતમ મી રસદ

બાબ ચૌદમો.

લાયે ઉસ બુતકો ઇલતિજા કરકે
કુફ્ર તોડા ખુદા ખુદા કરકે

મહેરુન્નીસાના આવા નિરાશા ભરેલાં જવાબથી જોકે જહાંગીર નિરાશ થઈ ગયો, તોપણ તેણે પોતાની કોશીશો જારી રાખી અને છેવટની કોશીશ તરીકે પોતાની માને સમજાવી મહેરુન્નીસાને પોતાની માની મુસાહિબતમાં રખાવી દીધી અને થોડા દીવસ સુધી ચુપકીદી પકડીને બેસી રહ્યો. ફરી ધીમે ધીમે મહેરુન્નીસાના દિલમાં જગ્યા કરવા લાગ્યો અને તેમાં પુરેપુરો ફતેહમંદ પણ થયો એટલે મહેરુન્નીસા, મહેરુન્નીસા નામ તજી નુરમેહેલ બની અને નુરમહેલમાંથી નુરજહાં બનીને શહેનશાહ નુરુદ્દીન જહાંગીરના તનમનની માલેક બની ગઈ. નુરજહાં જેવી નાહનપણની માશુકા પ્રાપ્ત થવાથી જહાંગીર રાત દીવસ અમનચેનમાં રહેવા લાગ્યો. તેણે તો દારુનું નામ રામરંગી રાખી રાત દીવસ તેનાજ નીશામાં ચકચુર બની બેગમનો ગુલામ બની ગયો. નુરજહાં બાહોશ બેગમ હોવાથી તેણીએ આખા રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી. તેથી ઘણી વખતે જહાંગીર કહેતો હતો કે, "અમોએ તો બે શરાબના પ્યાલા અને સીખકબાબ ઉપર આખું રાજ્ય બેગમને વેચી નાંખ્યું છે માટે જે કાંઈ કહેવું હોય તે બેગમને કહો" અશરફી રૂપીઆ અને બીજા સીકાઓ ઉપર નીચેની છાપ પડતી હતી.

"બ હુકમે શાહે જહાંગીર યાફ્તસદ ઝેવર
બ નામે નુરેજહાં બાદશાહ બેગમ ઝર"

તથા રાજ્યની શાહીમોહોર નીચે પ્રમાણે બનાવી હતી.

" નુરેજહાં ગસ્ત બ ફઝલે ઇલાહ
હમદમો હમરાઝ 'જહાંગીર શાહ "

નુરજહાંના બેગમ બનતાંજ તેના પિતા મીરઝા ગયાસ માદુદદવલાનો ખેતાબ પામ્યા. રાજ્યનો વડો વઝીર અને ભાઇ આસિફ્જાહનો ખેતાબ મેળવી દરબારનો માલેક બની ગયો. પોતે નુરજહાં મહેલની બારીમાં બેસી હુકમ એહકામ જારી કરતી હતી. અને બધા મનસબદાર અરજ-દાર તથા અમીર ઉમરાવો પોતપોતાની અરજીઓ પેશ કરતા હતા. બાદશાહની હાલત એવી થઇ ગઇ હતી, કે બેગમ એક પળ માટે પણ જુદી થતી તો બેચેન બની જતો હતો; અને જો દરબારમાં બેસતો તો તખતની પછવાડે પરદાની અંદર બેગમને બેસાડતો હતો. ટુંકમાં એટલુંજ કે જહાંગીરની આંખોમાં નુરજહાંનોજ જલવો હતો અને નુરજહાંવિના તેની જીંદગી અંધકાર સમાન ભાસ્તી હતી. જહાંગીરના મહેલમાં રાજા માનસીંગની બહેન અને જોધપુરના મહારાજાની અને બીજી હીંદુ મુસલમાન બેગમો તથા રાણીઓ હતી પરંતુ નુરજહાંએ બધીઓનું માન ઘટાડી દીધું હતું.

જહાંગીરના સઘળા દીકરાઓમાં વચલો દીકરો ખુરમ જે આગળ ઉપર શાહજહાં નામ ધારણ કરી તખત ઉપર બેઠો તે નાહનપણુથીજ બાહોશ અને હુશીયાર દેખાતો હોવાથી નુરજહાંના ભાઇ આસિફજાહે પોતાની દીકરીનું લગ્ન તેની સાથે કરી આપ્યું હતું. અલીકુલીખાનના પેટથી નુરજહાંને પણ એક દીકરી હતી જેનું લગ્ન તેણીએ જહાં-ગીરના નાહના બેટા શેહરીયારની સાથે કરેલું હોવાથી તેણી રાજ્યપાટનો માલેક પણ શેહરીયારનેજ બનાવવા

ચાહતી હતી, અને તેજ સમઅસર આસિફજાહ તથા નુર-જહાંમાં દુસ્મનીનાં બી વવાયાં હતાં. વળી અધુરામાં પુરૂં તેણીએ જહાંગીરને ખુરરમની તરફથી એવો ભરમાવી દીધો કે જહાંગીરે ખુરરમની જાગીર જપ્ત કરીને શેહર-યારને આપી દીધી. તથા બંને બાપ દીકરામાં સારી પેઠે લડાઇ થઇ. આ લડાઇઓમાં જહાંગીરની તરફથી મહાબત-ખાને સારી પેઠે શુરવિરતા બતાવી હતી. અને તેજ શુર-વિરતાના સબબે તે મગરૂર બની ગયો ,હતો. તથા નુર-જહાં અને આસિફજાહને કાંઇ પણ હીસાબમાં ગણતો નહોતો, પરંતુ આખો દરબાર નુરજહાંના હાથમાં હોવાથી તેણીએ ઉલટા સીધા એહકામો મોકલ્યા, અને છેવટે હિસાબ કિતાબ સમજાવવા માટે દરબારમાં હાજર થવાનો મહાબતખાનને હુકમ મોકલ્યો. આ હુકમ મળવાથી મહા-બતખાન ઘણો લાચાર બની દરબારમાં આવ્યો પરંતુ એક હજાર શુરવિર રજપુતોનું લશ્કર પોતાની સાથે રાખ્યું હતું, જે વખતે મહાબતખાન દરબારમાં હાજર થયો તે વખતે જહાંગીર કાબુલ જવા માટે ઝેલમ નદીના કિનારે પડાવ નાંખીને ઉતર્યો હતો. જ્યારે મહાબતખાનના આ-વવાની ખબર જહાંગીરને પડી ત્યારે તેણે હુકમ કર્યો કે, જ્યાંસુધી મહાબતખાન સઘળો હિસાબ કિતાબ આસિફ-જાહને નહીં સમજાવે ત્યાંસુધી તેને; દરબાર તથા મુજરો બંધ. આ સાંભળી મહાબતખાનને ઘણુંજ દુઃખ લાગ્યું, તેથી તેણે તે દીવસ તો ગમે તેમ કરી ગાળ્યો. બીજા દીવસે તેણે જોયું કે આસિફજાહ તથા બીજું બધું લશ્કર નદીને પેલે પાર ઉતરી ગયું છે અને બાદશાહ પોતાના કેટલાક નોકરો અને બેગમની સાથે આ પાર રહી ગયા છે. આ જોઈ મહાબતખાને ઘણીજ હુશીયારી અને ચપળતાથી

નદી ઉપર બાંધેલા પૂલો તોડી નાંખી કિનારાઉપર પોતાના પેહરા બેસાડી દીધા અને પોતે ઘોડા ઉપર સવાર થઇ શાહીતંબુની બહાર આવીને ઉભો રહ્યો. જનાનખાનામાં આ વાતની ખબર પડતાંજ શોરબકોર થઈ ગયો તેથી જહાંગીર પોતે તંબુમાંથી બહાર નીકળી આવ્યો. મહાબતખાન ઘોડા ઉપરથી ઉતરી પડ્યો અને શાહના પગો ઉપર પડી ગયો. એટલે જહાંગીરે કહ્યું "મહાબતખાન! તું શું કહેવા ચાહે છે?" મહાબતખાને અરજ કરી "દુશ્મનોના પંજામાંથી છટકીને જહાંપનાહના આશરા તળે આવ્યો છું." આટલું કહી જહાંગીરને શાહી પાલખીમાં સવાર કરાવી અને પાલખીને પોતાના ખભા ઉપર ઉંચકાવી પોતાના તંબુમાં લાવ્યો જ્યાં દરબાર ભરીને નજરાણું કર્યું. પોતાના દીકરાઓને સેવામાં હાજર કરી નજરાણું અપાવ્યું. તે વખતે તેને વિચાર આવ્યો કે શાહ તો આવી ગયા; પરંતુ બેગમને લાવવી ભુલી ગયો, તેથી ફરી શાહને સવાર કરાવી શાહીતંબુ આગળ લાવ્યો, પણ એટલીવારમાં નુરજહાં નદીની પાર ઉતરી ગઈ હતી. તેથી લાચાર બની શેહરિયારને પકડવા અર્થે તેના ઉતારાપર આવ્યો અને ત્યાંજ શાહને પણ ઉતાર્યા.

નુરજહાંએ નદીને પેલે પાર ઉતરી બધા સરદારોતથા પોતાના ભાઈની સાથે મસલત ચલાવી અને બધા લશકરીઓને તૈયાર રહેવાનો હુકમ આપ્યો. આ તરફ જહાંગીરને નુરજહાં યાદ આવી, તેથી ઘણા સંદેશાઓ મોકલ્યા અને લડાઇ ન કરવા માટે બહુએ સમજાવી પરંતુ બેગમે એક પણ વાત માન્ય ન રાખતાં લડાઇની તૈયારી કરી દીધી. પેહલા દીવસે એક સરદાર ફોજ લઇને આ પાર આવ્યો; પરંતુ હાર ખાઇને પાછો ગયો. બીજે દીવસે નુરજહાં પોતે શેહરિયારની નાહની દીકરીને ગોદમાં બેસાડી હાથીની અંબાડીમાં બેઠી અને આગળ પાછળ કેટલાક

ખ્વાજાસરાઓને રાખી સહુથી પેહલાં પોતાના હાથીને નદીમાં ઉતાર્યો, અને તે બાદ આખી ફોજને આ પાર લાવી લડાઇનું મેદાન ગરમ કર્યું. ઘણી વાર સુધી લડાઇ ચાલી તેમાં હજારો માણસ માર્યા ગયાં અને શેહરિયારની દીકરી જખ્મી થઇ. પોતે નુરજહાંએ સેંકડો તીર છોડયાં પણ છેવટે નિરાશ બની શેહરિયારની નાહની દીકરીનો જખ્મ કપડાવતી બાંધતી પેલે પાર ફરી ગઇ.

આ તરફ મહાબતખાન શાહના ફેરા કરી મેહરબાન થઇ રહ્યો હતો, પરંતુ શાહને પ્રથમની પેઠેજ નજરકેદ રાખ્યા હતા અને જે કાંઇ ચાહતો હતો તે લખાવી લેતો હતો. આખરે બે ત્રણ દીવસ બાદ કેટલાક ફેલકરર કરીને બેગમને બોલાવી, પણ જુદા તંબુમાં ઉતારો આપી કેદ કરી લીધી; અને બાદશાહની પાસેથી જબરાઇથી કતલનો હુકમ લખાવી લીધો. તે બાદ ખ્વાજાસરાને બોલાવી તેની મારફતે બેગમને મોતનો હુકમ સંભળાવ્યો. મોતનો હુકમ સાંભળતાંજ બેગમનાં હાજાં ગગડી ગયાં, પરંતુ પોતે મહા ચતુર હોવાથી ચેહરા ઉપર ઉદાસી ન બતલાવતાં બોલી, " જો મારા માલેકની એવીજ ઇચ્છા છે તો હું મરવા માટે ખુશીના સાથે તયાર છું, પરંતુ આખરી વખતે તેનાં દર્શન કરવાની મેહરબાની કરો" મહાબતખાને ઘણી મુસ્કેલીથી આ વાત માન્ય રાખતાં કહ્યું, " પરંતુ આ મુલાકાત મારી રૂબરૂ થાય." નુરજહાંએ આ વાત કબુલ રાખી અને કેદીની અવસ્થામાં સોનાની હાથકડીઓ પેહરી શાહની સામે આવીને ઉભી રહી. તે વખતે તેના ચેહરા ઉપર ઉદાસી નિરાશા વરસી રહી હતી., અને તે એવી રીતે ઉભી રહી. કે તેણીને જોતાંજ જહાંગીરનું મન પીગળી ગયું, આંખોમાંથી આંસુઓ જારી થઇ ગયાં; તેથી મહાબતખાનની ખુશામદ અને આજીજી કરી મોતનો હુકમ પાછો ફેરવી લીધો અને તેજ દીવસે કાબુલ તરફ કુચ કરી દીધો.

બાબ પંદરમો.

ન દારા રહા ઓર ન ગોરે સિકન્દર
મિટે નામીયોં કે નશાં કયસે કયસે

કાબુલમાં પોહચીને નુરજહાંએ મહાબતખાનના જુલમનો સારી પેઠ બદલો લીધો. મહાબતખાનની રજપુત ફોજ અને શાહી ફોજમાં એક દિવસે કેઇ વાત ઉપર તલવાર ચાલી એટલે બંને સારી પેઠે કાપાકાપી થઇ. રજપુત સીપાહીઓ જો કે ઘણા શુરવિર અને મહાબતખાનના એક અણુશારા ઉપર જાન કુરબાન કરી નાંખે તેવા હતા, છતાં કાબુલ દેશમાં રજપુતોનું કંઇ ચાલ્યું નહીં, તેમનો મોહટો ભાગ કપાઇ મુઓ અને બાકી કેટલાક નહાસી ગયા અને કેટલાક પહાડોમાં ભુલા પડી ભુખમરો વેઠીને મરી ગયા. તે બાદ નુરજહાં અને જહાંગીરે એક લાંબા સમય સુધી અયશ અશરતમાં જીંદગી બસર કરી. પરંતુ નુરજહાંને જે દીવસની બીક હતી, તે દીવસ આવી પહોંચ્યો.

જહાંગીર હવાફેરના માટે કાસ્મીર ગયો, જ્યાં ઠંડીના સબબે દમની જુની બીમારીએ જોર પકડ્યું, તેથી તે રાજ્યધાની તરફ પાછો ફર્યો, પણ મારગલા મુકામ આગળ પહોંચતાં પહોંચતાં માત્ર ત્રણ દીવસ સખત બીમાર રહી આ જહાનેફાનીથી હમેશાના માટે કુચ કરી ગયો.

" જહાંગીર અઝ જહાં રફ્ત "

નુરજહાંની જહાંદારીનો દીવસ બેનુર થઇ ગયો. શવહરના સ્વર્ગવાસ ઉપર ચોધાર આંસુએ રડી પીટી, વાળો

પીખી નાખ્યા, પરંતુ જે દીવસની બીક હતી તે તો આવી પહોંચ્યો હતો. તરતજ આસિફજાહને બોલાવ્યો, અને શેહરિયારને ગાદી ઉપર બેસાડવાની ભલામણ કરી, પણ આસિફજાહ પોતે પોતાના જમાઇના માટે કોશીશ કરી સલતનત પોતાના કબજામાં કરવાની પયરવી કરી રહેલો હોવાથી તેણે બંનેને તરતજ નજરકેદ કરી લીધી, અને એકાંતમાં રાખી ખાસ ખાસ નોકરો સિવાય બધાની આવક જાવકની મનાઇ કરી. નુરજહાંએ નજરકેદ બનીને પણ ઘણાં ફાંફાં માર્યાં પરંતુ કંઇ ચાલ્યું નહીં; તેથી યા નસીબ! કહીને બેસી રહી.

આસિફજાહનો જમાઇ શાહજાદો ખુરરમ શાહજહાં નામ ધારણ કરી હિંદના તખત ઉપર બેઠો, અને તેણે પોતાની દર્યાદિલીથી નુરજહાંને વાર્ષિક પચીસ લાખ રૂપીઆના આવકની જાગીર આપી; અને દરેક વાતમાં માન મરતબો કાયમ રાખી કોઇપણ વાતનું દુઃખ ન પોંહચે તેની બધી કાળજી રાખતો હતો. પરંતુ રંગીલા શવહરના મર્ણથી નુરજહાંની આંખોમાં જગત અંધકાર લાગતું હતું, રંગીલા શવહરના સ્વર્ગવાસ પછી રંગ બેરંગી પોશાક પહેરવો તજી દીધો હતો અને ખાવા પીવા, હરવા ફરવા તથા લિબાસ વીગેરેમાં પણ તદન સાદગી ધારણ કરી હતી. છેવટે જહાંગીરની યાદમાં બાર વરસ સુધી રૂદન કરી આ ફાનીજહાનનો ત્યાગ કરે. અને લાહોરની પાસે જહાંગીરના મકબરાના પેહલુમાં દફન થઇ. અફસોસ! સદ અફસોસ!! આ ફાનીજહાન... એશઅશરત સ્વપ્નાની મીસાલ છે. મારા સ્નેહી મુનશી અમીરૂદદીન ગરીબ હકીમ અલમુતખલ્લસ આરામે કોઇ પ્રખ્યાત શાયરના મીસરા ઉપર કેવો ખેંચાણકારક મીસરો લગાવી ફાનીજહાનના ઝાંઝવા

મિસાલ એશઅશરતનો સીન ખેંચ્યો છે અને ખરેખર આ બે દીવસની દુન્યાનો એવોજ હાલ છે.

વોહ અયશ ઓર વો ઇશરતો આરામો રાહતેં
ખ્વાબો ખ્યાલ હો ગઇ સારી હિકાયતેં

સમાપ્ત.

પોલિટિકલ ભોમીઓ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

મેનેજર
"પોલિટિકલ ભોમીઓ"
અમદાવાદ.